(૧૭૧) અધ્ય.

# નશાબંધી અને આદિવાસીઓ

(ભીલ સેવા મંડળ, દાહોદ અને ગૂજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આયોજિત)

૧૧

૨૩-૨૪ જુલાઈ, ૧૯૮૩

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૮૩

ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ ૩૮૦ ૦૧૪

નશાબંધી અને આદિવાસીઓ પરિસંવાદ તા.૨૩-૨૪ જુલાઈ ૧૯૮૩

## પરિસંવાદનો કાર્યક્રમ

(પ્રથમ બેઠક)

| | | |
|---|---|---|
| ૨૩-૭-'૮૩ | ૧૪-૦૦ થી ૧૫-૩૦ | - પ્રાર્થના |
| | | - આવકાર |
| | | - પરિચય અને પરિસંવાદની પૂર્વભૂમિકા |
| | | - ઉદ્‌ઘાટકશ્રીનું પ્રવચન |
| | | - પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન |
| | | - આભાર |
| | ૧૫-૩૦ થી ૧૭-૦૦ | - પેપર વાચન અને ચર્ચા |
| | | (બીજી બેઠક) |
| ૨૪-૭-'૮૩ | ૯-૦૦ થી ૧૨-૩૦ | - પેપર વાચન અને ચર્ચા |
| | ૧૨-૩૦ થી ૧૪-૩૦ | - ભોજન અને આરામ |
| | | (ત્રીજી બેઠક) |
| | ૧૪-૩૦ થી ૧૫-૩૦ | - પરિસંવાદના નિષ્કર્ષોની ચર્ચા |
| | | - પૂર્ણાહુતિ સમારંભના પ્રમુખ શ્રી પ્રભુદાસ પટવારીનું સમાપન વ્યાખ્યાન |
| | | - આભાર |

...

ભીલ સેવા

દ્વારા ચં

ભ

તાલીમ ક

ગુજરાત

અ

મહેનાના વ

પ્રમુખ શ્રીમ

પ્રમુખ

કેન્દ્રના નિ

બન્યુ છે.

કરવાનું

જણાવ્

મન

આજે

આપણે

લોકશિક્ષ

દારૂ

ઈજારદ

સંખ્યામા

તેમને

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ ૩૮૦ ૦૧૪

ભીલ સેવા મંડળ, દાહોદ અને ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આયોજિત 'નશાબંધી અને આદિવાસીઓ' અંગેનો પરિસંવાદ તા.૨૩-૨૪ જુલાઈ ૧૯૮૩

## પરિસંવાદની ફલશ્રુતિ

ભીલ સેવા મંડળ, દાહોદ અને ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા 'નશાબંધી અને આદિવાસીઓ' પર તા.૨૩-૨૪ જુલાઈ ૧૯૮૩ના રોજ ગુજરાત વિદ્યાપીઠમાં એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પરિસંવાદનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના નશાબંધી અને નાણાં મંત્રી શ્રી સનતભાઈ મહેતાના વરદ્‌હસ્તે રાખવામાં આવ્યું હતું. પરિસંવાદનું પ્રમુખપદ નશાબંધી મંડળ, ગુજરાત રાજ્યના પ્રમુખ શ્રીમતી જયાબહેન શાહે શોભાવ્યું હતું.

પરિસંવાદની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. શરૂઆતમાં ભીલ સેવા મંડળ, દાહોદના પ્રમુખ શ્રી જાલજીભાઈ ડીંડોડે મુખ્ય મહેમાનનું સ્વાગત કર્યું હતું. પરિસંવાદનો હેતુ સમજાવતાં કેન્દ્રના નિયામક ડૉ. ઠાકોરભાઈ નાયકે કહ્યું હતું કે નશાબંધીએ આદિવાસીઓને પુનર્જીવન બક્ષ્યું છે. તેમની આર્થિક સ્થિતિ સુધરી છે. પરંતુ હજી પણ આપણને સૌને આ દિશામાં ઘણું કરવાનું બાકી રહે છે.

ભીલ સેવા મંડળ, દાહોદના કાર્યકર અને માજી ધારાસભ્ય શ્રી જવસિંહભાઈએ બોલતાં જણાવ્યું કે દારૂબંધીથી આદિવાસીઓની આર્થિક સ્થિતિ સુધરી છે. દારૂબંધી નહોતી તે સમયે લોકો મન ફાવે તેમ દારૂ પીતા. તે સમયે બહેનોની સ્થિતિ પણ કફોડી હતી. દારૂબંધી હોવા છતાં આજે રાજ્યમાં પોલીસ અધિકારીઓ તેમજ મહેસૂલ અને પંચાયત ખાતાના કર્મચારીઓ દારૂ પીએ છે. આપણે દારૂબંધી દાખલ કરી પરંતુ લોકશિક્ષણ આપણે પૂરતા પ્રમાણમાં આપી શક્યા નથી. તો લોકશિક્ષણની દિશામાં આપણે સૌએ કામ કરવું જોઈએ.

શ્રી છગનભાઈ કેદારિયાએ બોલતાં જણાવ્યું હતું કે ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં દારૂબંધી હતી. તેમણે જણાવ્યું હતું કે વડોદરા રાજ્યના સમયમાં અમે મહુવા તાલુકાના પીઠાના ઈજારદાર પાસેથી રાજીનામું લઈ સંપૂર્ણ દારૂબંધી કરી હતી. દારૂબંધી હોવા છતાં ઘણી મોટી સંખ્યામાં પોલીસ ખાતાના માણસો દારૂ પીએ છે, આમ રક્ષક એ જ ભક્ષક છે. જે ગુનો કરે છે તેમને સખ્ત શિક્ષા કરવી જોઈએ.

ભીલ સેવા મંડળના કાર્યકર શ્રી પરથીભાઇએ જણાવ્યું હતું કે ૧૯૩૦થી દારૂબંધી અમલમાં છે. શરૂઆતનો તબક્કો સારો હતો પરંતુ ધીમે ધીમે દારૂબંધી મજબૂત થવાને બદલે ઢીલી થઇ છે. આજે સરકારે લાંબા સમય સુધી મહુડાં રાખવાનો પણ છૂટ આપી દીધી છે.

શ્રી વીરજીભાઇ મુનિયાએ બોલતાં જણાવ્યું હતું કે દારૂ પીનાર, વેચનાર કે ગાળનાર ગમે તે કરે પરંતુ સમાજમાં એવું વાતાવરણ પેદા કરવું જોઇએ કે દારૂબંધી હોય કે ના હોય તો પણ દારૂ પીવાનું બંધ થાય. સામાજિક કાર્યકરો કાયદા દ્વારા નહીં પરંતુ સમજ અને શિક્ષણ દ્વારા આદિવાસીઓને દારૂની બદીમાંથી મુક્ત કરે.

પરિસંવાદના ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાત રાજયના નશાબંધી અને નાણાં ખાતાના મંત્રી શ્રી સનતભાઇ મહેતાએ બોલતાં જણાવ્યું હતું કે નશાબંધીના અમલમાં પોલીસ ખાતાનું વર્તન પહેલાં જેવું છે. નશાબંધીનો અમલ માત્ર સરકાર કે કાયદા દ્વારા થવાનો નથી. આમાં સમગ્ર રાજયના લોકોએ કામ કરવું પડશે. તેમણે જણાવ્યું હતું કે જે જે રાજયોમાં નશાબંધી નથી તેનું કારણ નાણાંકીય સ્થિતિ કહેવાય છે. ભારતનાં મોટા ભાગનાં રાજયો આબકારી જકાતમાંથી નાણાં મેળવવા માટે નશાબંધીનો અમલ પોતાનાં રાજયોમાં કર્યો નથી. ગુજરાત રાજયમાં નાણાંને કારણે નશાબંધી કદી પણ મુક્ત કે હળવી કરવામાં નહીં આવે તેવી તેમણે સ્પષ્ટ શબ્દોમાં ખાત્રી આપી હતી. તેમણે કહયું હતું કે નશાબંધીની નીતિ અને તેના અમલીકરણ અંગે નીમાયેલ મીયાભાઇ પંચે તેમનો અહેવાલ સરકારને સુપ્રત કર્યો છે. મંત્રીશ્રીએ કહયું હતું કે નશાબંધી વિષે તો માત્ર થોડાક સીમા રેખા પરના અને નીતિને રેશનાલાઇઝ કરવાના પ્રશ્નો જ બાકી રહે છે. વળી આદિવાસી વિસ્તારમાં કેટલાક ધર્મસંપ્રદાયના આગેવાનો અને ધર્મગુરુના પ્રચારને કારણે આદિવાસીઓ દારૂની બદીમાંથી મુક્ત થયા છે તે પ્રસંશનીય છે. આવા આગેવાનો અને કામ કરનારાઓને મજબૂત કરવા જોઇએ. સાથો સાથ કયા આદિવાસી વિસ્તારમાં નશાબંધીનું કામ સારું થયું છે અને કયા વિસ્તારમાં નબળું છે તેનું ચિત્ર પણ ઉપસાવવું જોઇએ. આ અંગે સંશોધન કરી હકીકતો મેળવવી જોઇએ. જે નવી પેઢી છે તે દારૂની અસરમાંથી મુક્ત થઇ શકે તે વિષે પણ પરિસંવાદે વિચાર કરવો જોઇએ.

આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રામલાલભાઇ પરીખે બોલતાં જણાવ્યું હતું કે નશાબંધીમાં આપણને રાજયની નીતિનો ટેકો છે. નશામાંથી યુવાન પેઢીને મુક્ત કરવાની વાત પર તેમણે ભાર મૂકયો હતો. તેમણે જણાવ્યુ હતું કે નશાબંધીને લીધે આપણે આર્થિક રીતે

કંઇ ગુમાવ્યુ નથી. તેમણે જણાવ્યું હતું કે આપણે ત્યાં રચનાત્મક સંગઠનો ઘણાં છે પરંતુ તેઓ તળિયા સુધી પહોંચી શકતા નથી. આથી સૌ કાર્યકરોએ તળિયાથી કામ કરવું જોઇએ. આમ તળિયાનું લોકશિક્ષણ અગત્યનુ છે. કેટલાક માનવશાસ્ત્રીઓ સંસ્કૃતિના નામે દારૂને સમર્થન આપે છે પરંતુ સંસ્કૃતિના નામે દારૂનું કદી પણ સમર્થન ન થઇ શકે.

પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રીમતી જયાબહેન શાહે જણાવેલ કે આ બધા પ્રશ્નો સનાતન છે અને તેના પ્રતિભાવો પણ સનાતન છે. નશાબંધી કાર્યકરોએ નશાબંધીના અમલ અંગે પોતાના દિલમાં કોઇપણ પ્રકારનો અંદેશો રાખવો જોઇએ નહીં. તેમણે જણાવ્યુ હતુ કે નશાબંધીની પૂરક નીરા પ્રવૃત્તિને વધારે ને વધારે ઉત્તેજન આપવું જોઇએ. તેમણે જણાવ્યુ હતું કે ગુજરાત રાજયમાં મોટા મોટા કાર્યકરોના તપને લીધે નશાબંધી સફળ થઇ છે. માત્ર સરકારી તંત્ર દ્વારા નશાબંધી સફળ થઇ શકશે નહીં. આપણે સૌએ સામાજિક પાયા પર નશાબંધીનું કામ કરવું જોઇએ. માત્ર ગુજરાતને જ નહીં પરંતુ દેશનાં બીજાં રાજયોને પણ આ બદીમાથી મુક્ત કરવાં જોઇએ. આપણો સહિયારો પ્રયત્ન આપણને આ અંધકારમાથી એક દિવસ જરૂર બહાર લાવશે.

આ પરિસંવાદમાં જુદી જુદી સંસ્થાના સરકારી, બીનસરકારી, નશાબંધી મંડળના કાર્યકરોએ ભાગ લીધો હતો. (પ્રતિનિધિઓના સૂચિ પરિશિષ્ટ-૧માં છે) પરિસંવાદમાં નશાબંધીની સમસ્યા અને અમલ પર કુલ ૧૩ લેખો રજૂ કરવામાં આવ્યા હતા. (લેખોના સૂચિ પરિશિષ્ટ-૨માં છે)

આ પરિસંવાદના ફલશ્રુતિ નીચે મુજબ છે :

૧. નશાબંધી ખાસ કરીને પછાતવર્ગના અને ગરીબ લોકોના માટે આશીર્વાદરૂપ નીવડેલ છે અને તેમની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સ્થિતિ સુધરી છે. જેથી દારૂબંધી કોઇ પણ ભોગે ગુજરાતમાં રહેવી જ જોઇએ એવું સભા માને છે.

૨. ગુજરાતમાં જ્યાં મહુડાંની મોસમ ચાલે છે તેમાં મહુડાં એકઠાં કરવાનો સમય ઘટાડવો જોઇએ. મહુડાં એકઠાં કરીને રાખવાની છૂટની સમયમર્યાદા મેની ૩૧મી સુધી જ રાખવી.

૩. પર્યાવરણની દ્રષ્ટિએ મહુડાં, ટીમરૂનાં વૃક્ષો વધારવા માટે આદિવાસીઓને પ્રોત્સાહન આપવું જોઇએ. પર્યાવરણના ફાયદાની સાથો સાથ મહુડાંના વૃક્ષોમાથી મહુડાં અને ડોળીના આવક થતી હોઇ આદિવાસીઓના અર્થતંત્રનો સુધારો થઇ શકે છે.

૪. રેકેશન પિરિયડ પૂરો થાય તે પછી ઘર વપરાશ અને ઢોરને ખાવાના ગોળ માટે હાલ ૨૦ કિ.ગ્રા. રાખવાની કાયદામાં છૂટ છે તે બરાબર છે.

૫. હાલમાં ગુજરાતમાં સડેલો બિન ઉપયોગી ગોળ અને ગોળની રસી કે જે મુખ્યત્વે દારૂ ગાળવા માટે જ વપરાય છે તે બંધ થવો જોઇએ. અને ગોળ કે રસી વેચનાર વેપારીઓને તેનો પરવાનો આપવો જોઇએ નહીં.

૬. નીરો એ આહારના દૃષ્ટિએ પોષણદાયક પીણું છે. તેને વધુ લાંબો સમય સાચવી રાખવા માટે સંશોધન થવું જોઇએ. એને સાચવી રાખવા માટે અદ્યતન સાધનસામગ્રી નીરા કેન્દ્રોને પૂરી પાડવી જોઇએ. જે વિસ્તારમાં તાડ, ખજૂરી વગેરે વૃક્ષો છે તે વિસ્તારમાં નીરાની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું, જે એમના અર્થતંત્રને મદદરૂપ થઇ પડે.

૭. આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓનો સર્વાંગી વિકાસ કરવામાં નશાબંધી એ એક મહત્વની કામગીરી છે. આ પ્રવૃત્તિ માટે આદિવાસી વિસ્તારમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ ઘણી સારી કામગીરી કરેલી છે. પરંતુ આ સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાંકીય સુવિધાઓ પૂરતા પ્રમાણમાં મળતી ન હોવાને કારણે આ પ્રવૃત્તિને જોઇએ તેટલી વેગવાન બનાવી શકાતી નથી. જેથી પ્રાય:યોજના વહીવટદારશ્રીના હવાલે મૂકાતી બીજરૂપ (ન્યુકલેશ બજેટ) ગ્રાન્ટમાંથી આ પ્રવૃત્તિને વેગવાન બનાવવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓને જરૂરી ગ્રાન્ટ નશાબંધી મંડળ, ગુજરાત રાજ્ય સાથે પરામર્શ કરીને ફાળવવી જોઇએ.

૮. નશાબંધીની કામગીરીને સુદૃઢ બનાવવા માટે સંસ્કારકેન્દ્રો ચલાવવામાં આવે છે. આ સંસ્કારકેન્દ્રો ચલાવવા માટે જે ગ્રાન્ટ મળે છે તે ગ્રાન્ટની સાથે સ્વૈચ્છિક સંસ્થાઓએ લોકફાળો આપવાનો હોય છે. તે ન્યુકલેશ બજેટ અથવા જિલ્લા આયોજન મંડળમાંથી આપવા માટે જોગવાઇ કરવી જોઇએ.

૯. પંચાયતીરાજ પહેલાં સામુહિક વિકાસ ઘટકોમાં સમાજ શિક્ષણ અધિકારીની જગ્યા હતી. કે જેને માત્ર સમાજ શિક્ષણનું કામ કરવાનું હતું. પંચાયતીરાજ આવ્યેથી આ જગ્યાએ વિસ્તરણ અધિકારી શિક્ષણ (કેળવણી નિરીક્ષકમાં) તરીકે ફેરવતાં સમાજ શિક્ષણની કામગીરી કરવાને બદલે હાલ તેઓ વહીવટી કામગીરી કરતા હોય છે. જેથી મહત્વની સમાજ શિક્ષણની કામગીરી સ્થગિત થઇ ગઇ છે. દિન પ્રતિદિન આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે જ્યારે સરકારશ્રીએ નેમ રાખી હોય ત્યારે સમાજ શિક્ષણ અને નશાબંધીની કામગીરી થઇ શકે તે માટે કાર્યકરોની જોગવાઇ કરવી જોઇએ.

૧૦. આદિવાસીઓના કુમળી વયનાં છોકરા-છોકરીઓ શહેરોમાં દારૂબંધી વિરુદ્ધની પ્રવૃત્તિમાં સંડોવાયેલાં જોવા મળે છે. આવા કુમળી વયનાં છોકરાને આવી પ્રવૃત્તિમાંથી ઉગારવાની સમગ્ર સમાજની અને સરકારશ્રીની ફરજ છે. આવી પ્રવૃત્તિ ચલાવના ભાઈ બહેનોનો સંપર્ક સાધી તેમને કામ અર્થે લગાડવા જોઈએ. આપણી પાસે આવું કોઈ તંત્ર ન હોય તો તાલુકા અને જિલ્લા કક્ષાએ આવું તંત્ર ઊભું કરવું જોઈએ.

૧૧. યુવાન ભાઈ બહેનો આવી દારૂબંધી વિરુદ્ધની પ્રવૃત્તિઓમાં ફસાય નહીં તે માટે દારૂબંધીના જે લાભો છે અને દારૂબંધી ન હોવાને કારણે વ્યક્તિ અને સમાજને કેટલું નુકસાન થઈ રહ્યું છે તેનો ખ્યાલ આવે અને દારૂબંધીને ઉત્તેજન મળે તે હેતુથી ફિલ્મ, નાટક, વક્તૃત્વ સ્પર્ધાઓ, નિબંધ લેખન જેવી પ્રવૃત્તિઓ મારફતે દારૂબંધીની પ્રવૃત્તિને ઉત્તેજન આપવું જોઈએ.

૧૨. નવી પેઢી મદ્યની તરફ આકર્ષાય નહીં તે માટે શિક્ષણ સંસ્થાઓ, સામાજિક કાર્યકરો, વિદ્યાપીઠો અને સરકારે સંકલિત પ્રયત્નો કરવા જરૂરી છે.

૧૩. આદિવાસીઓની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધરે તે માટે જુદા જુદા પંથોના સ્થાપકો, સંપ્રદાયોના ધર્મગુરુઓ અને ભગતો કે જેઓ નશાબંધી અને સમાજ સુધારણાનું કામ કરે છે તેઓને શોધીને તેમનું જાહેરમાં બહુમાન કરવું જોઈએ. અને જ્યાં આવી બદી હોય ત્યાં કામ કરવા માટે તેઓને પ્રોત્સાહિત કરવા જોઈએ.

૧૪. દારૂબંધીનો અમલ માત્ર કાયદા કે સરકારી તંત્ર દ્વારા કરવો મુશ્કેલ છે. જેથી સરકારશ્રીએ અને સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સામાજિક કાર્યકરોની સાથે રહીને આ કામને વધુ અસરકારક બનાવવા પગલાં ભરવાં જોઈએ.

૧૫. કેટલાક વિસ્તારોમાં નશાબંધીનું કામ સારું થયું છે અને જ્યારે કેટલાક વિસ્તારોમાં નબળું છે. જ્યાં સારું થયું છે અને જ્યાં નબળું છે તે પાછળ કયાં કારણો રહેલાં છે તે જાણવા માટે તે વિસ્તારોનું સંશોધન કામ ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રએ ઉપાડી લેવું જોઈએ. સાથો સાથ બીજાં રાજ્યોની અને ગુજરાતની આબકારી આવક અને અન્ય આવકનો તુલનાત્મક અભ્યાસ થવો જોઈએ. જેથી ખબર તો પડી શકે કે તે માત્ર નાણાંને કારણે દારૂબંધી દૂર કરવી જરૂરી નથી.

૧૬. દારૂબંધીના કાયદામાં જે ઊણપો છે તે દૂર કરવી જોઈએ અને દારૂબંધીના કડક અમલ માટે પ્રબળ પગલાં લેવાં જોઈએ. દારૂબંધીનો સાચો અમલ થાય તે માટે નિષ્ઠાવાન પોલીસ અધિકારીની નિમણૂક કરવી જોઈએ. પોલીસ ખાતા સિવાય નશાબંધી માટે બીજું કોઈ તંત્ર ઊભું કરવું જોઈએ.

૧૭. ગુજરાતમાં પ્રૌઢ શિક્ષણનો કાર્યક્રમ ચાલે છે તેમાં નશાબંધી પર વધુ ભાર મૂકવો જરૂરી છે. પ્રૌઢ શિક્ષણ માટે રચાતા સાહિત્યમાં નશાબંધી વિષે લોકભોગ્ય સાહિત્ય તૈયાર કરવું જોઈએ.

૧૮. નશાબંધીના પ્રચાર કાર્યમાં મહિલાઓને પણ અગ્રતા આપવી જોઈએ.

૧૯. કેટલાક માનવશાસ્ત્રીઓનું માનવું છે કે દારૂ આદિવાસી સંસ્કૃતિનું એક અંગ છે. ગહન ક્ષેત્રકાર્ય કરનારાઓ તથા આદિવાસી સમાજને ભિતરથી જાણનારાઓ અને જીવનારાઓ આ વિધાનને ખોટી બતાવે છે. આવી જાતનું વિધાન ઓછા ક્ષેત્રકાર્યને પરિણામે થાય છે અને આદિવાસી સંસ્કૃતિના સ્થિર મોડલને માનવાને લીધે આવું લખાય છે. જો આદિવાસી સમાજને ગતિશીલ મોડલ તરીકે જોઈએ તો દારૂ એ સંસ્કૃતિમાં ઘણું વિપ્રકાર્યક અથવા ઉપરછલ્લું અથવા ભૂતકાળનું નજીવું અંગ છે એવું જણાશે.

૨૦. નશાબંધીનું કામ વધારે વેગવાન બનાવવા માટે :

(૧) બધી સ્વૈચ્છિક સંસ્થાઓ ભલે તે અલગ અલગ ક્ષેત્ર અને વિષયોમાં કામ કરતી હોય તેમણે સંકલિત પ્રયત્નો કરવા જોઈએ.

(૨) નશાબંધી ઘટકોની રચના કરીને એમાં નશાબંધી વિષે પાયાનું કામ કરવું જોઈએ.

(૩) ગુજરાત વિદ્યાપીઠ જેવી વિદ્યાકીય અને સમાજસેવી સંસ્થાએ આમાંના એક યા બે ઘટકને મોડેલ તરીકે લેવા જોઈએ અને એને માટે સરકારશ્રી તરફથી આવશ્યક સહાય મળવી જોઈએ.

૨૧. આદિવાસીઓને પૂરક રોજી મળે એવું આયોજન કરી તેનો સફળ અમલ કરાવવો જોઈએ.

પરિસંવાદનો પૂર્ણાહૂતિ સમારંભ તા.૨૪ મીના રોજ બપોરે ૩-૩૦ કલાકે હતો. જેમાં તામીલનાડુના માજી ગવર્નર અને સામાજિક કાર્યકર શ્રી પ્રભુદાસ પટવારી અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા. પ્રમુખસ્થાને ભીલ સેવા મંડળના પ્રમુખ શ્રી જાલજીભાઈ ડીંડોડ હતા.

પૂર્ણાહૂતિ પ્રસંગે શ્રી પ્રભુદાસ પટવારીએ બોલતાં જણાવ્યું હતું કે દુનિયાના દેશોમાં ગુજરાતનો નશાબંધીનો ડંકો છે. ગુજરાતમાં નશાબંધી કઇ રીતે સફળ થઇ છે તે જોવા માટે વિદેશથી લોકો આવે છે. મહત્વની વાત તો એ છે કે દારૂબંધીના કાયદાને લીધે ગુજરાતનો યુવાનવર્ગ આ બદીમાંથી બચ્યો છે. જ્યારે ભારતનાં બીજાં રાજ્યોમાં યુવાન પેઢી દારૂમાં ઘસડાઇ ગઇ છે. જ્યાં જ્યાં દારૂ પીવાય છે ત્યાં અકસ્માતો ઘણા થાય છે, તોફાનો થાય છે, સ્ત્રીઓનું અપમાન થાય છે, કુટુંબ છિન્નભિન્ન થઇ જાય છે. ગુજરાત આ બધી બદીમાંથી મુક્ત છે તે નશાબંધીને લીધે છે. આપણો મજૂર વર્ગ પણ બચી ગયો છે. તેમણે આગળ બોલતાં જણાવ્યુ કેગુજરાત રાજ્ય પણ એ હકીકત પૂરેપૂરી સ્વીકારે છે કે દારૂબંધીથી નાણાંકીય રીતે કોઇ નુકસાન થયું નથી અને ઘણો જ આનંદ અને ગૌરવની વાત છે. નશાબંધીનો પૂરેપૂરો અમલ થાય તે માટે આપણે સૌએ પાયાનું કામ કરવા લાગી જવું જોઇએ.

...

પરિશિ-

૬૫

૧. શ્રી
૨. શ્રી
૩. શ્રી
૪. શ્રી
૫. શ્રી
૬. શ્રી
૭. શ્રી
૮. શ્રી
૯. શ્ર
૧૦.
૧૧. શ્ર
૧૨. શ્ર
૧૩.
૧૪.
૧૫.
૧૬.
૧૭.
૧૮.
૧૯.
૨૦
૨૧
૨૨.

પરિશિષ્ટ-૧

## પરિસંવાદમાં ભાગ લેનાર પ્રતિનિધિઓની સૂચિ

| ક્રમ | નામ | સરનામું |
| --- | --- | --- |
| ૧. | શ્રી સનતભાઈ મહેતા | નશાબંધી અને નાણાં મંત્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર |
| ૨. | શ્રી પ્રભુદાસ પટવારી | માજી રાજ્યપાલ, તામીલનાડુ, પરિમલ સોસાટી, અમદાવાદ |
| ૩. | શ્રી ડાહ્યાભાઈ નાયક | કુલનાયકશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૪. | શ્રી રામલાલભાઈ પરીખ | મેનેજીંગ ટ્રસ્ટી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૫. | શ્રીમતી જયાબહેન શાહ | પ્રમુખ, નશાબંધી મંડળ, ગુજરાત રાજ્ય, અમદાવાદ |
| ૬. | શ્રી ઠાકોરભાઈ નાયક | નિયામક, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૭. | શ્રી જાલજીભાઈ ડીંડોડ | પ્રમુખ, ભીલ સેવા મંડળ, દાહોદ |
| ૮. | શ્રી નરસિંહભાઈ ડા. હઠીલા | મંત્રી, ભીલ સેવા મંડળ, દાહોદ |
| ૯. | શ્રીમતી હીરાબહેન એલ. નિનામા | આજીવન સભ્ય, ભીલ સેવા મંડળ, દાહોદ |
| ૧૦. | ડૉ. ગોવિંદસિંહ એલ. નિનામા | અમૃત આદિવાસી સોસાયટી, દાહોદ |
| ૧૧. | શ્રી ચીનુભાઈ નગીનદાસ શાહ | સહમંત્રી, નશાબંધી મંડળ, ગુજરાત રાજ્ય, અમદાવાદ |
| ૧૨. | શ્રી પીનાકીનભાઈ બુચ | જિલ્લા વિકાસ અધિકારી, બનાસકાંઠા જિલ્લો, પાલનપુર |
| ૧૩. | શ્રી કે. એ. પટેલ | નાયબ પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર, પાલનપુર |
| ૧૪. | શ્રી ઘેલુભાઈ નાયક | અધ્યક્ષ, ડાંગ જિલ્લા નશાબંધી નિયોજક, આહવા, ડાંગ |
| ૧૫. | શ્રી વિ. કે. ચૌધરી, | મદદનીશ આદિજાતિ વિકાસ કમિશ્નર, ગુજરાત રાજ્ય ગાંધીનગર |
| ૧૬. | શ્રી છગનલાલ એમ. કેદારિયા | પ્રમુખ, મહુવા તાલુકા ગ્રામ સેવા સમાજ, સુરત |
| ૧૭. | શ્રી ચુનીલાલ વી. હઠીલા | આચાર્ય, રાષ્ટ્રીય ઉત્તર બુનિયાદી વિદ્યાલય, મોરાખેડી |
| ૧૮. | શ્રી સબુરભાઈ ચતરાભાઈ સંગાડા | તાલુકા નશાબંધી નિયોજક, સીંગવડ, તા. લીમખેડા |
| ૧૯. | શ્રી કિરીટભાઈ ભાવસાર | મદદનીશ ગ્રંથપાલ, ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ |
| ૨૦. | શ્રી પરજીભાઈ રા. રાઠોડ | આજીવન સભ્ય, ભીલ સેવા મંડળ, દાહોદ |
| ૨૧. | શ્રી લાલાભાઈ પુજાભાઈ બામણિયા | આચાર્ય, ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, મોરાખેડી |
| ૨૨. | શ્રી લાલુભાઈ ગણાવા | ભીલ સેવા મંડળ, દાહોદ |
| ૨૩. | શ્રી ધનજીભાઈ એસ. સંઘાડા | વ્યવસ્થાપક, યશવાટિકા કુમારશાળા, જેસાવાડા |

| | | |
|---|---|---|
| ૨૪. | શ્રી વિરસિંહભાઇ જો. ભાભોર | કાર્યકર્તા, ભીલ સેવા મંડળ, દાહોદ |
| ૨૫. | શ્રી ભારતસિંહ એમ. મખોડિયા | શિક્ષક, વણવાટિકા આશ્રમશાળા, જેસાવાડા |
| ૨૬. | શ્રી વિરસીંગ ગં. મોડાજોયા | ચેરમેન, સામાજીક ન્યાય સમિતિ, લીમખેડા |
| ૨૭. | શ્રી શશીકાન્ત દેસાઇ | પ્રોજેકટ ઓફીસર, પ્રૌઢ શિક્ષણ વિભાગ, ભીલ સેવા મંડળ, દા |
| ૨૮. | શ્રી રિખવભાઇ શાહ | રીડર, એજ્યુકેશન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૨૯. | શ્રી ઇલાબહેન નાયક | અધ્યાપીકા, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૩૦. | શ્રી પરષોત્તમભાઇ અં. પટેલ | આચાર્ય, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૩૧. | શ્રીમતી રમાબહેન મ. દેસાઇ | નિયામક, પ્રૌઢ શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૩૨. | શ્રી જે. પી. પટેલ | આચાર્ય શાસ્ત્રી કે. એ. ઠાકર હાઇસ્કૂલ, અમદાવાદ |
| ૩૩. | ડૉ. સિધ્ધરાજ સોલંકી, | નાયબ નિયામક, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૩૪. | શ્રી રાસ બિહારી લાલ | સંશોધન અધિકારી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૩૫. | શ્રી મુસ્તાકઅલી મસવી | સંશોધન અધિકારી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૩૬. | શ્રી ગૌરીશંકર પંડયા | સંશોધન અધિકારી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૩૭. | શ્રીમતી ભારતીબહેન દેસાઇ | સંશોધન અધિકારી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૩૮. | શ્રીમતી હેમીક્ષા રાવ | વિદ્યાર્થીની, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૩૯. | શ્રી અરૂણભાઇ મા. પટેલ | આંકડા મદદનીશ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૪૦. | શ્રી ગિરીશભાઇ ભટ્ટ | સંશોધન મદદનીશ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૪૧. | શ્રી ભીખાભાઇ સો. પટેલ | સંશોધન મદદનીશ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૪૨. | શ્રી ચંદ્રકાન્ત બા. ઉપાધ્યાય | " " |
| ૪૩. | શ્રી કાન્તિલાલ ડા. મકવાણા | " " |
| ૪૪. | શ્રી જશવંતસિંહ એન. રાઠોડ | " " |
| ૪૫. | શ્રી ચંદ્રકાન્ત એસ. પટેલ | " " |

૪૬. શ્રી સાયમન ફા. મેકવાન — સંશોધન મદદનીશ, આ.સં.તા.કેન્દ્ર, ગૂ.વિ. અમદાવાદ

૪૭. શ્રી દિલીપકુમાર લ. પરમાર — " "

૪૮. શ્રીમતી કુજબાળા એમ. ત્રિવેદી — કૌટુંબિક સલાહકાર, જ્યોતિસંઘ, અમદાવાદ

૪૯. શ્રી નરોત્તમ લવજીભાઈ પરમાર — યુથ કો.ઓર્ડિનેટર, ભારત સરકાર, નડિયાદ

૫૦. શ્રી અરવિંદભાઈ ભટ્ટ — અધ્યાપક, મ.દે.મહાવિદ્યાલય, ગૂ.વિ. અમદાવાદ

૫૧. શ્રી ભુલાભાઈ વાલચંદભાઈ ડીંડોડ — સભ્ય તાલુકા પંચાયત, લીમખેડા

૫૨. શ્રી ભૂપેન્દ્રકુમાર કે. ડામોર — શિક્ષક, સર્વોદય આશ્રમ, શામળાજી

૫૩. શ્રી સુરેશકુમાર એસ. શર્મા — આચાર્ય, ઉત્તર બુનિયાદી વિનયમંદિર, આંતરસુબા

૫૪. શ્રી જવસિંહભાઈ સોલંકી — ભીલ સેવા મંડળ, દાહોદ

૫૫. શ્રી માકુભાઈ સુવર્ણકાર — જિલ્લા નશાબંધી નિયોજક, મહેસાણા

૫૬. શ્રી ચિત્રાબહેન મણીભાઈ નાયક — નશાબંધી નિયોજક, સુરત શહેર

૫૭. શ્રી અંબાલાલ મોતીભાઈ પટેલ — અધ્યાપક, ગૂ.વિ. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા

૫૮. શ્રી વી.બી. સલાટ — ઇન્સ્પેકટર, પ્રોહીબીશન વિભાગ

૫૯. શ્રી ધીરજલાલ વ્યાસ — જિલ્લા નશાબંધી નિયોજક, રાજકોટ

૬૦. શ્રી અમૃત મોદી — સંપાદક, કલ્યાણયાત્રા, નશાબંધી મંડળ, અમદાવાદ

૬૧. શ્રીમતી મૃદુલાબહેન સુ.દેસાઈ — સામાજિક કાર્યકર્તા, નશાબંધી મંડળ, અમદાવાદ

૬૨. શ્રી નટવરલાલ ગંગાદાસ શાહ — જિલ્લા નશાબંધી મંડળ, પંચમહાલ

૬૩. શ્રી વિરજીભાઈ મુનિયા — ધારાસભ્ય, પંચમહાલ

૬૪. શ્રી સુભાષભાઈ જી. સોનાર — ભારતીય આદિમ જાતિ સેવક સંઘ

૬૫. ડૉ. પ્રેમાનંદ લાધા — આચાર્ય, ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ખેડબ્રહ્મા

૬૬. શ્રી શાન્તિલાલ એમ. અજિવાસ — કાર્યકર, ભીલ સેવા મંડળ, દાહોદ

૬૭. શ્રી ભુલાભા વ. ડીંડોડ — સભ્ય, તાલુકા પંચાયત, લીમખેડા

૬૮. ભાવસિંહ રતનસિંહ લવાણા — ગ્રંથપાલ, યશવાટિકા ઉ.બુ.વિદ્યાલય, જેસાવાડા

૬૯. શ્રી સુરેશભાઈ બ. બીલવાળ — ઓપરેટર, નશાબંધી મંડળ, ગુજરાત રાજ્ય

૭૦. શ્રી બાબુભાઈ ધરમાજી નિનામા — આચાર્ય, જયપ્રકાશ વિદ્યામંદિર

પરિશિષ્ટ-૨

## પરિસંવાદમાં રજૂ થયેલા લેખોની યાદી

૧. ગુજરાતના આદિવાસીઓમાં ભક્તિ સંપ્રદાયો અને દારૂબંધી

- ડૉ. સિધ્ધરાજ સોલંકી

૨. આદિવાસી યુવાનો અને નશાબંધી વિરૂધ્ધ પ્રવૃત્તિઓ

- શ્રી મુસ્તાબઅલી મસવી

૩. નશાબંધી અને આદિવાસીઓ

- શ્રી ગૌરીશ પંડયા

૪. નશા સમસ્યા અને આદિવાસીઓ

- ડૉ. અરવિંદ ભટ્ટ

૫. ગુજરાતના આદિવાસીઓ અને દારૂબંધીની અસર

- પટેલ અરૂણ મા.

૬. દારૂ અને આદિવાસીઓ

- હેમીક્ષા રાવ

૭. દારૂ

- શ્રી ગિરીશ ભટ્ટ

૮. નશાબંધી અને આદિવાસીઓ

-આદિજાતિ વિકાસ કમિશ્નરની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૯. દારૂબંધી

- અંબાલાલ પટેલ

૧૦. આદિવાસીઓ અને મદ્યનિષેધ

- શ્રી ઘેલુભાઈ નાયક

૧૧. નશાબંધી અને આદિવાસીઓ

- મૃદુલાબહેન દેસાઈ, નશાબંધી મંડળ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ

૧૨. નશાબંધી અને આદિવાસીઓ

- શ્રી રામભાઈ પટેલ, પ્રમુખ, તાલુકા પંચાયત
વાંસદા

૧૩. નશાબંધી અને આદિવાસીઓ

- શ્રી નટુભાઈ શાહ, પંચમહાલ જિલ્લા
નશાબંધી નિયોજક, હાલોલ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

" નશાબંધી અને આદિવાસીઓ "

: પરિસંવાદ :

તા. ૨૩ અને ૨૪ જુલાઈ- ૧૯૮૩.

## ગુજરાતના આદિવાસીઓમા ભકિત સંપ્રદાયો અને દારૂબંધી

: એક સંક્ષિપ્ત નોંધ :

-ડો. સિધ્ધરાજ સુ. સોલંકી

ગુજરાતની આદિવાસી જાતિઓમા દારૂબંધીના અસરકારક ચુસ્ત પ્રચારમા સહાયભૂત થનાર એક અત્યંત મહત્વનુ પરિબળ હિંદુ ધર્મના એક યા બીજા સંપ્રદાયોની પ્રબળ અસરવાળા ભકિત સંપ્રદાયો છે. તેની અસર ગુજરાતની બનાસકાંઠાથી માંડીને ડાંગ-ઉમરગામ સુધીની સમગ્ર આદિવાસી પટ્ટીમા જોવા મળે છે.

ડાંગમા ઢોંગીઆબામા વારલી આદિવાસીઓ સાથેના મારા વસવાટમા સતીપતિ પ્રથાના અનુયાયીઓ જોવા મળેલા. દેવીના વાના મોજા હેઠળ કેટલાંગ ગામોમા ખાસ કરીને ચૌધરી, ધોડિયા અને ગામીત આદિવાસી જાતિઓમા સંપ્યાબંધ લોકોએ દારૂ તાડીને તિલાંજલી આપેલ. દક્ષિણ ગુજરાતમા આ આદિવાસી જાતિઓમા મુખ્યત્વે નીચેના ભકિત સંપ્રદાયો જોવા મળે છે:

(૧) સત્‌કેવલ
(૨) સતીપતિ
(૩) જલારામ બાપા
(૪) મોક્ષમાર્ગી
(૫) દત્તાત્રેય
(૬) સતાફલદેવજી
(૭) સાનેદાના
(૮) સ્વામી નારાયણ
(૯) સત્‌કબીર
(૧૦) ગાયત્રી દેવી
(૧૧) સનાતન
(૧૨) સદાનંદી
(૧૩) શીવપંથી

વડોદરા જીલ્લાના અને ભરૂચ જીલ્લાના મુખ્યત્વે તડવી આદિવાસીઓમા તેમજ કેટલેક અંશે તેતરિયા તેમજ વસાવા વગેરે આદિવાસી જાતિઓમા વિશ્વનાથજી મહારાજના અનુયાયીઓ

સારી એવી સંખ્યામાં જોવા મળેલા. પંચમહાલમાં પટેલીઆ આદિવાસીઓમાં પ્રણામી સંપ્રદાયની તેમજ ભીલોમાં ગુરૂ ગોવિંદની તેમજ અન્ય કેટલાક ભકિત સંપ્રદાયોના અનુયાયીઓની સંખ્યા બહોળા પ્રમાણમાં છે. સાબરકાંઠાના ગરાસિયા આદિવાસીઓમાં ૧૯ મી સદીના ઉત્તરાર્ધમાં સંત સુરવલદાસ નામે એક તેજસ્વી સંત શામલાજી પાસે લુસડિયા ગામે થઇ ગયેલા. લાલદાસ અને કાનદાસ નામના બીજા સંતો પણ આજ વિસ્તારના આડે ગામે થયેલા. અત્યારે આ વિસ્તારમાં રામાનંદી અને કબીર પંથી સંપ્રદાયોના લગભગ ડઝનેક જેટલા સંતો જોવા મળે છે. બનાસકાંઠા અને સાબરકાંઠાના ગરાસિયા અને ભીલ આદિવાસીઓમાં એક કાળે વીસમી સદીના બીજા - ત્રીજા દાયકામાં મોતીલાલ તેજાવત નામના એક જૈન આગેવાનના હજારોની સંખ્યામાં અનુયાયીઓ થઇને તેના "એકી આંદોલનમાં" જોડાયા. પાછળથી જલીઆનવાલા બાગની યાદ અપાવે તેવો દઢવાવ હત્યાકાંડ સર્જાતા તેમની અસર ઓસરી ગયેલી.

કચ્છમાં કોળી, પારધી અને ભીલ આદિવાસીઓમાં ભકિત સંપ્રદાયની અસર હેઠળના કેટલાક કુટુંબો જોવા મળેલા. તેવું જ સૌરાષ્ટ્રમાં સોરઠીયા રબારીઓ, તેમજ ચારણ ભરવાડ વગેરે ગીર, બરડા આલચની આદિવાસીમાં ગણાવાયેલી જાતિઓમાં પણ ભકિત સંપ્રદાયનું પ્રચલન જોવા મળેલું.

આ ભકિત સંપ્રદાયોના અનુયાયીઓ દ્વારા સંખ્યાબંધ સ્થળે મીરા, કબીર, સૂરદાસનાં અને કયાંક કયાંક નરસિંહનાં પદો પણ ગવાતા જોવા મળેલાં. આ દરેક ભકિત સંપ્રદાયની અસર હેઠળ આવેલા આદિવાસીઓ સામાન્યરીતે દારૂ અને માંસાહાર એ બન્નેને વર્જય ગણે છે. અને તેનું અન્ય કોઇ સ્થળે ભાગ્યેજ જોવા મળે એટલી ચૂસ્તતાપૂર્વક પાલન થતું. સંચાલકે જાતે જોયું છે, અનુભવ્યું છે એટલે એ રીતે નશાબંધી - દારૂબંધી એક રાજનીતિ તરીકે સ્વીકારાઇ તે પહેલાં પણ દાયકાઓથી આ પ્રક્રિયાનો પ્રારંભ સમગ્ર ગુજરાતના આદિવાસી વિસ્તારના કેટલાય જૂથોમાં થઇ ચૂકયો હતો અને તે રીતે ભકિત સંપ્રદાયોનું આ નીતિને સફળ

બનાવવામાં
પ્રદાન છે
છે. અલબત્ત
હવે થોડાક
સમાજની
કેટલીક
કરીને
આદિવાસી
બદલાયેલા

બનાવવામા ગુજરાતના આદિવાસી વિસ્તારોમા એક આગવુ પ્રદાન છે એ સત્ય તરફ અંગુલિનિર્દેશ કરવાનો જ આ નોંધનો હેતુ છે. અલબત્ત તેવી અસર અને ચુસ્તતાની માત્રામા પહેલાના પ્રમાણમા હવે થોડોક નકારાત્મક ફેરફાર થયેલો જણાય છે. તેને માટે અન્ય સમાજની સંસ્કૃતિની અસર, શિક્ષણનો પ્રસાર, આદિવાસીઓ કેટલીક બાબતોમા અધુરા છે. તેવી કેટલીક જાતિઓ અને ખાસ કરીને નવી પેઢીનુ બદલાયેલુ વલણ, ગૃહોદ્યોગ તરીકે કેટલાક આદિવાસી વિસ્તારમા મદ્યપાને મેળવેલુ સ્થાન, બેરોજગારી, બદલાયેલા નૈતિક મૂલ્યો વગેરે બાબતો પણ કેટલેક અંશે જવાબદાર છે.

000000000

વ્ય[illegible]
બન્[illegible]
લા[illegible]
વગે[illegible]
ધ્વ[illegible]ર
વગ[illegible]
રા[illegible]
દા[illegible]
કલ[illegible]ક
પ[illegible]
દા[illegible]
ગા[illegible]
ની[illegible]
પી[illegible]
જે[illegible]
આ[illegible]
મ[illegible]
ગા[illegible]

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

નશાબંધી અને આદિવાસીઓ

પરિસંવાદ ૨૩-૨૪ જુલાઇ ૧૯૮૩

આદિવાસી યુવાનો અને નશાબંધી વિરૂધ્ધ પ્રવૃત્તિઓ.

- મુક્તાઅલી મસવી
સંશોધન અધિકારી.

સમાજમાં પ્રવર્તતા અનેક સામાજિક પ્રશ્નોમાં માદક પદાર્થોનું વ્યસન આધુનિક સમયમાં દુનિયાના ઘણા સમાજોમાં એક મોટો પ્રશ્ન બન્યો છે. ભારતમાં પણ કેફી પદાર્થોનું વ્યસન ઝડપથી ફેલાવા લાગ્યુ છે. સમાજસુધારકો, પ્રશાશકો, રાજનીતિજ્ઞો અને સમાજશાસ્ત્રીઓ વગેરે આ પ્રશ્ન તરફ વિચારવાનુ શરૂ કર્યુ છે. અને વિવિધ પ્રથાઓ ધ્વારા આ દુષણને અટકાવવા માટે ચિંતિત થયા છે. સમાજના દરેક વર્ગમાં કેફી પદાર્થનું વ્યસન જોવા મળે છે. આજે ભારતમાં ગુજરાત રાજ્ય સિવાય અન્ય રાજ્યોમાં દારૂબંધી નથી. કેટલાક રાજ્યોમાં દારૂબંધી હળવી કરવામાં આવી છે.

મહાત્મા ગાંધીજીએ સ્પષ્ટ નિવેદન કરેલુ કે જો મને ૨૪ કલાક રાજ્ય સોંપવામાં આવે તો હુ પ્રથમ દારૂબંધીનો કાયદો કરુ. પરંતુ આઝાદી મળયાને સાડા ત્રણ દાયકા થયા છતાં ભારતભરમાં દારૂબંધીનો કાયદો કરવામાં આવતો નથી, પરિણામે દેશની ગરિબાઇ વધતીને વધતી જાય છે. દેશની પચાસ ટકા વસતી ગરીબાઇની રેખા નીચે જીવે છે અને તેને બે ટંક ખાવા પણ મળતુ નથી. દારૂના પીઠા અને દુકાનની આવક મેળવવામાં આવે છે. પરિણામે ગરીબોમાં જે કંઇ લોહી રહયુ છે તે ચૂસાઇ જશે. આખા દેશમાં દારૂબંધી અમલમાં આવે તો ગરીબાઇમાં ઘટાડો થઇ શકે એમ છે. તેની મહાત્મા ગાંધીજીએ દારૂબંધીને સ્વરાજ્યનો મોટામાં મોટો કાર્યક્રમ ગણયો હતો. ગુજરાતે દારૂબંધી કરી સમગ્ર દેશમાં દાખલો બેસાડયો છે.

આજે સમગ્ર રાજયમા દારૂબંધી અમલમા છે. છતા સરકારી તંત્ર અને પોલિસ ખાતાની ઉદાસીનતા તથા નિષ્ક્રિયતાને લીધે ગેરકાયદેસર દારૂના અડ્ડાઓ ચાલી રહયા છે. સમગ્ર રાજયમા નશાબંધી વિરોધી પ્રવૃત્તિઓ ખાસ કરીને દારૂ ગાળવા તથા વેચવાનુ કામ ચાલી રહયુ છે. આ પ્રવૃત્તિઓમા આદિવાસી સમાજના યુવાનો પણ સારી એવી સંખ્યામા સંડોવાયેલા જણાય છે. આદિવાસી વિસ્તાર મુખ્યત્વે રાજયની દક્ષિણની પટ્ટીનો પ્રદેશ છે. આ વિસ્તારની સરહદે મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશના રાજયો આવેલા છે. આ બધા રાજયોમા દારૂબંધી નથી તેથી કરીને પણ આ વિસ્તારના આદિવાસીઓ મોટેભાગે નશાબંધી વિરોધી પ્રવૃત્તિઓમા સંડોવાયેલા જોવા મળે છે. કારણકે આ બધા રાજયોમા દારૂ મળે છે છતા તે મોઘો મળતો હોવાથી ગેરકાયદેસર દારૂ તૈયાર કરી સરહદના રાજ્યોમા મોકલવામા આવે છે. આમ સરહદના રાજયોનુ બજાર આ વિસ્તારમા વસતા આદિવાસી માટે આકર્ષણ સમાન છે.

આ પેપરમા વ્યારા પોલિસ ડીવીઝન(બારડોલી, વ્યારા, મહુવા, વાલોડ, સોનગઢ અને ઉચ્છલ)મા દારૂબંધી વિરૂધ્ધની અસમાજિક પ્રવૃત્તિમા સંડોવાયેલા ૨૧ વર્ષની વય કરતા નીચેના છોકરાઓ અને છોકરીઓની માહિતી મેળવવામા આવી છે. આ માહિતી ગુજરાત રાજય મુખ્ય પોલિસ અધિકારીની કચેરીમાથી મેળવવામા આવી છે. જાતિવાર પ્રોહીબીશન ગુન્હામા ૨૧ વર્ષની અંદરના પકડાયેલા પુરૂષ અને સ્ત્રી તહોમતદારોની માહિતી કોઠા ૧મા આપવામા આવી છે.

## કોઠો-૧

### વ્યારા પોલિસ ડીવીઝન

(બારડોલી, વ્યારા, મહુવા, વાલોડ, સોનગઢ ઉચ્છલ અને નિઝર)

### જાતિવાર પ્રોહીબીશન ગુન્હામાં ૨૧ વર્ષની અંદરના પકડાયેલા પુરૂષ અને સ્ત્રી તહોમતદારો.

| ક્રમ | જાતિનુ નામ | ૧૯૭૪ પુ. | ૧૯૭૪ સ્ત્રી | ૧૯૭૫ પુ. | ૧૯૭૫ સ્ત્રી | ૧૯૭૬ પુ. | ૧૯૭૬ સ્ત્રી | ૧૯૭૭ પુ. | ૧૯૭૭ સ્ત્રી | ૧૯૭૮ પુ. | ૧૯૭૮ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નાયકા | ૧ | - | ૫ | - | ૭ | - | ૮ | - | ૮ | - |
| ૨ | રાઠોડ | ૧૦ | - | ૨૧ | ૧ | ૬ | ૧ | ૧૧ | - | ૧૭ | - |
| ૩ | હળપતિ | ૩ | - | ૧૧ | - | ૧૧ | ૧ | ૧૫ | - | ૮ | ૬ |
| ૪ | ચૌધરી | ૨૩ | ૫ | ૩૧ | ૨ | ૧૭ | ૮ | ૨૭ | ૩ | ૬૧ | ૧૧ |
| ૫ | ધોડિયા | ૭ | ૩ | ૯ | ૨ | ૯ | ૧ | ૮ | ૧ | ૨૭ | ૩ |
| ૬ | ગામીત | ૩૯ | ૧૩ | ૪૬ | ૧૨ | ૪૪ | ૧ | ૩૭ | ૧૦ | ૧૧૦ | ૫૭ |
| ૭ | ભીલ | - | - | ૨ | ૧ | ૧ | ૧ | - | - | ૨ | - |
| ૮ | કોકણા | - | - | ૨ | - | ૧ | - | - | - | ૭ | ૩ |
| ૯ | વસાવા | ૩ | - | - | - | ૧ | - | ૨ | - | ૧ | - |
| ૧૦ | બિન આદિવાસિ | ૨૪ | - | ૨૪ | - | ૨૬ | ૧ | ૧૪ | - | ૪૯ | ૬ |
| | | ૧૧૦ | ૨૧ | ૧૫૧ | ૧૮ | ૧૨૩ | ૧૪ | ૧૨૨ | ૧૪ | ૨૯૦ | ૮૬ |

કોઠા-૧ પરથી જોઇ શકાય છે કે દર વર્ષે નશાબંધી વિરૂધ્ધ પ્રવૃત્તિ કરતા ઇસમોની સંખ્યા વધતી જાય છે. આદિવાસી યુવાન-સ્ત્રીઓમાં પણ આ પ્રમાણ વધતુ જણાય છે. જાતિવાર વર્ગીકરણ જોઇએ તો નશાબંધી વિરૂધ્ધ પ્રવૃત્તિ કરતા ઇસમોમાં અનુક્રમે ગામીત, ચૌધરી રાઠોડ અને હળપતિની સંખ્યા વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

આદિવાસીઓની સરખામણીમાં બિનઆદિવાસીઓનુ પ્રમાણ ઓછુ જણાય છે. સંભવ કદાચ એવુ બનતુ હશે કે આદિવાસીઓ ગરીબ હોવાને કારણે તેમજ લાગવગ નહી ધરાવતા હોવાથી બિનઆદિવાસીઓ કરતા વધુ સંખ્યામાં પોલિસના હાથમાં ઝડપાય છે. સામાન્ય રીતે આવા પ્રકારના ગુન્હાઓ સમાજના ઉપલા અને નીચલા વર્ગોના લોકો કરતા હોય છે. પરંતુ પછાત લોકોનેજ કાનુન વધુ લાગુ પડે છે. આજ કાયદાની ફેલસિ ( Fallacy ) છે.

આમ ઉપરની આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ જણાય છે કે આદિવાસી સમાજના કુમળી વયના છોકરા-છોકરીઓ દારૂબંધી વિરૂધ્ધની પ્રવૃત્તિઓ આચરે છે. આવા છોકરાઓ અને છોકરીઓને આવા ધંધામાંથી ઉગારવાની ફરજ સમગ્ર સમાજની છે. આ યુવાનવયના છોકરા-છોકરીઓને બચાવવા કેટલાક પગલા લેવા જોઇએ.

(૧) આવી ગેરકાનુની પ્રવૃત્તિ કરતા બાળકો અને સ્ત્રીઓનો સંપર્ક સાધવો જોઇએ અને તેમને કામધંધે લગાડવા જોઇએ. આપણી પાસે આવુ કોઇ તંત્ર ન હોય તો તાલુકા અને જિલ્લાકક્ષાએ આવુ તંત્ર ઉભુ કરવુ જોઇએ.

(૨) દારૂબંધીના કાયદામાં જે કંઇ ઉણપો તે દૂર કરવી જોઇએ. ખરી વાત તો એ છે કે દારૂબંધીનો કડક અમલ થાય તે માટે દારૂબંધીમાં પ્રતિબંધ અને નિષ્ઠાવાન પોલિસ અમલદારોને મૂકવા જોઇએ.

(૩) યુવાન ભાઇ-બહેનો આવી પ્રવૃત્તિમાં ફસાય નહિ તે માટે દારૂબંધીના જે લાભો છે અને દારૂબંધી ન હોવાને કારણે વ્યક્તિ અને સમાજને કેટલુ નુકશાન થઇ રહયુ છે તેનો ખ્યાલ આપી શકે એમ કરવુ જોઇએ. આ કામ લોકશિક્ષણ દ્વારા કરી શકાય.

(૪) આવી ગુન્હાહિત પ્રવૃત્તિઓ કરનાર સામે સમાજના અન્ય લોકોએ સત્યાગ્રહ કરવો જોઇએ અને દારૂના અડ્ડાઓ ચાલે છે તે બંધ કરાવવા જોઇએ.

(૫) દારૂબંધીને ઉત્તેજન મળે અને આવી નશાબંધી વિરૂધ્ધ પ્રવૃતિને રોકવા માટે ફિલ્મો, નાટકો, વકતૃત્વના નિબંધ હરિફાઇઓ મારફતે દારૂબંધીને પ્રોત્સાહન આપવુ જોઇએ.

(૬) હાઇસ્કુલોમા અને કોલેજોમા દારૂબંધી વકતૃત્વ હરિફાઇ અને નિબંધો લખાવીને ઇનામો આપીને દારૂમા યુવાન ભાઇ-બહેનો ફસાય નહિ તેવી પરિસ્થિતિ ઉભી કરવી જોઇએ.

સમગ્ર રીતે જોઇએ તો આદિવાસી યુવાન-ભાઇ-બહેનો આવી પ્રવૃત્તિથી રોકવા માટે ધંધા-રોજગારમા લગાડવા જોઇએ જેથી તેઓ માનભેર જીવન જીવી શકે.

------

કેટલા

સામાજિ

અગ હોય

એ થયો કે

હશે.)

આ

મોટા ભાગ

હોવા છત

મુશ્કેલ છે

અસમર્થ

માળખામાં

મને

દેવ-દેવ

છે. કય

વિર ર

કર ન

ઝૂંટવી

હો

ચાંજર

ફેલાવ

પોતા

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ,: અમદાવાદ ૩૮૦ ૦૧૪

પરિસંવાદ ૨૩-૨૪ જુલાઈ ૧૯૮૩
નશાબંધી અને આદિવાસીઓ

- ગૌરીશ પંડયા

કેટલાક આદિવાસીઓમાં સમાજવ્યવસ્થાના માળખામાં દારૂનું સ્થાન ચોકકસ પ્રકારના સામાજિક, આર્થિક અને ધાર્મિક પ્રસંગો સાથે જોડાયેલુ જોવા મળે છે. દારૂ જાણે સમાજવ્યવસ્થાનું અંગ હોય તેવી રીતે કેટલાક જાતિઓ સાથે સમાજની પરંપરા બની ગયો છે. (એનો અર્થ એ થયો કે દારૂ નૈવેધ તરીકે વપરાય છે. મધ તરીકે કદાચ જ ધર્મમાં એનો ઉપયોગ થતો હશે.)

આદિવાસી સમાજનો વસવાટ ભૌગોલિક પર્યાવરણની સંપૂર્ણ અસર નીચે છે. કારણ કે મોટા ભાગના આદિવાસી સમાજનો સંપર્ક વિકસિત સમાજો સાથે નામ માત્રનો છે. દારૂબંધી હોવા છતાં અંદરના ડુંગરાળ અને જંગલોથી છવાયેલા દુર્ગમ વિસ્તારોમાં કાનૂની પગલાં ભરવાં મુશ્કેલ છે. તેમાંય પોલીસ ખાતું પણ અંદરના વિસ્તારમાં દારૂબંધીનો કડક અમલ કરાવવા માટે અસમર્થ હોય એમ લાગે છે. તેનું મુખ્ય કારણ તો દારૂનું જે સ્થાન પરંપરાઓ સાથે સમાજના માળખામાં જોડાઇ ગયુ છે તેને પરિણામે છે. ખાસ કરીને તો બાળક જન્મે ત્યાથી મૃત્યુ પામે અને મૃત્યુ પછીની સામાજિક વિધિઓ સાથે દારૂ જોડાઇ ગયો છે. ધાર્મિક ઉત્સવો અને દેવ-દેવીઓને દારૂની છાંટ પાડવાનો રિવાજ હોવાને કારણે દારૂ એ સ્વાભાવિક બની ગયો છે. કયાંક અતિથિના સ્વાગતનુ અંગ બની ગયેલો દેખાય છે.

આદિવાસી સમાજ વ્યવસ્થાનું અંગ બની ગયો હોવા છતાં એક પ્રશ્ન થાય છે. આદિવાસી વિસ્તારમાં શું દારૂબંધી શકય નથી ? કારણ કે દારૂથી થતુ નુકસાન અને કુટુંબ જીવનને વેરવિખેર કરી નાખતું તેમજ નિમ્ન આર્થિક સ્થિતિમાં પણ દારૂ નાનાં નાનાં બાળકોના મોંમાથી રોટલો ઝૂંટવી લે છે. તો દારૂબંધી માટે શું થઇ શકે ?

ગુજરાતમાં એવી કેટલીય જાતિઓ તેમજ કેટલીક વ્યકિતઓ આદિવાસી સમાજમાં હોવા છતાં દારૂ પીતા નથી. દારૂનો બિલકુલ ઉપયોગ કરતા નથી. જેમાં મુખ્યત્વે ચૌધરી, ધોડિયા, પટેલિયા, ભીલ, ગરાસિયા વગેરે જાતિઓમાં. જે કુટુંબોમાં શિક્ષણનો ફેલાવો થયો છે અને બહારના સમાજનો વધુ સંપર્ક રહયો છે તેઓએ દારૂબંધી કરી છે. તેઓ પોતાના કુટુંબમાં દારૂનો ઉપયોગ કરતા નથી. દા.ત. સામાજિક વિધિઓ કે દેવને ચૌધરીઓ

દારૂને બદલે ચાનો ઉપયોગ કરતા થયા છે. દેવને ચાની ધાર દેવામાં આવે છે. આ ઉપરાંત જે જે આદિવાસી સમાજોમાં ધાર્મિક પરિવર્તનો થયાં છે, જેવા કે પ્રણામી, સતનામી, મોક્ષમાર્ગી, ગાયત્રી, ખ્રિસ્તી કે ભગતો થઇ ગયા છે તેઓ દારૂનો બિલકુલ ઉપયોગ કરતા નથી. એટલે એક વસ્તુ તો નિર્વિવાદ છે કે જુદા જુદા ધર્મો તરફ વળે અને ધાર્મિક પરિવર્તનો થાય છે ત્યાં ધાર્મિક વડાઓ કે ધાર્મિક સત્સંગીઓનો બહુ મોટો પ્રભાવ જોવા મળે છે. જેને પારિણામે દારૂ પીવાનો બિલકુલ બંધ થયેલો જવા મળે છે. આ ઉપરાંત જયાં સામાજિક કાર્યકર્તાઓએ આ દિશામાં પ્રયત્નો કર્યા છે તેની અસરો પણ દેખાય છે. એટલે ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં દારૂ નહીં પીનાર કુટુંબોની સંખ્યા ઘણા મોટા પ્રમાણમાં જોવા મળે છે. તેમાંય જયાં જયાં શિક્ષણનો ફેલાવો થતો જાય છે, અન્ય સમાજોના સંપર્કમાં આવતા જાય છે અને ધાર્મિક સંપ્રદાયના સંસર્ગને પારિણામે ઘણું મોટું પરિવર્તન આ દિશામાં દેખાઇ રહયું છે. એટલે કે આદિવાસી વિસ્તારોમાં નશાબંધી અશકય છે એવી દલીલ કરવામાં આવે છે તે વાહિયાત છે. કારણ કે અન્ય પરિબળો દ્વારા આ દિશામાં જે પારિણામો આવ્યાં છે તે સ્પષ્ટ જોઇ શકાય છે. જો કે સોએ સો ટકા નશાબંધી થઇ ગઇ છે તેવું કહેવાનો ભાવાર્થ નથી, પણ તે દિશામાં સર્વાંગી પ્રયાસો દ્વારા ચોકકસ જઇ શકાય છે.

...

"નશાબંધી અને આદિવાસીઓ"

: પરિસંવાદ :

તા. ૨૩ અને ૨૪ જુલાઈ-૧૯૮૩

# નશા સમસ્યા અને આદિવાસીઓ

અરવિંદ ભટ્ટ,
સમાજમાનવશાસ્ત્ર વિભાગ,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-૩૮૦ ૦૧૪.

## !૧! પ્રાસ્તાવિક :

નશો કરવાની ટેવ માનવજાતમાં અત્યંત પુરાણકાળથી જોવા મળે છે. આજે ઘણામાં તેની વત્તી ઓછી આદત જોવા મળે છે. નશાનો સહેજ વિસ્તૃત અર્થ કરીએ તો કહી શકાય કે કશુંક ખાવું, પીવું કે સુંઘવું કે જેથી થોડા વખત માટે એક પ્રકારની સ્ફૂર્તિ, તાજગીનો અનુભવ થાય, તથા મગજ જ્ઞાનતંતુઓ તેની અસર હેઠળ આવી એક માદક અસર અનુભવે. આ દૃષ્ટિએ કોઈ પણ પ્રકારના વ્યસનોનો આમાં સમાવેશ થઈ શકે છે. આમ અત્યંત ઓછા નિકોટીન તત્વોવાળા ચ્હા, બીડી, તમાકુ, છીકણી, સીગારેટ, કીમામ, ગાંજો વગેરે હળવા અસરવાળા પદાર્થો છે. જ્યારે ભાંગ, અફીણ, દારૂ, લઠ્ઠો, એલ.એસ.ડી. મારીજુઆના, ચરસ, પોટ વગેરે અત્યંત માદક પદાર્થો છે. અને કેટલાક તો ગતિ તીવ્રનુકશાન કરનારા પણ છે. જે બધાનું સેવન માનવજાતે શોધ્યું છે. પશ્ચીમના દેશોના અને પૂર્વના ભારત સાથેના મોટા પચરંગી શહેરોમાં પરદેશીઓની અસરથી અત્યંત માદક દ્રવ્યો લેવાનું યુવાન પેઢીમાં શરૂ થયું છે. પશ્ચીમના દેશોમાં સમાજશાસ્ત્રીઓ અને સમાજ હિત-ચિંતકો દેશના યુવાન પેઢીને આ માદક દ્રવ્યોથી કેવી રીતે બચાવવી તેની સતત ચિંતામાં છે.

..૨/-

માદક દ્રવ્યો અને પીણાં વિવિધ પ્રકારના છે. તેનું સેવન કરનાર વર્ગ કે જૂથ કોઇ ખાસ પ્રકારનો છે તેવું નથી. તેનું સેવન કરનારાઓમાં સાંસ્કૃતિક, સામાજીક, શૈક્ષણિક, લિંગ, વ્યવસાય, ગ્રામ્ય કે શહેરી એવો કોઇ ભેદ જોવા મળતો નથી. કે તેનું વર્ગીકરણ જોવા મળતું નથી, તે માનવ સમાજમાં કોઇપણ પ્રકારનાં ભેદ ભાવ વિના વ્યાપ્ત એવું તત્વ છે. એટલે તે કોઇક અમુક પ્રકારના સમુદાયનું લક્ષણ છે તેમ કહી શકાતુ નથી. કે કોઇ સાંસ્કૃતિક ભિન્નતાના સંદર્ભમાં તેને વર્ગીકૃત કરી શકાતુ નથી. આ દ્રષ્ટિએ નશો કરવાની ટેવ કોઇપણ સંસ્કૃતીવાળા વિકસીત કે ઓછા વિકસીત, શહેરી કે ગ્રામ્ય શિક્ષીત કે નિરક્ષર કોઇપણ માનવ સમાજમાં સાર્વત્રિક રીતે પ્રર્વતતી એવી બદી છે તેનું પણ ઘણું વ્યાપક સામ્રાજય છે તેમ કહી શકાય.

અહીં આપણે અન્ય સમુદાયો કરતાં સાંસ્કૃતિક દ્રષ્ટિએ ભિન્ન એવા આદિવાસી સમુદાયમાં નશા સમસ્યા વિષે વિચારીશું.

દારૂ પીવા માટે આપણે કેવળ આદિવાસીઓને જ દોષ દેવો ન જોઇએ. તેઓ દારૂડીયા છે. ખૂબ દારૂ પીએ છે, નશો કરે છે અને ગુન્હાઓ કરે છે. નશાબંધી કાર્યક્રમ તેમને કારણેજ સફળ થતો નથી. તેવી અત્યંતીક માન્યતા જનસમુદાયમાં ઘણે અંશે આજે પ્રચલીત છે. આજે દેશમાં માત્ર બે રાજયોમાં જ દારૂબંધી થઇ છે. અન્ય રાજયોમાં શું માત્ર આદિવાસીઓ જ દારૂ પીએ છે ? શહેરોમાં મોટા ભાગની દુકાનમાં કોણ જાય છે ? આદિવાસીઓમાં દારૂનો વપરાશ જરૂર છે પણ તે માટે તેમને એકલાને ભાંડવાની જરૂર નથી. તેમાં વપરાતા દારૂ પાછળ તેમના જીવનની કેટલીક ભુમીકા છે. બીન આદિવાસીઓની જેમ માત્ર નશો કરવા માટે દારૂ પીવાતો નથી. તેઓ દારૂનો વેપાર કરતા નથી. દારૂની દાનચોરી કરતા નથી. કે તેઓ લઠ્ઠો બનાવતા નથી કે અન્ય માદક પીણાં જેવા ચરસ, પોટ, વિલાયતીદારૂ વગેરે પાછળ પડતા નથી. તેમનામાં દારૂનો વપરાશ જરૂર છે પણ કઇક સમજપૂર્વકનો છે. તેમના સાંસ્કૃતિક જીવનની ભુમિકાના સંદર્ભમાં સંકળાયેલા છે. એ ભુમિકા આપણે જયારે આદિવાસીઓ અને નશાની સમસ્યાનો વિચાર કરીએ છીએ ત્યારે જાણવો જોઇએ. દારૂ એક દુષણ જરૂર છે. પણ

તેમનો જીવનમાંથી તેને દૂર કરતા પહેલાં તેમના જીવનની ભૂમિકામાં તેના સ્થાનને સ્પષ્ટ સમજી લેવું જરૂરી છે. અને તોજ તેના ઉકેલની યોગ્ય દિશા સ્પષ્ટ થઈ શકશે, તેમ લાગે છે.

!૨! આદિવાસીઓમાં નશાનું સ્વરૂપ :

આદિવાસી સમુદાયોમાં મયાર્કનો ઉપયોગ તેમની સમગ્ર જીવન સંસ્કૃતિની સાથે વણાયેલો દેખાય છે. તેની પ્રકૃતિક જીવન સ્થિતિ, શ્રમવાળા કાર્યો, અપૂરતો અને ઓછા પોષણવાળો ખોરાક ધાર્મિક માન્યતાઓ, સામાજિક વિધિઓ, વગેરે, સાથે મયાર્કનો ઉપયોગ સંકળાયેલો છે. માત્ર નશો કરવા માટે જ તે વપરાય છે તેવું નથી. ઉપરાંત તે સમુદાયોમાં મયાર્ક તરીકે વપરાતાં પીણાં, આધુનિક બિન આદિવાસીઓ સમાજમાં વપરાતાં પીણાં જેટલાં જલદ કે તીવ્ર અસરવાળાં નથી. ઉલટું હળવાં હોય છે. અપૂરતાં અને ઓછા પોષણવાળાં ખોરાકની સ્થિતિમાં તે કેટલાંક પોષણ તત્વો પુરાં પાડનારો બને છે. તે સમાજ પાસે આરોગ્યની સગવડોનો અભાવ છે. અને પરંપરાગત મંત્રતંત્ર કે વનસ્પતિનો સહારો લે છે. મયાર્ક તરીકે વપરાતો દારૂ તેમના આરોગ્યમાં અમુક અંશે સ્પષ્ટ ઉપયોગી બનતો જોઈ શકાય છે. દા.ત. સુવાવડ, મુઢમાર, લોહીલુહાણ સ્થિતિ વગેરે.

આપણા દેશના આદિવાસીઓ કોઈને કોઈ પ્રકારના સ્વરૂપમાં મયાર્ક કે નશો કરનાર પદાર્થોનું સેવન થાય છે. જેમાં નિષેધાત્મક પદાર્થો અને પીણાં તરીકે ગણાય તેવાં પ્રકારોમાં ભાંગ, ગાંજો, અફીણ, તાડી અને દારૂ જેવાં પદાર્થો છે. જે તે પ્રાદેશિક સંદર્ભમાં વિવિધ સ્વરૂપો વિકસેલા છે. પણ આ સિવાયના બિન આદિવાસી સમાજોમાં નશાના વિકસેલા પદાર્થો છે. જેવાં કે વિલાયતી દારૂ, ચરસ, એલ.એસ.ડી., મેરાજુઆના, લઠ્ઠો, પોટ વગેરે ત્યાં નથી. ભારતના મહત્વના આદિવાસી વિસ્તારોમાં લેવાતો દારૂ નીચેના જુદા જુદા નામોથી ઓળખાય છે.

..૪/-

| ક્રમ. | પ્રદેશ | દારૂનું નામ |
| --- | --- | --- |
| !૧! | આસામ | એપેન્ગ |
| !૨! | નેફા અને નાગાલેન્ડ | ઝૂ |
| !૩! | પંજાબ અને હિમાલય પ્રદેશ | લુડગો |
| !૪! | આંધ્ર પ્રદેશ | કાલ્લુ |
| !૫! | મધ્યપ્રદેશ | ઈલ્લો |
| !૬! | બિહાર | પપાવે |
| !૭! | રાજસ્થાન | હરો, દારૂ |
| !૮! | ગુજરાત | હરો, દારૂ |

ભારતના મોટા ભાગના આદિવાસીઓમાં પીવાતો દારૂ જે તે વિસ્તારની સ્થાનિક બનાવટનો હોય છે. મહદઅંશે ચોખામાંથી તે બનાવવામાં આવે છે. સામાન્યત: આ દારૂ "ડિસ્ટીલ્ડ" પ્રકારના દારૂમાં આવતો નથી. અને તેથી તેની માદકતા બહુ હોતી નથી. જ્યારે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને સાતપૂડા વિસ્તારના આદિવાસીઓમાં મહુડામાંથી દારૂ બનાવે છે. જે માટે "ડિસ્ટીલ્ડ" પ્રક્રિયા કરવામાં આવે છે. આ ઉપરાંત આ વિસ્તારોમાં તાડી પણ પીવાય છે. જ્યારે ભાંગ, ગાંજો, ચલમ કે હુક્કા દ્વારા પીવાની પ્રથા છે. ભીલોમાં અફીણનો રિવાજ થોડા પ્રમાણમાં દેખાય છે.

!૩! આદિવાસી સંસ્કૃતિ સંબંધ :

!૧! આદિવાસીઓમાં દારૂનો સંબંધ તેમના સાંસ્કૃતિક જીવનનો એક ભાગ છે. સામાજીક પ્રસંગોએ સગાં અને મહેમાનોનું ઉમળકાભર્યું સ્વાગત કરવાનો ઉત્તમ માધ્યમ તરીકે ભારતના ઘણા આદિવાસીઓમાં વપરાતો જોવા મળે છે. વેરીયર એલ્વીન દર્શાવે છે કે નેફા અને આસામના આદિવાસીઓમાં મહેમાન ગતિના ઉત્તમ માધ્યમ તરીકે દારૂ આપે છે. તેઓ માને છે કે કાઈ પણ મિલન તેના વિના સફળ થતું નથી. તથા તે બધાને બંધનમાં બાંધે છે. એમના સમાજની દ્રષ્ટિએ મહેમાનોનું સૌથી ઉચામાં ઉચું સ્વાગતનું મૂલ્ય દારૂ પીરસવાથી ગણાય છે. અને તેથી કોઈ તે લેવાનો ઈન્કાર કરે તો સમગ્ર સમાજનું અપમાન થયું એમ તેઓ માને છે.

..૫/-

।૨। જન્મ, સગાઈ, લગ્ન, ધાર્મિક તહેવારો અને દેવ-દેવીઓની પૂજા પિતૃપૂજા વગેરે પ્રસંગોએ દારૂનું વિશિષ્ટ મહત્વ પીવા પીવડાવવા કરતાં પણ ધાર્મિક માન્યતાઓ સાથે ઘણું ઘેરી રીતે સંકળાયેલું દેખાય છે. ગુજરાતના ભીલ, દુબળા, ચૌધરી, ધોડિયા, ગામીત, રાઠવા, વસાવા, વારલી વગેરે આદિવાસીઓમાં પણ દારૂનું મહત્વ આજ પ્રકારનું જોવા મળે છે. તેમનાં દેવો, તેમનાં સ્થાનકો આપણા ઋષિકેશ, બદ્રિકેદાર, ગંગોત્રી, જમનોત્રી, હરદ્વાર, કાશી વગેરે જેટલાં જ મહત્વનાં છે. અને તેનું તેમને માહાત્મય છે. તેમનાં દેવો તેમની માન્યતા મુજબ અત્યંત શક્તિશાળી છે. દેવલીમાડી, પીઠોરમાતા આહિન્ડો ડાગાર કાળો કાકર, વગેરે દેવો અને સ્થાનકોએ કરવામાં આવતી પૂજા દારૂ વિના થાય જ નહિં તેમ તેઓ માને છે. રાઠવાના પીઠોરાની પૂજામાં ભીલોની ગોત્રજ તથા પાલિયાની પૂજામાં દક્ષિણ ગુજરાતના આદિવાસીઓનાં ખતરાની પૂજામાં દારૂની ધાર ન કરવામાં આવે તો પૂજા અધૂરી ગણાય છે. દેવ તથા પિતૃ તેથી નાખુશ થાય છે અને તેમને નુકશાન કરે છે તેવી દ્રઢ માન્યતા તેઓ ધરાવે છે. તેઓ તેમના દેવને ખુશ કરવા બધું જ કરી છૂટે છે.

।૩। તેમના સામાજિક રિવાજોમાં દારૂ એક અંગરૂપ બનેલો દેખાય છે. ઉત્તર ગુજરાતના ભીલોમાં, પંચમહાલના ભીલોમાં, ભરૂચના ભીલોમાં સગાઈ કરવા જવાની વિધિને "કરો પીવા" જેવું નામથી જ ઓળખવામાં આવે છે. દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ, ચૌધરી દૂબળા, ધોડિયા, વારલી, વસાવા, ગામીત વગેરેમાં સગાઈ માટે "નાની પીણી" અને લગ્ન માટે "મોટી પીણી" પ્રયોગો થતા આવ્યા છે.

..૬/-

!૪! સામાજિક સંબંધો બાંધવા કે તોડવા માટે પણ દારૂનો જ ઉપયોગ થતો આવ્યો છે. કોઈકે સામાજિક ગુનો કર્યો હોય અને તેને ન્યાત બહાર મૂકવામાં આવે તો હૂક્કા, દારૂ, પાણી તેની સાથે બંધ કરવામાં આવે છે. જો તેને પુન: પાછો લેવામાં આવે તો ન્યાત કરતી વખતે સમાજના આગેવાનોના દારૂની પડીયામાંથી તેમનો એઠો દારૂ થોડો આપવાનો હોય છે. જે પીવે એટલે પુન:પ્રવેશ મળે છે. આમ સામાજિક ન્યાય સ્થાપવામાં પણ તે એક માધ્યમ તરીકે દેખાય છે.

!૫! પૂર્વજ પુજામાં તેનું વિશિષ્ટ મહત્વ છે. ગુજરાતના ભીલો, રાઠવાઓ, ચૌધરી, ગામીત, વસાવા, વારલો વગેરે જાતિઓમાં વ્યક્તિના મરણ પછી પાળિયો કે ખતરું મૂકવામાં આવે છ. મૃત પિતૃને આ પ્રસંગે ભગત બડવો કે ભુવો અદશ્ય સ્વરૂપે બોલાવે છે. તેમ તેઓ માને છે. આ મૃત પિતૃનેનખુશ રાખવામાં આવે તો તે રુઠે છે અને કુટુંબીજનોને હેરાન કરે છે. વગેરે માન્યતાઓ તેઓ ધરાવે છે. એઠલે પિતૃપૂજામાં પણ તેનું મહત્વનું સ્થાન જોવા મળે છે.

!૬! ભીલોમાં દોરવામાં આવતા ગોત્રજ, રાઠવામાં દોરાતા પાઠારના દિવાલ ચિત્રોની ચિત્રોની પૂજા માટે ખાસ પ્રકારનો પવિત્ર દારૂ અગાઉથી તૈયાર કરવામાં આવે છે. રાઠવાઓના પીઠોરાના ચિત્રો માટેના રંગોમાં આ દારૂ નાંખવામાં આવે છે. આમ તેમના કલા જીવનમાં પણ તેમનું આગવું સ્થાન છે.

!૭! પીઠોરાની પૂંજાના દિવસોમાં બડવામાં ઉપવાસ રાખે છે અને કેટલાક નિષેધ રાખે છે. તેમને માટે જે પવિત્ર પીણાં ગણાય તેમાં દારૂનું મુખ્યસ્થાન છે. અને તેઓ દેવના પીણાં તરીકે ઓળખાવે છે. તેઓ જણાવે છે કે અમારા દેવો જે લે તે બધુ અમે લઈએ. એ દેવો તરફથી અમને મળેલી વસ્તુ છે. આમ એક

..૭/-

અતુટ શ્રધ્ધાનો તંતુ તેના સાથે જોડવામાં આવે છે.

!૮! આદિવાસીઓમાં દારૂ એક ખોરાક તરીકે વપરાય છે. સામાન્યત: બીનઆદિવાસીઓમાં તે નશા માટેજ પીવાય છે. જયારે ભારતના મોટા ભાગના આદિવાસીઓ જે સ્થિતિમાં જીવે છે તે સ્થિતિ અપૂરતા અને ઓછા પોષણવાળા ખોરાકની સ્થિતિવાળી છે. ચોખામાંથી બનાવવામાં આવતો દારૂ જેમાં "ડિસ્ટીલ્ડ" ની પ્રક્રિયા થતી નથી. તેનું આસામ, યુનિ.ના માનવશાસ્ત્ર વિભાગે વૈજ્ઞાનીક વિશ્લેષણ કર્યું છે તે દર્શાવે છે કે :

!૧! આ પ્રકારના દારૂમાં માદકતાનું તત્વ ઓછું હોય છે.

!૨! તે પોષણ તત્વોમાં ઉમેરો કરનારો છે. અને પૂરક ખોરાક તરીકે ઉપયોગી બને છે.

!૩! તેમાં દશ ટકા કેલેરી છે.

!૪! ૫.૩ ટકા કેલ્સીયમયુકત તત્વો.

!૫! ૧૧ ટકા ફોસ્ફરસયુકત તત્વો.

!૬! ૨૯.૦ ટકા લોહયુકત તત્વો.

!૭! ૮.૦૦ ટકા આઇસીનયુકત તત્વો.

અને તે અંગે, અભીપ્રાય આપતા, જણાવવામાં આવ્યું છે કે "કોઇપણ ભારતીય ખોરાક કરતા તે વધુ પોષણયુકત છે."

આ રીતે ગુજરાતના આદિવાસીઓમાં પીવાતી તાડી વિષે પણ વિચારવા જેવું છે. તાડીએ નીરાનું ફર્મેન્ટેડ સ્વરૂપ છે. એટલે નીરાના ગુણતત્વો તેમાં નાશ પામતા નથી. પણ તેમાં થોડું નશાનું તત્વ તેથી ઉમેરાય છે. એ દારૂ જેટલુ તીવ્ર નથી પણ ઘણી ઓછી માદક અસર કરનાર છે. એટલું જ નહિ પણ જે વિસ્તારમાં આજે એ પીવાય છે એ વિસ્તારોમાં આદિવાસીઓને બારમાસ પુરૂં ખાવાનું મળતું નથી. ત્યારે કુદરતી રીતે મળતા આ પોષણરસ પર તેઓ આધાર રાખે છે. ઉનાળાના ચાર મહીના તો તેઓ આ દવારાજ પેટનો ખાડો પુરે છે.

એટલે એક ખોરાક તરીકે તેનો અત્યંત ઉપયોગીતા છે. તે બાબત પણ ધ્યાનમાં રાખવા જેવી છે.

!૯! દારૂ કે મદ્યાર્કનું સેવન ભાન ભુલાવે છે અને ગુન્હાહીત કૃત્યો તરફ વ્યક્તિને દોરી જાય છે. આ આદિવાસીઓને દારૂની આ ટેવ તેમનામાં થતા ગુન્હાઓમાં કેટલે અંશે ભાગ ભજવે છે તે અંગેના કોઇ સ્પષ્ટ આંકડા મળતા નથી. છતાં જે છુટક છુટક વિગતો મળે છે તેને નીચે પ્રમાણે જોઇએ :

ડો. ટી.બી. નાયકે મધ્યપ્રદેશના પશ્ચિમ વિસ્તારમાં મુખ્યત્વે આદિવાસીઓની વસ્તીવાળો અને દારૂબંધી નથી એવા જાબર વિસ્તારની વિગતો "પ્રક્ષુબ્ધ પડોશીઓ" નામના લેખમાં ત્યાં થતા ગુન્હાઓની સ્થિતિની ચર્ચા કરી છે, સમગ્ર દેશમાં બનતા ગુન્હાઓ કરતાં એકલા એ વિસ્તારમાં થતા ગુન્હાઓનું પ્રમાણ ઘણું વધારે જોવા મળ્યુ છે. આ વિસ્તાર ગુજરાત રાજ્યની પૂર્વ સરહદની પંચમહાલ, તથા વડોદરા જીલ્લાની અડોને આવેલો છે. જેમાં દારૂબંધીના ગુન્હાનું પ્રમાણ નીચે પ્રમાણે છે.

| વર્ષ | ગુન્હાનું પ્રમાણ ટકામાં |
|---|---|
| ૧૯૭૧ | ૧૫.૩૫ |
| ૧૯૭૨ | ૨૦.૪૦ |
| ૧૯૭૩ | ૪.૬૦ |
| ૧૯૭૪ | ૩૧.૬૬ |
| ૧૯૭૫ | ૧૬.૬૪ |

આ દર્શાવે છે કે અન્ય પ્રકારના ગુનાઓ અને તે ગુનાના કુલ પ્રમાણ કરતાં આ પ્રમાણ ઓછુ દેખાય છે.

ગુજરાત રાજ્યમાં ૧૯૬૧ થી નશાબંધી દાખલ કરવામાં આવી છે. નશાબંધી મંડળની પુસ્તીકા ઉલ્લેખ કરે છે કે નશાબંધી અંગેના ગુનાઓનું પ્રમાણ દર વર્ષે સરેરાશ વધતુ જોવા મળે છે. આ કદાચ ગુના પકડવાની વધુ સજાગતાની લીધે હશે કે દારૂનો વપરાશ વધે છે તે વિષે વિચારકરતા કરે છે.

..૯/-

આ પુસ્તકોમાંથી જીલ્લાવાર જયાં આંકડાઓ મળે છે તે સાથે આદિવાસીઓની વસ્તીના સંદર્ભમાં દારૂના ગુનાની સમજવાનો પ્રયત્ન કરીએ તો ખ્યાલ આવશે કે આદિવાસીઓ દારૂ પીવે છે માટે વધુ ગુના કરે છે. તે આળ કેવું છે તેનો ખ્યાલ આવશે.

૧૯૭૧

| ક્રમ | જીલ્લો | આદિવાસી વ. ટકા | દારૂના ગુના પ્રમાણ ટકા |
|---|---|---|---|
| !૧! | અમદાવાદ શહેર | ૦.૭૨ | ૬.૦૯ |
| !૨! | મહેસાણા | ૦.૪૪ | ૫.૦૧ |
| !૩! | ખેડા | ૧.૦૩ | ૮.૦૨ |
| !૪! | સાબરકાંઠા | ૧૫.૦૧ | ૨.૦૦ |
| !૫! | પંચમહાલ | ૩૮.૫૫ | ૪.૩૯ |
| !૬! | વડોદરા | ૨૩.૦૩ | ૧૦.૦૪ |
| !૭! | ભરૂચ | ૪૩.૮૮ | ૮.૪૫ |
| !૮! | સુરત | ૪૬.૩૨ | ૨[illegible].૪૪ |
| !૯! | વલસાડ | ૫૪.૩૩ | ૧૪.૨૬ |
| | ઝાબુમા (મ. પ્રદેશ) | ૮૫.૦૦ | ૧૫.૩૫ |

આ વિગતોજ આપોઆપ સ્પષ્ટ કરે છે કે અમદાવાદ શહેર ખેડા જીલ્લો જયાં આદિવાસીઓનું પ્રમાણ નહિવત છે, ત્યાં દારૂબંધીના ગુનાનું પ્રમાણ જયાં આદિવાસી વસ્તી સારી એવી છે એ કરતાં અનુક્રમે સાબરકાંઠા, પંચમહાલ, ભરૂચ કરતાં વધારે છે. ખેડા અને ભરૂચમાં ગુનાનું પ્રમાણ લગભગ સરખું દેખાય છે.

આ ઉપરાંત ઝાબુઆ જીલ્લો જે મધ્યપ્રદેશમાં જયાં દારૂબંધી નથી તથા આદિવાસી વસ્તીનું પ્રમાણ ૮૫ ટકા છે ત્યાં દારૂના ગુન્હાનું પ્રમાણ ૧૫.૪૫ ટકા છે. જયારે ગુજરાતમાં જયાં દારૂબંધી છે, આદિવાસીઓનું પ્રમાણ તેના કરતાં અોછ

છે. તેવા વધુ વસ્તીવાળા જીલ્લા સુરતમાં ૨૪.૪૪ ટકા પ્રમાણ છે. શું આ પ્રમાણ આદિવાસીઓને કારણે વધારે છે ? ના. બિન આદિવાસીઓના ગેરકાયદે દારૂના પ્રવૃત્તિએ તથા દાણચોરીને કારણે છે એટલે દારૂબંધીના ગુનાનું પ્રમાણ ખરેખર ઝાબુઆમાં જયાં આદિવાસીઓની વસ્તી ઘણી છે તથા દારૂબંધી નથી ત્યાં વધારે દેખાવુ જોઇએ કે જયાં દારૂબંધી છે. આદિવાસી વસ્તી ઓછી છે ત્યાં આ દર્શાવે કે રાજયમાં દારૂબંધીના ગુનાઓ વધવામાં બીન આદિવાસીઓ વધારે કારણભુતછે એટલે આ સંદર્ભમાં આદિવાસીઓ પણ આપણે જે આળ મૂકીએ છીએ તે યોગ્ય નથી. આદિવાસીઓ દારૂનો જરૂર ઉપયોગકરે છે અને બીન આદિવાસીઓની જેમ ધંધો કરતા નથી. પ્રશ્ન દારૂનો આજે ધંધો ચાલે છે તો દારૂ પીવાય છે તેના કરતા પણ વધુ ભયંકર છે. નશાની સમસ્યા આદિવાસીઓ દારૂ પીવે છે તેથી વધી છે તે કરતાં આ પરિબળોથી તે વધુ ઘેરી બની છે. એમ કહેવું જોઇએ. એટલુજ નહિ પણ ઢેબર કમિશને તો આ દારૂનો ધંધો કરવાની બદિ આદિવાસીઓમાં બહારના તત્વો ન ગુસાડે તે માટે પણ તકેદારી લેવાનું સૂચવ્યુ છે.

દારૂ પીવાથી નશો ચડે છે અને તેથી વ્યકિત ગુનો કરવા પ્રેરાય છે છતાં આ સંદર્ભમાં આદિવાસી વિસ્તારમાં થતા ગુનાઓ માત્ર દારૂ પીવાને કારણેજ થાય છે તેમ પણ નથી. એ માટે તેમની સામાજીક, આર્થિક ભૂમિકા ઘણીજ મહત્વની છે. આર્થિક ભય, ભુખમરો, બિન આદિવાસીઓનુંશોષણ ત્રાસ વગેરે ધાડ, ચોરી, લુંટ તરફ તેમને પ્રેરે છે. તથા સામાજીક રીતે ચાલી આવતા વેર તેમને પરસ્પરની ખૂન કરવા પ્રેરે છે. ઝાબુઆ વિસ્તારમાં ડો. ટી.બી. નાયક ૧૯૫૨ થી ૧૯૬૧ સુધી દારૂ પીને ભાન ભુલી જઇને ખૂન જેવા ગુનાની વિગતો આપે તે પણ આ સંદર્ભમાં તપાસવા જેવી છે.

| વર્ષ | કુલ ખૂન | દારૂ પીને થયેલા ખુન | કુલ ટકા |
|---|---|---|---|
| ૧૯૫૨ | ૫૨ | ૧૦ | ૧૯.૨૩ |
| ૧૯૫૩ | ૫૩ | ૧૩ | ૨૪.૫૨ |
| ૧૯૫૪ | ૭૯ | ૧૬ | ૧૦.૨૫ |
| ૧૯૫૫ | ૭૭ | ૧૩ | ૧૬.૮૮ |
| ૧૯૫૬ | ૫૪ | ૧૦ | ૧૮.૫૧ |
| ૧૯૫૭ | ૧૦૯ | ૨૨ | ૨૦.૧૮ |
| ૧૯૫૮ | ૭૧ | ૧૦ | ૧૪.૦૮ |
| ૧૯૫૯ | ૧૦૧ | ૨૩ | ૨૨.૭૭ |
| ૧૯૬૦ | ૮૯ | ૧૭ | ૧૯.૧૦ |
| ૧૯૬૧ | ૯૯ | ૧૫ | ૧૫.૧૫ |

આ ટકાવારીથી સ્પષ્ટ થાય છે કે દારૂ પીવાને કારણે જે ખૂન થાય છે તેનું પ્રમાણ ઓછુ છે. અને બાકીના ખૂનો બીજા સંદર્ભમાં થાય છે. તેમ તેથી સ્પષ્ટ થાય છે. આ આંકડાકીય વિગતોથી એટલુ તો આપણે સ્પષ્ટ કરી શકીએ છીએ કે આદિવાસીઓમાં ખૂન કે અન્ય પ્રકારના ગુનાની મુખ્ય એક માત્ર કારણ દારૂ જ છે તેમ કહી શકાતું નથી. આર્થિક સામાજીક પરિસ્થિતિ તેમ પણ ભાગ ભજવે છે. માત્ર દારૂના વપરાશનેજ તે માટે દોષીત ઠરાવી શકાતો નથી.

!૪! નશા સમસ્યાનો અભિગમ :

સમાજમાં નશાખોરી અને તેની સમસ્યાના ઉકેલ માટે જયારે વિચાર કરીએ છીએ ત્યારે આદિવાસી સમુદાયોમાં દારૂના વપરાશની સ્થિતિ સામાન્ય બિનઆદિવાસી સમુદાયોમાં દારૂના વપરાશની સ્થિતિ સામાન્ય બિન આદિવાસીઓ કરતાં તદ્દન ભિન્ન છે. તે સ્પષ્ટ થવું જોઇએ. આદિવાસી સંસ્કૃતિના વિવિધ પાયા પરસ્પર એકબીજા સાથે આંતર ગુંફિત છે એટલે એકબાજા ઉપર આધારીત અને અસર કરનારાં છે. એ રીતે દારૂનો વપરાશ એક નશો કરવાના પીણા તરીકે

બાબત ઘણી ઉપયોગી છે. તેમાં બે મત નથી. પણ આદિવાસી વિસ્તારોમાં દારૂ કે નશાની સમસ્યા શી અને કેવી છે તે સ્થિતિ સમજીને તેને વિષે વિચાર થવો જરૂરી છે. આદિવાસી કલ્યાણ યોજનાના સંદર્ભમાં થયેલા ૧૯૬૦માં ઢેબર કમિશનના અહેવાલે આ બાબતનો અણસાર આપ્યો છે. તેમાં આદિવાસીઓ જે દારૂ પીએ છે તે અનાજમાંથી બનાવે છે, પૌષ્ટિક છે, ઓછા માદક છે, તેમ જણાવવામાં આવ્યું છે. પણ તેમની આ ટેવનો બિન આદિવાસીઓએ તેમનો સંપર્ક કરી ભયંકર શોષણ કર્યું છે. આ સંદર્ભમાં ઢેબર કમિશન અહેવાલ નોંધે છે કે આદિવાસીઓ પોતે જે દારૂ બનાવી પીએ છે તેનું જે થવાનું હોય તે થાય પણ બહારના લોકો દ્વારા પરચુરણીયા કે ડિસ્ટીલ્ડ દારૂ, કે દાણચોરીવાળા વિલાયતી દારૂનો તો કોઈ પણ ભોગે તેઓમાં પ્રવેશતા અટકાવવા જોઈએ. આ દર્શાવે છે કે આદિવાસીઓમાં પીવાતા રૂઢિગત દારૂ કરતાં બિન આદિવાસીઓ દ્વારા દારૂની બદી ફેલાવવાથી તેમને વધુ નુકશાન થાય છે. તેમ સ્પષ્ટ કરે છે. આ કમિશન આગળ નોંધે છે કે આદિવાસીઓના સ્થાનિક દારૂ વિષેની યોગ્યતા-અયોગ્યતા હજુ વિગતે ચકાસવા જેવી છે.

એટલે આદિવાસીઓમાં નશાની સમસ્યા બિન આદિવાસીઓ જેવી નથી. ઉપરાંત આ સંદર્ભમાં તેમની સાથે બિન આદિવાસીઓની જેમ કાયદાની દ્રષ્ટિએ વ્યવહાર ન કરવો જોઈએ. તથા બિન-આદિવાસીઓ દ્વારા નશાની સમસ્યાને ઉત્કટ બનાવવાની પ્રક્રિયાને ડામવાની કડક વ્યવસ્થા વિષે વિચારવું જોઈએ. બીજી બાજુ તેમનામાં આ દુષણને દૂર કરવા માટે આપણે સૌ પ્રથમ નીચેની બાબતોને ધ્યાનમાં લેવી જરૂરી છે.

!૧! દારૂ તથા મયાર્ક (તાડી) તેમના પોષણ તથા આહારના એક પુર રૂપે છે. માટે તેમના આહાર તથા પોષણના ખુટતાં તત્વો મળે તેવો ખોરાક અને અન્ય પોષક પીણાં અવેજી તરીકે તેમને મળે તેવી વ્યવસ્થા કર્યા વિના દારૂને એમને એમ ખસેડવો મુશ્કેલ છે.

!૨! તેમની ધાર્મિક, સામાજિક તથા માનસિક બાબતો સાથે તેનું ઘણું ઘેરું અનુસંધાન છે. તે બધામાં જયાં સુધી પરિવર્તન

દ્વારા ધંધો ચાલે છે. આમાં વેપારનું-ધંધાનું તત્વ હોઇ, દાણચોરીની પ્રવૃત્તિ પણ સારા પ્રમાણમાં વિકસે છે.

(૬) આદિવાસીઓ પરદેશી દારૂનો ઉપયોગ કરતા નથી. બિન-આદિવાસી તે માટે દાણચોરી કરે છે.

(૭) નશાખોરીનાં નવા તત્વો જેવાં કે ચરસ, પોટ, મેરીજુઆના, એલ.એસ.ડી., લઠ્ઠો જેવાનો વપરાશ આદિવાસીઓમાં નથી. બિન આદિવાસીઓમાં તે સારો એવો પ્રસરતો જાય છે.

(૮) આદિવાસીઓ દારૂ પોતાના ઉપયોગ માટે ગાળે છે. તથા તહેવાર, ઉત્સવો કે સામાજિક ધાર્મિક પ્રસંગોએ કે મહેમાન-ગતિ માટે તેઓ વાપરે છે. વેપાર કે કમાણીનાં સાધન તરીકે તેનો કોઇ જ ઉપયોગ થતો નથી.

(૯) દારૂના કારણે થતા ગુનાઓનું પ્રમાણ અને બિન આદિવાસીઓમાં તેને કારણે થતા ગુનાઓનું પ્રમાણ તથા પ્રકારોને વિચાર કરવામાં આવે તો કદાચ આદિવાસીઓમાં તે પ્રમાણ અને પ્રકાર ઘણા ઓછા જોવા મળવા સંભવ છે.

(૧૦) બિન આદિવાસીઓએ દારૂનો ધંધો શરૂ કરી આદિવાસીઓમાં રહેલી આ ટેવનો ફાયદો ઉઠાવી તેમનું શોષણ કર્યું છે. આદિવાસીઓએ કોઇનું આ સંદર્ભમાં શોષણ કર્યું નથી.

આમ બિન આદિવાસીઓમાં નશા સમસ્યા જે પ્રકારના અને સ્વરૂપની છે તેવી આદિવાસીઓમાં જોવા મળતી નથી. તેનું સ્વરૂપ તેથી જુદા પ્રકારનું છે. તેથી તેના ઉકેલ માટે પણ આપણે તેના સમગ્ર સાંસ્કૃતિક સંદર્ભમાં જ પ્રયત્ન કરવો જોઇએ. દારૂ છોડાવવાની પ્રક્રિયા તેમની એક માત્ર વ્યસનની ટેવ છોડાવવા જેવું નથી. પણ સમગ્ર જીવન વ્યવસ્થા કે સંસ્કૃતિનું રૂપાંતર કરવાની પ્રક્રિયા છે.

ભારતના બંધારણમાં કલમ ૪૭ હેઠળ દેશની પ્રજાના આરોગ્ય અને તંદુરસ્તી માટે રાજ્ય સરકારોએ પગલાં ભરવાં જોઇએ. તેમ સૂચવવામાં આવ્યું છે. તથા દારૂની બદીને નાબુદ કરવાની રજુઆત કરવામાં આવી છે. સમગ્ર પ્રજાજીવનના વિકાસ માટે આ

..૧૪/-

જ તે સમુદાયમાં નથી. પણ તેની સામાજીક, ધાર્મિક માન્યતાઓ, ફીલસુફી, રીવાજો, પ્રથાઓ, વિધિવિધાનો વગેરે સાથે તેનો ઘણો ઘેરો સંબંધ છે. તેમના જીવનની રચના તંત્રો અને ક્રિયાતંત્રો સાથે તે ગુંથાયેલો છે.

એટલે આદિવાસીઓને માત્ર દારૂડિયા કહી ધુત્કારવા ઉચીત નથી. પણ તેમનામાં વપરાતા દારૂ અને તેની ટેવ પાછળ રહેલી ભૂમિકાને આપણે સમજી સહાનુભૂતિપૂર્વક વિચાર કરવો જોઇએ. તથા તેમને આ ટેવમાંથી મુકત કરવા માટે માત્ર કાનૂની રાહે કામ ચલાવવાથી તેમની સમગ્ર જીવન સંસ્કૃતિને નુકશાન થશે. માત્ર દારૂને બંધ કરવાનો નથી. પણ તેમની સમગ્ર જીવન વ્યવસ્થામાં રહેલા બંધાયેલા તેના સંબંધોને પુન: વ્યવસ્થિત કરવાનું આયોજન કરવાનું છે. આ માટે અવેજીપણું વિચારી તેમના જીવનનું રૂપાંતર કરવાનું છે.

આમ આદિવાસીઓમાં અને બિનઆદિવાસીઓમાં દારૂના વપરાશની સ્થિતિ અને તે પરત્વેનું સ્વરૂપ ઘણુંજ જુદુ છે. જે નીચેની તુલના પરથી સ્પષ્ટ થઇ શકશે.

!૧! આદિવાસીઓ પોતાને જરૂરી દારૂ પોતે જાતેજ બનાવે છે જયારે બિનઆદિવાસીઓ વેચાતો લે છે.

!૨! આદિવાસી સમુદાયોમાં દારૂ એ મહદઅંશે ખોરાકના એક ભાગ રૂપે લેવાય છે. જયારે બિનઆદિવાસીઓમાં તે મહદ અંશે નશા માટેજ તેનો ઉપયોગ થાય છે.

!3! દારૂનો ઉપયોગ તેમના સામાજીક-ધાર્મિક, સાંસ્કૃતિક જીવન વ્યવસ્થા સાથે વણાયેલા છે અને તેનું મહત્વ છે. બિનઆદિવાસીઓ તેવું નથી.

!૪! આદિવાસીઓમાં તે એક ઘરગથ્થુ દવા તરીકે વપરાય છે. આધુનિક દવાઓ તેની પાસે ન હોઇ એક મહત્વના ઉપચાર સાધન તરીકે તે ઉપયોગમાં આવે છે.

!૫! દારૂનો વેપાર આદિવાસીઓ કરતા નથી. જયારે બિનઆદીવાસીઓ તેનો ધુમ વેપાર કરે છે. પરિણામે ગેરકાયદેસર દારૂ ગાળવાની મોટી મોટી ભઠ્ઠીઓ

ન આવે અથવા તે સંબંધો કોઇ અવેજી તત્વ તેમને આપણે ન આપી શકીએ ત્યાં સુધી તેમાંથી તેમને મુકત કરવા મુશ્કેલ દેખાય છે.

।૩। આદિવાસીઓનું સાંસ્કૃતિક જીવન ઘણું સરળ છે, એટલે બિન-આદિવાસીઓના સંપર્કને પરિણામે તેમની આ ટેવને લીધે તેમનું શોષણ કરવાનું તથા નવા માદક દ્રવ્યો તેમનામાં ઘુસાડી નવી ખોટી ટેવો તેમનામાં ન વિકસે તે માટે આદિવાસી વિસ્તારોમાં તેવા માદક પીણાં પ્રવેશ પર સખત પ્રતિબંધ મૂકવો જોઇએ.

।૪। દારૂબંધીના કાયદા અને સજાગતાને કારણે દારૂનું વેચાણ કે વપરાશ બંધ થયો છે. પણ બિન આદિવાસીઓ ગેરકાયદે દારૂ ગાળવામાં આદિવાસીઓનો ઉપયોગ કરે છે. અને તેમને તે રીતે ફસાવે છે. એ બાબત પરત્વે પણ તકેદારી રાખવી જોઇએ.

।૫। આદિવાસીઓને દારૂમાંથી છોડાવવાનું કામ આપણે ત્યાં જાણે અજાણે પણ વિવિધ ધાર્મિક સંસ્થાઓએ તથા સામાજિક સંસ્થાઓએ આદિવાસીઓમાં ધર્મ-સંપ્રદાયના પ્રચાર માટે તથા કેળવણી અને સમાજ સુધારાના પ્રયત્નો દ્વારા કર્યું છે. ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા અને બનાસકાંઠામાં સુરદાસ-લાલજીના ભકિત સંપ્રદાયે, પંચમહાલમાં ગોવિંદગુરૂ, દાસગુરૂ પ્રણામી સંપ્રદાયે ઝાલોદ સંતરામપુર દાહોદ તથા ગોધરાના ભીલો અને પટેલિયાઓમાં, વડોદરામાં સંતકેવલ અને રામનંદી સંપ્રદાયે રાઠવા અને ભીલોમાં, ભરૂચ, સુરતમાં સંત કેવલ સંપ્રદાય, મોક્ષમાર્ગી સંપ્રદાયે, તથા દેવીની ચળવળે, ભીલો, ચૌધરી, ગામીતમાં, વલસાડમાં સદાકાલ અને મોક્ષમાર્ગી સંપ્રદાયે ધોડિયા, ચૌધરીઓમાં જીવનનું રૂપાંતર કરવાના પ્રયત્ન કર્યા છે. અને દારૂને છોડાવવાનું કાર્ય આઝાદી પહેલાના વખતથી ચાલુ કર્યું છે.

આ ઉપરાંત ભીલ સેવા મંડળ દાહોદ, રાનીપરજ સેવા સભા વેડછી અને તેમની શાખાઓ અને અન્ય રચનાત્મક સંસ્થાઓના શૈક્ષણિક પ્રયાસોથી જાગૃતિ અને સમજ વિકસતાં જાય છે જેણે પણ જીવન પરિવર્તનનું ઘણું કામ કર્યું છે. આ પ્રયત્નોથી દારૂને તેમનામાંથી ખસેડવાનું કામ થઇ રહયું છે. માત્ર સરકારી પ્રયત્નો, પોલિસ અને ગુનાઓ નોંધવાની કાર્યવાહી આદિવાસીઓમાંથી દારૂની બદીને ખસેડી નહી શકે. ઉલટું તેથી તો ખાનગી સ્વરૂપે તેને પ્રવેશ પણ મળી જાય છે. અનેતનાવ પેદા થાય છે. જે માટે વહીવટ અને પોલિસ બન્નેનાં માનસ પરિવર્તનની પણ જરૂર દેખાય છે.

++++++++++
++++++++++

# "નશાબંધી અને આદિવાસીઓ"

: પરિસંવાદ :

તા.૨૩ અને ૨૪ જુલાઇ ૧૯૮૩

## ગુજરાતના આદિવાસીઓ અને દારૂબંધીની અસર

પટેલ અરૂણ ભા.

૧૯૮૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતની કુલ વસ્તી ૬૫,૮૧,૪૧,૦૦૦ હતી. જેમાં પુરૂષો ૩૩,૯૮,૯૬,૦૦૦ અને સ્ત્રીઓ ૩૧,૮૨,૪૫,૦૦૦ હતી. જ્યારે ગુજરાતની કુલ વસ્તી ૩,૪૦,૮૫,૭૯૯ ની હતી. જેમાં પુરૂષો ૧,૭૫,૫૨,૬૪૦ અને સ્ત્રીઓ ૧,૬૫,૩૩,૧૫૯ હતી. ૧૯૮૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની અનુસૂચિત જન-જાતિની વસ્તી ૪૮,૪૮,૫૮૬ ની હતી. જેમાં પુરૂષોનું પ્રમાણ ૨૪,૫૩,૫૬૬ અને સ્ત્રીઓનું પ્રમાણ ૨૩,૯૫,૦૨૦ નું હતું. આમ ગુજરાતની કુલ વસ્તીમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ ૧૪.૨૨ ટકા હતું. આદિવાસી વસ્તીમાં ગુજરાતનો ચોથો નંબર આવે છે. સૌથી વધુ આદિવાસી વસ્તી મધ્યપ્રદેશ, બિહાર અને ઓરિસ્સામાં આવેલી છે.

મારા ક્ષેત્રકાર્ય દરમ્યાન વડોદરા જિલ્લાનો છોટા ઉદેપુર તાલુકો કે જયાં મોટાભાગે અનુસૂચિત જનજાતિની વસ્તી વધુ વસેલી છે. ૧૯૮૧ ની વસ્તી ગણતરી પ્રમાણે છોટા ઉદેપુરની કુલ વસ્તી ૨,૪૦,૬૯૯ છે અને તેમાં અનુસૂચિત જનજાતિની વસ્તી ૧,૯૭,૨૨૨ છે. એટલે કે છોટા ઉદેપુર તાલુકાની કુલ વસ્તીના ૮૧.૯૪ ટકા આદિવાસી વસ્તી છે. ત્યાં લગભગ રાઠવા, નાયકા, ભીલ, ધાનકા અને કોલચા ઢોર-કોળી આદિવાસીઓ જોવા મળે છે.

છોટા ઉદેપુર તાલુકાના ક્ષેત્રકાર્ય દરમિયાન મને જાણવા મળ્યું છે કે ચૈત્ર અને વૈશાખ આ બન્ને મહિના તાડીની સરસ સીઝન છે અને મોટેભાગે ઘણાં જ આદિવાસી ભાઇઓ આ બન્ને મહિના ખૂબજ તાડી પીતા હોય છે. તેઓ આ સીઝનમાં બિલકુલ પાણી પીતા જ નથી અને ફકત તાડીનો જ કરી નશામાં પડયા જ

રહે છે. કોઇ કામકાજ કરતા નથી. માત્ર સ્ત્રીઓ જ કામ કરતી હોય છે અને તે પણ મહુડાના ફૂલ વીણવાનુ જ કામ કરતી હોય છે. આ મહુડામાથી દારૂ બનાવી તેઓ ખૂબજ પીતા હોય છે. તેઓ તો મોટામા મોટો તહેવાર અખાત્રીજ ગણે છે અને આ તહેવારે અતિશય દારૂ પીતા હોય છે કે જે દારૂ પહેલી ધારનો અથવા તેમે કુંવારો દારૂ કહે છે તેનો ઉપયોગ થતો હોય છે. જેમાથી નશામા એક બીજાના ખૂન પણ થાય છે. સામાન્ય રીતે તેઓ ચૈત્ર મહિનાથી દારૂ અથવા તાડીની શરૂઆત કરે છે અને દિવાળી સુધી ચાલુ રાખે છે. કારતક, માગશર, પોષ, મહા અને ફાગણ મહિનાઓમા લગભગ આ લોકો દારૂ કે તાડીનો ઉપયોગ કરતા નથી.

છોટા ઉદેપુર તાલુકામા કાનાવાટ ગામમા પહેલાના વખતમા ૪૦ વર્ષથી ઉપરની ઉમરવાળા કોઇ જોવા મળતા ન હતા એટલે કે ૪૦ વર્ષની ઉમર થાય તે પહેલા તો તેઓનુ ખૂન જ થતુ અને આ ખૂન દારૂના ખૂબજ નશામા જ થતા. અત્યારે આ પરિસ્થિતિ થોડી સુધરી છે. આમ આ રીતે પુરૂષો દારૂ પીયા જ કરે અને સ્ત્રીઓ મહુડા વીણી લાવે. જેથી પુરૂષો દારૂ પીને ખૂબ જ આળસુ બની પડયા જ રહે અને કોઇ પણ પ્રકારનુ કામ કરે જ નહી. અત્યારે કહેવાતા રાઠ વિસ્તારમા હજુ પણ એજ પરિસ્થિતિ જોવા મળે છે.

પહેલાના વખતમા (સ્ટેટ વખતે) દશેરાના તહેવાર ઉપર દસ દિવસ લોકો એટલો બધો દારૂ પીતા કે આ લોકોના પેશાબમા પણ દારૂની વાસ આવતી અને જયાને ત્યાથી આ દસ દિવસ બાદ પણ દારૂની વાસ મારતી. તે વખતે લગ્ન હોય કે મરણ હોય ત્યારે દારૂની ડીસ્ટીલરીએથી ૨૫ દેગડા જેટલો દારૂ વેચાતો. આ ઉપરથી કહી શકાય કે તે વખતે આદિવાસી લોકોને દારૂનુ કેટલુ બધુ મહત્વ હશે? અત્યારે દારૂબધીથી પણુ બધુ પરિવર્તન આવ્યુ છે. તે વખતે દારૂબધીની વાત કરીએ તો આદિવાસી લોકો ચિડાતા અને ગુસ્સે થતા. અત્યારે તેમને સમજાવી શકાય છે અને તેઓ પોતે કબૂલ પણ કરે છે. અત્યારે છોટા ઉદેપુર

તાલુકાના ૪૦ ગામ તો એવા સુધરી ગયા છે કે જેઓ લગભગ દારૂ પીતા નથી. ઓટસન કાઠા વિસ્તાર અને હેરનકાઠા કવાટ બાજુના લોકો પણ પણ દારૂબંધીની સારી એવી અસર થઇ છે. આ તાલુકામા પુનીયાવાડ, ધધોડા, સિમલફળીયા વગેરે ગામોમા પહેલાના વખત કરતા અત્યારે ખૂબજ પરિવર્તન આવ્યુ છે. ત્યાના લોકો સારી એવી ખેતી કરતા થયા છે અને ધધોડા ગામમા લોકો ૨૦૦ ટન જેટલુ તો ખાતર વાપરતા થયા છે. આ ગામોમા આદિવાસીઓ ટ્રેકટર પણ રાખતા થયા છે અને લગભગ દરેકને ઘરે દરરોજ મહેમાન માટે દૂધ, કોફી વગેરે રાખતા હોય છે. આખો દિવસ કોઇ ન આવે તો જ દૂધ વાપરી નાખતા હોય છે. જ્યારે રાઠ વિસ્તાર બાજુ કોઇ ગયુ હોય તો તે લોકો એમ કહે છે કે "સાહેબ તુ આવવાનો હતો તે ખબર ન હતી તેથી કઇ જ ન મળે." વાસ્તવમા દૂધ તો ઠીક છે પણ ચા, ખાંડ કે ખાવાનુ તેના પોતા માટે જ ન હોય તો બીજાને શુ આપે? આમ હજુ પણ રાઠ વિસ્તારમા લોકો સખત દારૂ પીવે છે અને એકબીજાના ખૂન પણ કરે છે. રાઠ વિસ્તારમા દારૂબંધીની અસર ખૂબજ ઓછી થઇ છે.

ટૂકમા દારૂબંધીથી આદિવાસી લોકોની આર્થિક સ્થિતિ ઘણી જ સારી થઇ છે. જે લોકો દારૂ તાડી છોડતા નથી તેમની આર્થિક સ્થિતિ હજુ પણ નબળી જ છે અને નબળી જ રહેવાની કારણ આવા વ્યસનથી દરેકને કામકાજ કરવાનુ મન જ ન થાય અને પડી રહે. કોઇ કામે બોલાવે તો પણ મજૂરીએ ન જાય. અત્યારે રાઠ વિસ્તારમા એક રોડનુ કામ ચાલુ કરવાનુ છે, પણ કોઇ મજૂરી કરવા જ તૈયાર નથી.

oooooooo

નિર્દેશ
શિકાર
ઓળખવા
રહીને
વ્યક્તિ
આદિવ
આદિવ
એ શબ્દ
લેને
આવ
કરતા
જણાય
કરવા
છો
તેમન
હવે

## દારૂ અને આદિવાસીઓ

-હેમીક્ષારાવ.

વેદોમાં બે પ્રકારની સભ્યતાવાળુ જીવન જીવતા લોકોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. (૧) જેઓ જંગલમાં રહીને મજૂરી કે શિકાર કરીને પોતાનુ ગુજરાન ચલાવતા હોય તેઓને 'વ્રાત્ય' તરીકે ઓળખવામાં આવે છે અને (૨) બીજો પ્રકાર જેઓ નગરો તથા ઘરમાં રહીને ખેતી ઉપર જીવન ગુજારી સદાચાર અને સભ્યતાવાળુ જીવન વ્યતિત કરવાવાળા હોય છે તેને 'શાલીન' તરીકે ઓળખવામાં આવે છે. 'આદિવાસી' શબ્દ એ વ્રાત્ય લોકો માટે વાપરવામાં આવે છે. જોકે 'આદિવાસી' કે 'અનુસૂચિત જનજાતિ' 'Schedule tribe' એ શબ્દ વિદેશીઓની દેણ છે.

અહીં આપણે આદિવાસીઓના જીવનમાં દારૂનુ શુ સ્થાન છે? અને તેને અંગેના તેમના અભિપ્રાયો-વલણો અને સૂચનોની અહીં ચર્ચા કરવામાં આવી છે.

દારૂ એ ફકત ગામડામાં વસવાટ કરતા કે શહેરમાં વસવાટ કરતા ગરીબ કે અમીર એવા કોઇપણ પ્રકારના ભેદભાવ વગર દરેક જગ્યાએ ઓછીવતી માત્રામાં પણ તેનુ એક યા બીજા સ્વરૂપે સેવન કરવામાં આવતુ હોય છે. અને દારૂનો એક વખત રંગ લાગ્યા બાદ તેને છોડવુ ઘણુ દુષ્કર કાર્ય બની જાય છે. કેટલાક લોકો બીમારીમાં ઔષધીના રૂપમાં દારુને પીવે છે જ્યારે કેટલાક લોકો ચિંતામાથી મુકિત મેળવવા માટે પીતા હોય છે. કેટલાક ફેશનને કારણે તો કેટલાક ધાર્મિક કાર્યના બહાનારૂપ પીતા હોય છે, કેટલાક ખરાબ સોબતને કારણે દારૂ જેવા માદક પદાર્થોનુ સેવન કરતા જોવા મળે છે. આમ દારૂનુ સેવન દરેક હાલતમાં કોઇને કોઇ પ્રકારે ઘણા સમાજમાં થતુ જોવા મળે છે.

એમ મનાય છે કે આદિવાસી સમાજમાં દારૂ અને તાડીનુ સેવન તેમના જીવનનુ એક અંગ બની ગયુ છે. તેઓ દારૂનો ઉપયોગ મહદ્ અંશે દેવદેવીને રીઝવવા માટે કરતા હોય છે. જ્યા સુધી દારૂનો તેમના

દેવને ભોગ ચઢાવવામા ન આવે ત્યા સુધી તેમનો ધર્મ અધૂરો રહી જાય છે. તેમના લગ્ન, મૃત્યુ અને પૂજા જેવા ધાર્મિક, સામાજિક પ્રસંગોમા પણ દેવો તથા મહેમાનોને જ્યા સુધી દારૂ ન આપે ત્યા સુધી તેમનુ કાર્ય પૂરૂ થતુ નથી. આમ મહેમાનગતિના બહાનારૂપ કે સાંસ્કૃતિક પરંપરાગત રીત-રિવાજોના પાલન કરવા માટે પણ દારૂનો ઉપયોગ તેઓ કરતા હોય છે. બિમારીના સમયમા પણ બડવો (વૈદ) ઔષધિ આપતા પહેલા દેવની ભેટ માટે દારૂનો નિર્દેશ કરે છે. કેટલાક સમાજમાનવશાસ્ત્રીઓ કહે છે કે આદિવાસીઓમા પ્રેમથી એકબીજાને ઉપહારના રૂપમા પણ દારૂ અરસપરસ પાવામા આવે છે. તેમના ઉત્સવોમા બલી આપે છે. તે વખતે દારૂનુ સેવન કરવામા આવે છે કારણકે તે સર્વ તેમના ધર્મના નામે કરવામા આવે છે. કેટલીક-વખત દારૂની ટેવને કારણે તેઓ હમેશા પીતા હોય છે. તેમાથી તેમને એક પ્રકારનો ક્ષણિક આનંદ પ્રાપ્ત થતો હોય છે. કયારેક આદિવાસીઓ માનસિક ચિંતા દૂર કરવા, ભૂખ લગાડવા, કે મનની ઇચ્છા સંતોષવા, મિત્રોના આગ્રહને કારણે અથવા તો ભારે મજૂરીનુ કામ કરવુ હોય ત્યારે, થાક ઉતારવા, પૂર્વજોના આત્માને શાંતિ મળે તે માટે, દારૂ પવિત્ર વસ્તુ છે માટે, ઉંઘ સારી લાવવા માટે, આમ અનેક પ્રસંગોપાત, કારણોને લીધે તેઓ દારૂનુ સેવન લગભગ નિયમિત રૂપે કેટલાક આદિવાસીઓ કરતા હોય છે.

હવે એક પ્રશ્ન એ છે કે જ્યારે દારૂ તેમનુ જીવન બની ગયુ હોય ત્યારે આદિવાસીઓને દારૂ તથા અન્ય માદક પદાર્થોના સેવનમાથી કારણકે અર્ધ સરકારી કે સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયત્નો તેમને મુક્તિ અપાવી શકશે ખરા ? જો કે આ કાર્ય કરવુ ઘણુ કઠિન છે પણ એ થઇ શકે છે. એમની સંસ્કૃતિમા જ દારૂની અને દારૂપીવાની વિરુધ્ધમા ઘણુ બધુ બોલાતુ હોય છે. કહેવાય છે કેટલાક આદિવાસી લોકોએ તો દારૂને છોડી દીધો છે. જો તેવા કાર્યકરોની મદદ લઇને અન્ય નિષ્ઠાવાન કાર્યકર્તાઓ પરિશ્રમ, મહેનત અને ખંતથી લાંબા સમય સુધી તેમના સહવાસ રહીને પ્રયત્ન કરશે તો જરૂર તેમા તેઓ સફળતા મેળવી શકશે. કારણકે આદિવાસીઓ પણ કેટલેકઅંશે દારૂ થી થતી વિપરીત અસરોથી જ્ઞાત થયા છે. જાગૃત થાય છે અને તેઓ જાણે છે કે દારૂના એક વ્યસનથી તેની સાથે અન્ય પ્રકારના વ્યસનો પણ લાગી જતા હોય છે તેનાથી ઘણી શારિરીક-માનસિક રોગોના ભોગ બનતા હોય છે. દારૂ તથા અન્ય માદક પદાર્થોના સેવનથી તેઓ

આર્થિક મુશ્કેલીમા મુકાઇ જાય છે. એક તો તેની પાછળ ખર્ચ ઘણો થાય છે. તેનાથી મિલકત ગુમાવવી પડે છે. ઘરબાર-જમીન વેચવી પડે છે. દેવાની પરિસ્થિતી ઉભી થાય છે તેમજ પતિ-પત્ની વચ્ચે ઝઘડાઓ વારંવાર થતા કેટલીક વખત આત્મહત્યા કે છૂટાછેડાના કિસ્સાઓ પણ બને છે. તેનાથી કુટુંબનુ વિઘટન થાય છે અને સામાજિક સંબંધો તથા પ્રતિષ્ઠા ગુમાવવી પડતી હોય છે આમ અનેક વિપરીત અસરોથી જ્ઞાત થયા હોવાથી તેઓ કેટલેક અંશે દારૂબંધીને સ્વીકારવા તૈયાર થતા હોય છે.

હવે દારૂની બદીને છોડાવવા માટે સરકાર દ્વારા ઘણા પ્રયત્નો કરવામા આવે છે. આદિવાસી વિસ્તારમા સૌ પ્રથમ દારૂબંધીનો પ્રચાર ડાંગની આદિવાસી સ્ત્રીઓ દ્વારા કરવામા આવ્યો હતો કારણકે દારૂના વ્યસનને કારણે જે પરિણામો ઉભા થયા છે તેનો ભોગ બહેનોએજ બનવુ પડતુ હોય છે તેથી તેને સફળ બનાવવાની ઝુંબેશ આદિવાસી સ્ત્રીઓએ કરી હતી. જો સરકાર દ્વારા તેમને અન્ય રોજીરોટી આપવામા આવે તો તેઓ આવા વ્યસનમાથી ધીમે ધીમે મુકત થઇ શકે. કારણકે આદિવાસીઓ મોટાભાગે જયારે બેકાર હોય છે ત્યારે તેનુ સેવન વધુ પડતુ કરતા હોય છે. જેમકે ચોમાસાની ઋતુમા ખેતી હોવાથી તે સમયે દારૂનુ સેવન ઘણુ ઓછુ કરતા હોય છે પરંતુ જયારે ખેતી કે અન્ય મજૂરી કે કામકાજ ન હોય ત્યારે તેઓ આવા માદક પદાર્થોનુ સેવન વધુ કરતા હોય છે. આદિવાસી વિસ્તારોમા આદિવાસીઓ દારૂની બદીમાથી મુકત થાય તેવા શૈક્ષણિક માધ્યમ દ્વારા અસરકારક પગલા લેવા જોઇએ તેના માટે નૈતિક સમજાવટ દ્વારા તેઓ સ્વેચ્છાએ તેનો સ્વીકાર કરે તેમ કરવુ જોઇએ તદ્ઉપરાંત જ્ઞાતિનુ સંગઠન કરી તેના દ્વારા દારૂ પીનારને તથા દારૂ ગાળનાર ઉપર પ્રતિબંધ કરી દંડની જોગવાઇ હોય તો તેની માત્રા ઘટાડી શકાય છે. આદિવાસીઓમા ધર્મના નામે દારૂનો ઉપયોગ જે થાય છે તેને દૂર કરવા માટે ધર્માંતરની પ્રવૃત્તિ કરી ધર્મનો સુધારો કરવાથી તેના પ્રચારથી તેને હળવો બનાવી શકાય. ત્યારબાદ મનોરંજન પ્રવૃત્તિમા દારૂના વિપરીત પરિણામોની અસરના સંદર્ભમા ફિલ્મશો રાખી બતાવવામા આવે તો પણ

તેની અસર થાય અને તે રીતે ધીમે ધીમે દૂર કરી શકાય. કાયદાની મદદ લઇને.તેના કડક પગલા લેવામા આવે તો પણ તેને હળવી કરી શકાય. આદિવાસી વિસ્તારોમા આદિવાસીઓને દારૂથી દૂર કરવા માટે વહીવટીતંત્ર કે સરકારી કર્મચારીઓની જે મદદ મળવી જોઇએ તેને બદલે તેઓ ત્યા જઇને દારૂનુ સેવન કરતા હોય છે આમ દારૂબંધીનો પ્રચાર કરનાર વ્યકિતઓ જ દારૂનુ સેવન વધુ પ્રમાણમા કરતા જોવા મળે છે. આમ દારૂબંધીને આદિવાસી વિસ્તારમા સફળ બનાવવા માટે દારૂબંધીના કાયદાનો કડક અમલ તેમજ વહીવટી તંત્રની ઉણપો ને દૂર કરીને ઉપરોકત કેટલાક સૂચનોનો અમલ કરવામા આવે તો કેટલેક અંશે તેમા સફળતા મેળવી શકાય.

---

આદિવાસી સશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

# "નશાબધી અને આદિવાસીઓ"

: પરિસવાદ :

તા. ૨૩ અને ૨૪ જુલાઇ, ૧૯૮૩

## દારૂ

ગીરીશભાઇ ભટ્ટ

આ નોધ લેખકે વિદ્યાપીઠે વિકાસમા લીધેલ ગામોની મોજણી કાર્ય સમયે એક કુટુબમા દારૂ બનાવાતો જોયો અને તે પછી અન્ય લોકો સાથે આ અગેની ચર્ચાના ફળ રૂપે તૈયાર કરવામા આવી છે.

આ નોધમા સબધિત ગામને "પસદ થયેલ ગામ" તરીકે ઉલ્લેખ કરેલ છે.

પસદ થયેલ ગામ ધરમપુરથી ૨૫ કિલોમીટર અને વાપીથી ૧૯ કિલોમીટરના અતરે આવેલુ છે. ધરમપુરથી વાપીનો રસ્તો પાકો છે. પસદ થયેલ ગામમા ધોડિયા પટેલ, કોળી પટેલ, ભડારી, નાયકા, આહિર, રોહિતની વસ્તી છે. પડોસના ગામમા ધોડિયા પટેલ, કુકણા; નાયકા; વારલી, મહાર લોકો રહે છે. પસદ થયેલ ગામ અને તેના પડોસના ગામમા હિન્દી ભાષી (ભૈયા) લોકો વસે છે. ધરમપુર તાલુકામા રહેતી મુખ્ય જાતિઓ પસદ થયેલ અને પડોસના ગામમા વસે છે.

પસદ થયેલ અને તેના પડોસના ગામમા ધોડિયા પટેલ, કોળી પટેલ, કુકણા લોકો પાસે ગામની મોટાભાગની જમીન ધરાવે છે. ધોડિયા અને કોળી પટેલ બને જાતિ આર્થિક રીતે સુખી છે.

પસદ થયેલ ગામમા ૭ ધોરણ સુધીની પ્રાથમિક શાળા, આશ્રમશાળા, બાજુના ગામમા હાઇસ્કૂલ અને ઉત્તર બુનિયાદી શાળા છે.

ગામના સત્તાના માળખામા ધોડિયા લોકો મહદઅંશે નિર્ણાયક ભાગ ભજવે છે. માહિતી દર્શકોની યાદદાસ્ત હોય ત્યા સુધીના ગાળામા સરપંચ અને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના સભ્યપદે ધોડિયા જાતિમાથી જ ગામની વ્યક્તિઓ આવેલી છે. ધોડિયા જાતિની કેટલીક વ્યક્તિઓ રાષ્ટ્રીય પક્ષોના તાલુકા કક્ષાના માળખામા પ્રમુખ અને મંત્રી તરીકે રહ્યા છે.

પસંદ થયેલ ગામમાથી કોલક નદી પસાર થાય છે. જે ગામને બે વિભાગમા વહેચે છે.

પસંદ થયેલ ગામમા અનાજ કરીયાણાની દુકાન કોળી પટેલ, ભંડારી, હિન્દી ભાષી (ભૈયા) લોકો ધરાવે છે.

પસંદ થયેલ ગામની પાંચ કિલોમીટરની અંદરના ગામોમા બે હાટવાડા ભરાય છે.

દારૂ બનાવતા કુટુંબની મુલાકાત લેવામા આવી ત્યારે કુટુંબના ત્રણ સ્ત્રી સભ્યો અને ત્રણ બાળકો હાજર હતા. કુટુંબના પુખ્ત ઉંમરના બે પુરૂષ સભ્યો હાજર હતા નથી. કુલ ૮ વ્યક્તિનુ કુટુંબ છે.

પુરૂષ સભ્યો ખેતી અને ખેતમજૂરીનુ કામ કરે છે. આ કુટુંબ પાસે બે એકર જમીન છે. જમીન જરાયત છે. ચોમાસુ પાક જ લેવાય છે. આ કુટુંબ આદિવાસી હતુ.

સ્ત્રીએ કચ્છોટો વાળેલો ભૂરા રંગનો સાડલો પહેરેલો હતો અને તેવા જ રંગની ચોળી પહેરેલી હતી. બાળકોએ ફક્ત એક જ ચડ્ડી પહેરેલી.

મકાન કાચુ, એક રૂમની અંદર બીજો રૂમ પાડેલો. તેમા અનાજ ભરેલુ હતુ. એક રૂમમા ચૂલો હતો. તેના ઉપર દારૂ અને ખોરાક બનાવે, એક ખૂણામા માટીના વાસણમા કાળો ગોળનુ મિશ્રણ હતુ. જેમાથી છમ્ છમ્ છમ્ અવાજ આવતો હતો અને ફીણ ઉપર આવીને ફૂટી જતા હતા. આવુ જ મિશ્રણ એક પતરાના ડબ્બામા પણ તૈયાર થતુ હતુ. દારૂ બનાવવા માટેની આ શરૂની

પ્રક્રિયા ગણાવી શકાય. આ મિશ્રણમાથી જયારે છમ્ છમ્ છમ્ અવાજ આવતો બંધ થાય ત્યારે તે મિશ્રણ દારૂ માટે તૈયાર થયુ ગણાય. તે મિશ્રણ પતરાના ડબ્બામા રેડી અને ચૂલા ઉપર મૂકવામા આવે ડબ્બાની બે બાજુને એક કરવા માટે એક લોખંડનો વાયર ડબ્બાની અધવચે મૂકી તેના ઉપર :ફણી: મૂકે. આ ફણી લાકડામાથી બનાવે. ચોરસ લાકડાનો ટુકડો લે અને આગળ હાથો રાખી બે ખૂણેથી ધારણ પાડે અને તે ધાર હાથા સુધીની હોય.

ડબ્બાની એક બાજુના ઉપરના ભાગમા કાણુ હોય જે કાણા પાસે ફણીનો હાથો આવે અને બહાર એક લોખંડની ભૂંગળી રાખે. આ ભૂંગળીનો એક છેડો ડબ્બાની અંદર ફણી સાથે મળે તે રીતે અને એક છેડે બહાર રહે તે રીતે રાખે. જયા સાધો આવે ત્યા ગારાથી લીંપી દેવામા આવે. જેથી ત્યાથી વરાળ બહાર જઇ ન શકે.

ડબ્બાની અંદરનુ મિશ્રણ ગરમ થાય અને તેની વરાળ તૈયાર થાય તે વરાળ ઠંડી પાડી અને પ્રવાહીના રૂપમા ફણીની ધાર-માથી લોખંડની નળી વડે શીશામા પ્રવાહી ભેગુ કરે આ પ્રવાહી આંગળી ઉપર લઇને અગ્નિ પાસે લઇ જતા તીવ્ર રીતે સળગે.

ડબ્બાનુ મિશ્રણ ગરમ થાય અને વરાળ બને કે તુરંત ડબ્બા ઉપર ઠંડા પાણીનુ તપેલુ મૂકવામા આવે. તપેલાનુ પાણી ગરમ થાય તેટલે તે પાણી લઇ તેની જગ્યાએ ઠંડુ પાણી રેડે જેથી વરાળનું પ્રવાહીમા રૂપાંતર જલ્દી થાય. તપેલાની અને ડબ્બાની ધાર ઉપર માટી લગાવે. જેથી વરાળ બહાર જઇ ન શકે.

ડબ્બામા બે કિલો કાળો ગોળ, નવસાર, ૩ લીટર પાણીમા મિશ્ર કરી બે દિવસ રહેવા દઇને ચૂલા ઉપર મૂકવામા આવ્યુ હતુ. તેમાથી ૧॥ લીટર પ્રવાહી તૈયાર થયુ. તે પછી ડબ્બામાથી પડતુ પ્રવાહીને આંગળી ઉપર લઇ અગ્નિ પાસે લઇ જતા સળગતુ નહીં. પહેલા શીશામા રહેલુ પ્રવાહી વધારે તીવ્ર રીતે સળગતુ હતુ. બીજા શીશાનુ પ્રવાહી તે કરતા ઓછી તીવ્ર રીતે સળગતુ હતુ અને તે પછીનુ પ્રવાહી સળગતુ જ ન હતુ.

૧।। લીટર પ્રવાહી તૈયાર થતા એક કલાક થયો. આ તૈયાર થયેલુ પ્રવાહીને એક તપેલીમા નાખી અને તેમા ઠંડુ પાણી રેડતા ગયા અને આંગળી ઉપર લઇ અગ્નિ પાસે લઇ જતા પ્રવાહી મંદ રીતે સળગે ત્યા સુધી ઠંડુ પાણી મૂળ પ્રવાહીમા રેડતા ગયા. ૨।। લીટર પ્રવાહી તૈયાર થયુ. આ પ્રવાહી તે જ દારૂ. પસંદ થયેલ ગામના વેચાણ ભાવ મુજબ ૧૫/- રૂપિયાનો દારૂ થયો. જેનો ખર્ચ ૨ કિલો કાળો ગોળના ૩/- રૂપિયા, તેને ગરમ કરવા માટે લાકડા અને કેરોસીનનો ૧/- રૂપિયો, વર્તમાન મજૂરીના દર પ્રમાણે (૯-૫૦) એક કલાકના ૧-૨૦ પૈસા, ૦-૩૦ પૈસા સાધન સામગ્રીના ઘસારા ખર્ચ, પાણી ભરીને લાવવાની મજૂરી વિગેરે ખર્ચના કુલ પાંચ રૂપિયા અને પચાસ પૈસાનો ખર્ચ થયો. તૈયાર થયેલ દારૂની રકમમાંથી આ ખર્ચ બાદ કરતા કુલ રૂ. ૧૧-૫૦ નો તફાવત રહયો. આને આપણે ચોખ્ખો/નફો ગણાવી શકીએ.

દારૂ બનાવનાર કુટુંબ સાથેની પ્રશ્નોત્તરી :

પ્ર. તમે શા માટે દારૂ બનાવો છો?

જ. કુટુંબના પુરૂષ સભ્ય અને સ્ત્રી સભ્યને દારૂ પીવાની આદત છે. રોજનો ૭-૦૦ રૂપિયાનો દારૂ પીવા જોઇએ. આટલા પૈસા રોકડા ન મળતા દારૂ ઘરે બનાવીને પીએ અને તેમાંથી જ ૪-૦૦ રૂપિયા વધે તે ઘરખર્ચમાં કામ લાગે.

પ્ર. ઘરવપરાશ માટે મજૂરીએ કેમ નથી જતા?

જ. મજૂરી બારે માસ મળતી નથી. જે મળે તે ૮ કલાકની મહેનતના અતે ચાર રૂપિયા મળે. જયારે દારૂ બનાવવામાં શારીરિક મહેનત ન પડે અને જેટલા પૈસા આઠ કલાક શારીરિક મહેનતથી મળે તેટલા પૈસા એક કલાકમાં મળે.

પ્ર. કાળો ગોળ કયાથી લાવો?

જ. ગામમાં પરચૂરણ વસ્તુનુ દુકાનમાંથી અને હાટવાડામાંથી ગોળ સાથે નવસાર આપે.

પ્ર. દારૂ બનાવવો તે ગુનો છે? તેનો ખ્યાલ છે?

જ. હા, દારૂ બનાવવો અને પીવો તે ગુનો છે. તે ખબર છે, તેથી જ તૈયાર દારૂ ઘરમાં સંતાડીને રાખીએ અથવા ઘર નજીકની ખુલ્લી જમીનમાં દાટી મૂકીએ. જ્યારે તેનું મિશ્રણ પણ ઘરની બહાર સંતાડીને રાખીએ. ઘરના સ્ત્રી સભ્યો જ દારૂ બનાવે, જેથી પોલીસ પકડવા આવે તો પણ માર-કૂટ ન કરે અને નાના છોકરાંની દયા ખાઇને છોડી મૂકે. દારૂ બનાવવાનો સમય પણ વહેલા સવારે અથવા તો રાત્રે જ પસંદ કરીએ. જેથી બહારની વ્યક્તિની ગામમાં અવરજવર ઓછી હોય.

પ્ર. તમારા કુટુંબમાં અથવા ગામમાં અન્ય જગ્યાએ દારૂ બનાવનાર વ્યક્તિને પકડવા પોલીસ કે દારૂબંધી ખાતાની વ્યક્તિ આવી છે?

જ. ના. મને યાદ છે ત્યાં સુધીમાં ગામમાં પોલીસ કે દારૂબંધી ખાતાની વ્યક્તિ કોઇને પકડવા આવી નથી. દારૂ બનાવનાર કે પીનાર બન્નેમાંથી કોઇને પકડવામાં આવ્યા નથી.

પ્ર. તમે કેટલા વર્ષથી દારૂ બનાવો છો?

જ. ૨૦ વર્ષથી દારૂ બનાવું છું.

પ્ર. તમારા ગામમાં કેટલી વ્યક્તિ દારૂ બનાવતી હશે?

જ. અડધા લોકો. (અંદાજે)

પ્ર. દારૂ વેચવા જવું પડે કે ઘરેથી વેચાઇ જાય? જે ઘરેથી દારૂ વેચવામાં આવે તો કોણ લઇ જાય?

જ. દારૂ વેચવા જવું ન પડે. ઘરેથી ગામના આદિવાસી લોકો તેમજ અન્ય જાતિના લોકો જેવા કે કોળી પટેલ, આહિર, ભૈયા વિગેરે ઘરે આવીને પી જાય. રોડ કામ અને નહેર કામે આવેલ મજૂરો પણ ઘરે આવી પીં જાય.

ઘણીવાર સરકારી ઓફિસના માણસો ગામની મુલાકાતે આવે ત્યારે તેઓ પણ દારૂ પીવા માગે છે.

(દારૂ બનાવનાર કુટુંબનો એક સભ્ય મેલેરિયા ખાતા દ્વારા ગામમાં દવા આપનાર તરીકે પસંદ થયો છે. તેથી આ

પોતાના અને કુટુંબ નિયોજનના કામ માટે અવારનવાર સરકારી વ્યક્તિ આવે છે.)

પ્ર. દારૂ રોકડે વેચો કે ઉધાર?

જ. બન્ને રીતે. ઘણીવાર ઉધાર પણ આપવો પડે કારણ કે ઉધાર ન આપીએ તો તે ગ્રાહક અન્ય જગ્યાએ પીવા ચાલ્યો જાય. ઘણીવાર તેઓ દમદાટી પણ આપે કે પોલીસને બોલાવીને પકડાવી દઈશ?

પ્ર. દારૂ વધારે ક્યારે વેચાય?

જ. લગ્નની મોસમમાં, ચૂંટણી સમયે, ગામમાં કે ગામની નજીકના ગામમાં મરણ થયું હોય ત્યારે.

લગ્નમાં ફળિયામાં કે ગામમાં જાન બહારથી આવેલી હોય અને લગ્નવાળા ઘરે અન્ય ગામમાંથી કુટુંબી-સગાવહાલાં આવ્યાં હોય તેને દારૂ પાવા માટે દારૂની માંગ વધારે રહે. લગ્ન પોતાના ફળીયામાં હોય તો દારૂ સસ્તા દરે આપે. જે કુટુંબમાં લગ્ન હોય તે દારૂ ન પીતું હોય તો પણ તેના સગાવહાલાને દારૂ છૂપી રીતે પણ પાવો પડે છે.

ચૂંટણી સમયે દારૂ વધારે વેચાય, કારણ કે ચૂંટણીમાં ઉભા રહેલ ઉમેદવારો પોતાને મત મળે તે માટે ગામના લોકોને દારૂ પાય.

ગામમાં કે ફળીયામાં, પડોસના ગામમાં મરણ થયું હોય ત્યારે પણ દારૂ વધારે વેચાય. "કોઈનો મરણ દિવસ નક્કી નથી" તેથી જ્યારે મરણ થાય ત્યારે જે તે ફળીયાના લોકો દારૂ બનાવતા હોય ત્યાંથી દારૂ વેચાતો લઈ જાય છે. મરણમાં દારૂ અડધી કિંમતે આપે. એક શીશાના પાંચ રૂપિયા (ચાલુ-ભાવ) હોય તો ૨-૫૦ રૂપિયા લેખે આપે.

"ખાધીયાનો ભાર ઉતારવા" દારૂ પાવો જરૂરી છે.

પ્ર. આ ધંધો મનને ગમે છે?

જ. ના. પરંતુ ઘરના લોકોને આ વ્યસન છૂટતું નથી અને મજૂરી નિયમિત મળે નહીં, પરવપરાણ માટે પૈસાની જરૂર પડે તેથી દારૂ બનાવવો પડે છે.

પ્ર. દારૂ પીવાથી આર્થિક પરિસ્થિતિમાં ફેર પડે છે?

જ. હા. જે લોકોએ દારૂ છોડયો છે તે લોકોની આર્થિક પરિસ્થિતિ સુધરી છે. પરંતુ આવા કુટુંબ પાસે ખેતીની આવક વધારે હોય અથવા નિયમિત પૈસાની આવક થાય તેવી નોકરી હોય. તેમના કુટુંબનો જીવનનિર્વાહ ચાલે તેટલી આવક થતી હોય. દારૂને બદલે તેઓ ચા કે અન્ય પીણું પીઇ શકે.

ગરીબ કુટુંબને તો ખાવાનું અનાજ લાવવા માટેના પૈસા ન હોય ત્યાં ચા માટે દૂધ ખાંડના પૈસા કયાંથી લાવે? બે ટંક ખાવા માટે અનાજ ન હોય તેથી અડધા ભૂખ્યા રહીને જીવન પસાર કરતા હોય, ભૂખને ભૂલવા માટે દારૂ પીને ભાન ભૂલી જઇએ.

પ્ર. દારૂ આરોગ્યની દૃષ્ટિએ નુકશાનકારક છે?

જ. હા. જયારે મજૂરી કરીને આવ્યા હોય ત્યારે થાક ઉતારવા માટે દારૂ પીવો પડે છે. જેથી માનસિક થાક ઉતરી જાય. જયારે ખાવાનું પૂરતું ન મળે ત્યારે દારૂ પીવાથી ભાન ભૂલી જવાય. જેથી ભૂખ્યા છીએ તેનું ભાન ન રહે. આરોગ્ય બગડે તો વહેલું મોત આવે, ભૂખ્યા રહીને ધીરે ધીરે મરવા કરતા જલ્દી મોત આવે તે સારું.

પ્રશ્નોતરી અને અન્ય ચર્ચાની ફલશ્રુતિ :

આદિવાસીમાં દારૂનું વ્યસન છૂટયું નથી. આ વ્યસન તેમના સામાજિક રીતરિવાજમાં પણ સંકળાયેલું છે. તેથી ઘણીવાર જે વ્યકિતએ દારૂ છોડયો હોય તે વ્યકિતના ઘરે લગ્ન-મરણ જેવા સામાજિક પ્રસંગે આવનાર સગા-સબંધીને દારૂ પાવો પડે છે. પોતે ન પાય તો ઘરના અન્ય લોકો અથવા નજીકના સગા લોકો પોતે દારૂ લાવીને સગાસબંધીને આપે. જો દારૂ ન આપે તો પ્રસંગમાં કોઇ વ્યકિત આવે નહીં. પ્રસંગે જે વ્યકિત દારૂ પીવે તેને દારૂ પાય અને દારૂ ન પીનાર વ્યકિતને ચા-પાણી.

આઝાદીની લડતના સમયે જે લોકો યુવાન હતા તે લોકોએ રાજકીય નેતાના પ્રભાવથી દારૂ છોડયો છે, પરંતુ તેના યુવાન પુત્ર આજે છૂપી રીતે દારૂ પીવે છે. કારણ કે રાજકીય નેતાઓ ચૂંટણીમાં દારૂ પાય છે.

આદિવાસી સમાજમાં રાજકીય નેતા જ સમાજ સુધારકનું કામ કરતા હોય છે. તેઓ જાહેરમાં દારૂ ન પીવો જોઇએ તેમ કહે અને ખાનગીમાં દારૂ પાય, તેથી તેમની દારૂબંધી અંગેની પકડ નરમ થઇ જાય છે.

૮ કલાક મજૂરી કરે છતાં જેટલા પૈસા કમાય તેટલા પૈસા એક કલાકના કામમાં મળે. કલાકમાં પણ શારીરિક મજૂરી ઓછી કરવી પડે. જ્યારે ટેકનીકલ જ્ઞાન ન હોય છતાં એક-બેવાર દારૂ બનાવતો હોય ત્યાં જોવે તેટલે દારૂ બનાવતા આવડી જાય. મજૂરીનો વર્તમાન દર રૂપિયા ૯-૫૦ છે. છતાં મજૂરીનો દર અહીં ૪-૦૦ રૂપિયાની આસપાસ મળે છે. કુટુંબના બે સભ્યો પુખ્ત હોય બાકીના સભ્યો નાના અથવા મોટી ઉમરના હોય, કોઇ કામ ન કરી શકે તો કુટુંબનું જીવન ચલાવવું મુશ્કેલ પડે. જ્યારે દારૂ બનાવીને વેચતા કુટુંબમાં ગૌણ આવક પ્રાપ્ત થાય.

આરોગ્યની દૃષ્ટિએ દારૂ હાનિકારક છે. તેનો ખ્યાલ છે. આ પ્રવૃત્તિ ગેરકાનૂની છે તેનો પણ ખ્યાલ છે છતાં ભૂખમરામાંથી વચવા માટે અને આર્થિક સ્થિતિ નબળીને કારણે દારૂ વધારે પીવે છે. મુલાકાતીની યાદદાસ્ત મુજબ પોલીસખાતા કે દારૂબંધી ખાતા તરફથી ગામમાં દરોડો કે કોઇને દારૂ પીધેલ હાલતમાં પકડવામાં આવ્યા નથી. આદિવાસી સમાજમાં ધાર્મિક નેતા ઓછા જોવા મળે છે. જે છે તે દારૂ પીવે છે. (ભૂવા-ભગત) જે લોકો એ મોભ માર્ગ, સનાતન ધર્મ, ગણરાપુરીનો ધર્મ સ્વીકાર્યો છે તેઓએ દારૂ છોડયો છે અને સુખી થયા છે. પરંતુ આવા લોકોની આર્થિક સ્થિતિ સારી હોય, જેથી ધાર્મિક સ્થળે જવા માટે પૈસા પણ હોય.

સરકારી વ્યકિતઓ પણ દારૂ પીવે છે. ગામમાં મુલાકાતે આવે ત્યારે તેઓ દારૂની માગણી કરે છે. આદિવાસી વિસ્તારમાં અનેક વિધ યોજનાના અમલ માટે તેઓને ગામમાં આવવાનું થાય, ત્યારે દારૂની માગણી કરે. દારૂ આપવાથી યોજનાનો લાભ મળશે તેવું માની આદિવાસી સરકારી અધિકારીને દારૂ પાય છે.

નોધ :- લેખકને પણ ક્ષેત્રકાર્ય દરમ્યાન ચાર-પાચ વ્યક્તિઓએ દારૂ પીવા માટે પૂછવામા આવ્યુ હતુ. લેખકે ના પાડતા એવી શંકા પણ વ્યક્ત કરી હતી કે તમો વિલાયતી દારૂ પીતા હશો?

આજ સુધી દારૂબંધીના પ્રચારમા દારૂ છોડવા અંગેનો પ્રચાર થયો છે; પરંતુ દારૂ છોડીને કયુ પીણુ પીએ તે પીણાનુ જ્ઞાન આપી શકયા નથી. અથવા તો દારૂ જેટલુ બીજુ સસ્તુ પીણુ આપણે આ સુધી શોધી શકયા નથી. આ સેમીનારમા આ અંગે પણ વિચાર કરવો ઘટે કે દારૂની જગ્યાએ કયુ પીણુ તેઓ પીવે અને તે પીણુ દારૂ જેટલુ સસ્તુ મળવુ જોઇએ.

આદિવાસી લોકોને નિયમિત કામ નથી મળતુ તેથી આર્થિક પરિસ્થિતિ નબળી બને છે. જે લોકોની આર્થિક પરિસ્થિતિ સુધરી છે અને તેઓ બીજુ પીણુ પીવા માટે પૈસાનો ખર્ચ કરી શકે છે તેઓએ દારૂ છોડયો છે.

દારૂ બનાવવો કે પીવો તે ગેરકાયદેસર છે. તેનો આદિવાસીઓને ખ્યાલ છે. તેથી જ વહેલી સવારે અથવા રાત્રે દારૂ બનાવે છે. પુરૂષ લોકો દારૂ નથી બનાવતા. સ્ત્રી વર્ગ દારૂ બનાવે તેથી પોલીસ આવે તો મારકૂટ ઓછી કરે અને સ્ત્રીઓની દયા ખાઇને છોડી પણ દે.

આ વિસ્તારમા દારૂબંધીના કડક અમલ માટે પોલીસતંત્ર અને દારૂબંધી ખાતુ તદ્દન નિષ્ફળ ગયુ છે, કારણ કે પસંદ થયેલ ગામમા માહિતીદાતાની યાદદાસ્ત સુધી એકપણ કેસ કરવામા આવ્યો નથી.

દારૂ પીવો, બનાવવો તે ગુનાહીત કાર્ય છે તેનો ખ્યાલ હોવા છતા આર્થિક પરિસ્થિતિને કારણે તેઓ દારૂ પીવે છે. દારૂબંધીના પ્રોગ્રામ સાથે આદિવાસીની આર્થિક પરિસ્થિતિ સુધરે તેવા કાર્યક્રમો પણ વિચારવા જોઇએ.

પસંદ થયેલ ગામમાં ફકત આદિવાસી દારૂ બનાવે છે તેવું નથી પરંતુ દરેક જાતિના લોકો દારૂ બનાવે છે. અને પીવે છે. તેવી જ રીતે આર્થિક સુખી વ્યકિત દારૂ પીતો નથી અને ગરીબ વ્યકિત દારૂ પીવે છે. તેવું દરેક બાબતમાં બનતું નથી. આર્થિક સુખી લોકો પણ દારૂ પીવે છે. જયારે આર્થિક ગરીબ લોકો દારૂ નથી પીતા.

oooooooooo

# આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

## ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૧૪

### નશાબંધી અને આદિવાસીઓ

પરિસંવાદ ૨૩,૨૪ જુલાઇ
૧૯૮૩

-આદિજાતિ વિકાસ
કમિશનરની કચેરી
ગુજરાત રાજ્ય
ગાંધીનગર

ભારત જેવા વિકસતા દેશમાં જનતાનું જીવન ધોરણ સુધારવાના ભગીરથ કાર્યમાં આપણે જ્યારે નિષ્ઠાપૂર્વક કાર્યરત થયા છીએ ત્યારે કરોડો ગરીબો, ખેડૂતો, મજુરો તથા સમાજના નબળા અંગો જેવા હરિજનો, આદિવાસીઓ તેમજ અન્ય પછાત વર્ગોના લોકોના આર્થિક, સામાજિક તથા નૈતિક ઉત્થાન માટે નશાબંધીનો કાર્યક્રમ એક અત્યંત મહત્વનો કલ્યાણકારી કાર્યક્રમ છે. વિકાસના કાર્યક્રમોની સાથે સાથે જો આપણે નશાખોરીની વિનાશકતા નિવારવાના પગલા નહિ લઇએ તો આપના વિકાસના કાર્યક્રમો પણ આગળ વધી શકશે નહિ. નશાબંધીએ લાખો ગૃહિણીઓનો ઘરસંસાર સુધાર્યો છે. અને નાના નાના ભુલકાઓનું ભવિષ્ય ઉજ્જવળ કર્યું છે. આ બધાનું માપ તો રુપિયા પૈસાથી કાઢી શકાય તેમ નથી. પૈસા ખરચીને ખરીદાતી શારીરિક, આર્થિક અને સામાજિક બરબાદીમાંથી લાખો કુટુંબોને બચાવીને પૂરતો પિતૃપ્રેમ તથા કાળજીપૂર્ણ ઉછેર નશાબંધીએ અપાવ્યો છે. દેશની ભાવિ પેઢીને સારાં અન્ન, વસ્ત્ર, શિક્ષણ, સંસ્કાર તથા સ્વાસ્થ્ય નશાબંધી અપાવી શકે છે.

સમગ્ર ગુજરાત રાજ્યમાં નશાબંધી છે. સને ૧૯૩૫ ના ભારત સરકારના અધિનિયમ હેઠળ રચાયેલા પ્રથમ પ્રજાકીય પ્રધાન મંડળે અમદાવાદ શહેરના ઔદ્યોગિક વિસ્તારો, અમદાવાદ કેન્ટોનમેન્ટ તથા તેની આસપાસના સત્તાવીસ ગામડા તથા બારડોલી તાલુકો તથા સુરત જીલ્લાના માંડવી તાલુકાના કેટલાક વિસ્તારો તથા ભરુચ જિલ્લાના જંબુસર તથા વાગરા એ બે તાલુકાઓમાં ૧૯૩૮માં આલ્કોહોલવાળાં પીણાં તથા કેફી દ્રવ્યોની નશાબંધી દાખલ કરી ત્યાંથી ભૂતપૂર્વ મુંબઇ રાજ્યમાં નશાબંધી દાખલ કરવાના પગલાં

લેવાની શરુઆત થઇ. સને ૧૯૩૯માં અમદાવાદ જિલ્લાનાં દસક્રોઇ તાલુકામાં, સુરત જિલ્લાનાં વાલોડ મહાલમાં તથા ભરુચ જિલ્લાના ભરુચ તથા અંકલેશ્વર તાલુકામાં નશાબંધી દાખલ કરવામાં આવી. ઘણા ટૂંકા ગાળામાં આ પ્રયોગના ઉત્સાહજનક પરિણામો જણાઇ આવ્યા. અમદાવાદ શહેરમાં તે નોંધપાત્ર સફળતા મળી હતી. નશાબંધીથી થતી અસરોનો અભ્યાસ કરવા તથા આ પ્રયોગના પરિણામો તારવવા સરકારે અમદાવાદ શહેર પૂરતુ એક નશાબંધી સંશોધન સલાહકાર બોર્ડ નીમ્યુ હતું. આ બોર્ડે, નશાબંધી હેઠળના અમદાવાદ શહેરની પ્રજાના સામાજિક, આર્થિક તથા નૈતિક જીવનમાં ઘણી સુધારણા થઇ હોવાનો અહેવાલ આપ્યો હતો. બોર્ડે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે આ સુધારાથી ખાસ કરીને હરિજન કોમને ઘણોજ લાભ થયો હતો. મકાન માલિકો તેમજ ભાડાં ઉઘરાણીદારોના જણાવ્યા મુજબ ભાડુ નિયમિત ચૂકવવા માંડયુ હતુ. તથા જુના બાકી લેણાંની પણ પતાવટ થઇ ગઇ હતી. એ રીતે પીવાની લતે ચઢેલા લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો થયો હતો. પ્રજાકિય પ્રધાનમંડળે નશાબંધીના વિવિધ પાસાંઓની પૂરેપુરી વિચારણા કરી. સને ૧૯૪૭ થી નશાબંધીની તબક્કાવાર કાર્યક્રમ દાખલ કરવામાં આવ્યો હતો. સને ૧૯૪૭માં દાખલ કરાયેલી ક્રમશઃ નશાબંધીની આ નીતિના અંતિમ ફલસ્વરુપે ૧૯૫૦ના એપ્રિલમાં સંપૂર્ણ નશાબંધી દાખલ થઇ.

ભારતના બંધારણની કલમ-૪૭માં રાજયની નીતિના માર્ગદર્શક સિધ્ધાંતો જણાવ્યાં છે. તેમાં એક સિધ્ધાંત એવો છે કે ''પ્રજાના પોષણનું તથા જીવન નિર્વાહનું ધોરણ ઉંચુ લાવવાની તથા જાહેર આરોગ્યમાં સુધારો કરવાની ફરજને, રાજય પોતાની પ્રાથમિક ફરજ ગણશે તથા ખાસ કરીને, તબીબી કારણોસર ઉપયોગ કરવો પડે તે સિવાય આરોગ્યને નુકશાનકારક માદક પીણાં તથા કેફી દ્રવ્યોના વપરાશ પર પ્રતિબંધ મૂકવા રાજય કોશિષ કરશે'' આ માર્ગદર્શન સિધ્ધાંતનો ગુજરાત રાજય અમલ કરેલ છે.

અંબાજીથી ઉમરગામ સુધીની પૂર્વપટ્ટી જંગલો અને ડુંગરોની હારમાળાઓથી છવાયેલી છે. આ વિસ્તારોમાં આદિવાસીઓની વસ્તી છે. આદિવાસીઓ મોટાભાગે જંગલોમાં વસતા હોવાથી તેઓ વનવાસી તરીકે ઓળખાતા જંગલમાં પેદાથતી ગૌણ પેદાશોનો તેઓ છૂટથી

જીવનનિર્વાહ ચલાવતા હતા. તે સમયે તેઓ મહુડાનો તેમજ ખજૂરીમાંથી તૈયાર થતી તાડીનો છૂટથી ઉપયોગ કરતા હતા. તેઓના સામાજિક, ધાર્મિક વિ. પ્રસંગો સાથે દારુ વણાયેલો હતો. બાળક જન્મે ત્યારથી તે મૃત્યુ પામે ત્યા સુધીના જુદા જુદા પ્રસંગોએ દારુનો ઉપયોગ થતો હતો. જેની અસર તેઓના આર્થિક પાસા પર વધુ જોવા મળતી હતી. આદિવાસી સમાજમાં દારુની માઠી અસરો ઘણી જોવા મળે છે. આદિવાસી ચૌધરી સમાજના બાલકવિ સોમદાસ ચૌધરી રે. નાદોલા તાલુકો મોટામીયા માંગરોલ આ અંગેનુ ચૌધરી ભાષામાં ગીત બનાવેલ છે. જેના શબ્દો નીચે પ્રમાણે છે.

"દારુ તુ છોડી દેને દારુડિયા, દારુ તુ છોડી દેને રે
હલ વેચ્ય, બલજ વેચ્ય, વેચી ખાદી જોહરી રા.

એકુ જ મારી દાતલી હોતની તે ભી વેચી ખાધીરા"

પોતાના પતિને સંબોધીને પત્ની કહે છે કે હે દારુડિયા દારુ છોડી દે. દારુ પીવા માટે હળ, બળદ, બળદગાડીની જોસરી વિગેરે વેચી દે છે. મજુરી કરવા માટે મારી પાસે એક દાતરડી હતી તે પણ તે વેચી દીધી આ રીતે દારુની બદીથી આખુ કુટુબ પાયમાલ થઇ જાય છે, છિન્નભિન્ન થઇ જાય છે. એ બતાવેલ છે. ચૌધરી અને ગામીત સમાજમાં સતકેવલ ધર્મ તેમજ મોડિયા અને કોંકણા સમાજમાં મોક્ષમાર્ગી ધર્મ આ ક્ષેત્રે ઘણી સારી કામગીરી કરેલ છે. ધાર્મિક વિચારશ્રેણીને કારણે ચૌધરી, ગામીત, ઢોડિયા સમાજમાં માદક પીણાઓ ન લેવાના કારણે તેઓના બાળકો ભણતા થયા છે. તેઓની આર્થિક સ્થિતિમાં પણ સારો સુધારો થયેલો જોવા મળે છે.

આ સમાજમાં નશાબંધીને કારણે જે કુટુબોએ નશાબંધી અપનાવી છે. એવા કુટુબો સવર્ણ ભાઇઓની, જેમ રહેતા થયા છે. તેઓનુ જીવન સંસ્કારિક જોવા મળે છે. તેઓના બાળકો શિક્ષણ મેળવીને ઉચ્ચ નોકરીએ પણ કામ કરતા જોવા મળે છે.

નશાબંધી અંગેના કાયદા, નિયમો વિગેરે હોવા છતા સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ વિ. જેટલો અસરકારક ભાગ ભજવશે તેટલું આ દિશામાં નક્કર કામગીરી થઇ શકશે.

સંકલિત આદિજાતિ વિકાસપ્રાયોજના અમલીકરણથી પણ આદિવાસી સમાજમાં આર્થિક, સામાજિક શૈક્ષણિકક્ષેત્રે ઘણી પ્રગતિ આવી છે. આદિવાસી સમાજ હવે ખરેખર ધીમે ધીમે આ બદિઓમાંથી મુકત થઇને ઉત્થાનના માર્ગે માર્ગે કદમ કરી રહેલ છે.

આખાયે ડાંગ જિલ્લામાં આદિવાસીઓ રહે છે. ૧૯૫૨માં હાથ ધરેલી નશાબંધીની કામગીરી અંગેની તપાસ વિષેના અહેવાલમાં શ્રી એમ.ડી.ભણસાલી (આઇ.સી.એસ.)એ જણાવ્યા મુજબ ડાંગી પુરુષો, સ્ત્રીઓ અને બાળકો નશાબંધી પહેલાં દારુ પીવા ટેવાયેલા હતા. અને તેઓની આર્થિક સ્થિતિ કફોડી હતી. નશાબંધીને કારણે તેઓની આવકમાં વધારો થયો હતો, બાળકો ભણતા થયા હતા, દારુ ન પીવાને કારણે શારીરિક તંદુરસ્તી સારી જોવા મળતી હતી.

ગુજરાત વિદ્યાપીઠના આદિજાતિઓ અંગેના સંશોધન અને તાલીમ કેન્દ્રના માજી નિયામકશ્રી વિમલ શાહે તાજેતરમાં ગુજરાતની અનુસૂચિત આદિજાતિઓ અંગે એક પુસ્તકમાં ઉલ્લેખ કરેલ છે કે ગુજરાતની આદિજાતિઓની કુલ વસ્તીના લગભગ ૫૦ ટકા જેટલી ભીલ કોમમાં નશાબંધીને લીધે દારુનો ઉપયોગ સારી રીતે ઘટયો છે. અને ઘણા સ્થળોએ તો એના બદલે ચા પીવાતી થઇ છે.

ચાલ્સ્ટનમાં દક્ષિણ કરોલીનાં મેડીકલ વિદ્યાપીઠના શરીરશાસ્ત્ર એનેટોમીના ડૉ. મેલવીન. એચ. નિસ્લેએ પોતાના વૈજ્ઞાનિકો સાથે ચર્ચા કરતા નીચે પ્રમાણેનું સંશોધન કરેલ છે.

''મદ્યપાનને લીધે મગજને ઇજા તો થાય જ પણ સાથે સાથે તે કાળજાને મૂત્રપિંડને અને હ્રદયને પણ ભારે નુકશાન પહોંચાડે છે.

આદિવાસી વિસ્તારોમાં રાનીપરજ સેવા સભા, વડેધી ભીલ સેવા મંડળ, દાહોદ, આદિવાસી સેવા સંઘ, નાદોદ, ગ્રામ ભારતી, અમરાપુરનશાબંધી સેવા સમિતિ, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, નશાબંધી મંડળ, ગુજરાત.ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ વડોદરા જિલ્લા પછાત વર્ગ સેવા મંડળ વિગેરેએ નશાબંધી અંગેનું સારું કામ કરેલ છે. જેની અસર આજે પણ જોવા મળે છે.

આદિવાસીઓમા પણ ઘણી પછાત એવી કોમો જેવી કે કોટવાળિયા, કાથૂડી, કોલધા, વારલી વિ. સમૂહોને આ બદીમાથી મુકત કરવા માટે ભગીરથ કામ સરકારે તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓએ ઉપાડવાનુ છે.

ચલચિત્રો, નાટકો, કલાપથકના કાર્યક્રમો, પવાડા, ભજન કિર્તન, લોકગીતો, સંગીતના કાર્યક્રમો, રમતગમતની હરિફાઇઓ, દુરસ્તી દંગલ, નશાબંધી પ્રદર્શન, સંમેલનો અને શિબિરો, સભાઓ, ભીત પત્રો, પત્રિકાઓ, ધાર્મિક મેળા અને ઉત્સવો, કથા પારાયણ, નશાબંધી સપ્તાહની ઉજવણી, નશાબંધી પ્રચાર અને તે અંગેનુ સાહિત્ય વિ. માધ્યમો દ્વારા નશાબંધીની કામગીરી વધુ અસરકારક બનાવી શકાય એમ છે.

----

આદિવાસી

નશો

આવ્યા

પાને

માથી

ધાર્મિક

અને

મહુડા

થાય

મહુડા

સાથેના

છે.

બુદ્ધિ

અનર્થ

મહુડા

કે

હો

## " નશાબંધી અને આદિવાસીઓ "

" પરિસંવાદ "

તા. ૨૩ અને ૨૪ જુલાઈ, ૧૯૮૩

## દારૂબંધી

અંબાલાલ પટેલ

### નશો નાશનું મૂળ છે :

પ્રાચીનકાળથી ઘણાયે લોકો દારૂના વ્યસનના ભોગ બનતા આવ્યા છે. શ્રીકૃષ્ણ જેવા મહાપુરૂષના અનુયાયી યાદવો દારૂ પીને અંદર અંદર લડી કપાઈ મૂઆ એ કથા જાણીતી છે. એ પ્રસંગમાંથી યાદવાસ્થળી શબ્દ પ્રચલિત બન્યો છે.

રામાયણ, મહાભારત, પુરાણો, બૌદ્ધ ધર્મકથાઓ, જૈન ધર્મકથાઓ વગેરે સાહિત્યમાં દારૂના નુકસાનની અનેક વાતો છે અને દરેકનો સાર એ જ છે કે દારૂ અતિશય હાનિકારક છે.

મનુ અને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિઓ દારૂની મનાઈ કરે છે. તેમાં મદ્યપાનને પાંચ મહાપાતકમાંનું એક ગણવામાં આવ્યું છે. મનુ અને યાજ્ઞવલ્ક્ય બંનેએ મદ્યપાન માટે કડક સજા ફરમાવી છે. સ્ત્રી મદ્યપાન કરે તેને મનુએ સખત રીતે વખોડયું છે.

મહાકવિ કાલિદાસે ઘડામાં દારૂ લઈ જતી ચાંડાલ કન્યા સાથેના વાર્તાલાપમાં મદ્યપાનથી નીચેના આઠ અનર્થો બતાવ્યા છે. દારૂ પીનારથી મદ, (અભિમાન) ગાંડપણ, કલેશ, નિદ્રા, બુદ્ધિક્ષય, ધર્મવિનાશ, સુખની બરબાદી અને નરકનો પંથ એ આઠ અનર્થો થાય છે. પાપ તો કેવળ તનનો જ નાશ કરે છે, જ્યારે મદ્યપાન તો આત્માને ભીતરથી ભ્રષ્ટ કરે છે.

આપણી રૂચાઓ અને શ્લોકો તરફ નજર નાખીશું તો જણાશે કે છેક વેદકાળથી મદ્યપાન અને જુગારને એકી અવાજે સખત રીતે હીન ગણવામાં આવેલ છે.

આપણા ઇતિહાસો અને પુરાણો, અગણિત કથાઓ અને દૃષ્ટાંતોથી ભરપૂર છે કે જેમાં અત્યંત શક્તિશાળી પુરૂષો સુરા (દારૂ) અને સુંદરીને કારણે પાયમાલ થઇ ગયા હોય. વળી આવા આખ્યાનોમાં ભગવાને લોકોને કેવી રીતે ઉગાર્યા તે પણ વર્ણવ્યુ છે. એક પ્રાચીન કહેવતમાં તો ત્યાં સુધી કહેવામાં આવ્યુ છે કે એક ત્રાજવામાં સમસ્ત પાપ મૂકો અને બીજા ત્રાજવામાં મદ્યપાન. "મદ્યપાન મનને નિરંકુશ કરી મૂકે છે અને મન જ્યારે ક્ષુબ્ધ દશામાં હોય ત્યારે તે પાપ આચરે છે. દારૂડિયો સમસ્ત જગતનો દ્રોહ કરે છે અને બધાનો નાશ કરે છે. ઘણી મનની વિક્ષિપ્ત હાલતને કારણે ભ્રમણામાં રાચીને વ્યક્તિ મિથ્યાને સત્ય માને છે અને મા-બહેન અને દીકરીની લાજ લૂંટવા સુધીનાં અધમ કાર્યો કરી બેસે છે. અન્ય ધર્મો અને પરદેશોમાં પણ દારૂની પહેલેથી પ્રતિષ્ઠા નથી.

## ઇસ્લામમાં દારૂની મનાઇ :

હિંદુ ધર્મની જેમ ઇસ્લામે પણ દારૂને હરામ ગણ્યો છે. બાબરની એક વાત પ્રચલિત છે. પાણીપતના યુદ્ધમાં તેના સૈનિકો પાછા પડયા ત્યારે તેણે દારૂનાં પીપ ઢોળાવી નાખ્યાં હતાં અને હવે આપણે પવિત્ર થવાથી જીતી જઇશુ એવો જુસ્સો એમનામાં પ્રગટાવ્યો હતો. જેના પરિણામે સૈનિકો ઉત્સાહથી લડયાં અને જીત્યા હતા.

## પ્રાચીન ગ્રીસમાં :

પ્રાચીન ગ્રીસના સોક્રેટીસ, એરિસ્ટોટલ, પ્લેટો અને સિસેરો જેવા મહાનુભાવોએ દારૂને માણસના સંસ્કારનો લોપ કરનારો કહ્યો છે. તે સમયે સ્પાર્ટા અને કાર્થેજની પ્રજા લડાયક ગણાતી. એ લોકોએ લશ્કરી જવાનો માટે મદ્યપાનની બંધી કરેલી. મદ્યપાન સૈનિકોના કૌશલમાં અડચણરૂપ બને છે. એમ તેમને લાગતુ હતુ.

## પ્રાચીન ચીનમાં :

ઇસવી સન પૂર્વે અગિયારમી સદીમાં ચીનના એક સમ્રાટે પોતાના રાજ્યમાં દારૂબંધી કરી હતી. ઇસવી સનની ચૌદમી

સદીમાં પણ ત્યાં દારૂના ઉત્પાદન, વેચાણ અને પીવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પ્રતિબંધનો ભંગ કરનારને ખૂબ કડક સજા કરવાની જોગવાઇ કરવામાં આવી હતી. વર્તમાન સમયમાં અમેરિકા વગેરે દેશોમાં જે પ્રયત્નો થયા અને ત્યાં જે સ્થિતિ પ્રવર્તે છે તે જોઇએ.

વર્તમાન અમેરિકામાં :

દુનિયામાં કેટલાક આરબ રાજ્યો અને એશિયામાં ભારતનાં બે-ત્રણ રાજ્યો સિવાય દારૂબંધીનો અમલ કયાંય નથી. અમેરિકા, બેલ્જીયમ, હોલેન્ડ, પોલેન્ડ, સ્વીડન વગેરે દેશોએ દારૂબંધી દાખલ કરી પણ તે નિષ્ફળ ગયા. ગેરકાયદે દારૂ પીવાનું પ્રમાણ વધતુ ગયુ એટલે કંટાળીને તે દેશોની સરકારે દારૂબંધી ઉઠાવી લીધી. પણ તેનુ પરિણામભયંકર આવ્યુ. અમેરિકામાં આજે ૨૨ કરોડથી વધુ લોકો લગભગ ૧૯૦૦ કરોડથી વધુ રૂપિયાનો દારૂ પી જાય છે. ન્યૂયોર્કના શાળાએ જતા સગીર વયના વિદ્યાર્થીઓ ચોપડીઓ સાથે બીર, બ્રાન્ડી કે વિસ્કીની બાટલીઓ સાથે લઇ જતા હોય છે. સાનફ્રાન્સિસકો શહેરની હાઇસ્કૂલમાં બાર વર્ષના બાળકો વહેલી સવારે પીધેલી હાલતમાં આવેલા દેખાય છે. બારથી પંદર વર્ષની વયના નિશાળિયાઓ લંચ સમયે વિસ્કીના પેગ ચડાવતા દેખાય છે. આથી અમેરિકામાં દારૂના ગેરફાયદા સમજાવતી ફિલ્મો બતાવવી પડે છે.

આજે દારૂ વિના ચાલે નહીં તેવા લાખો લોકો અમેરિકામાં છે. આ લોકો પુખ્ત વયના દારૂડિયા છે. પીધેલી હાલતમાં મોટર ચલાવવાને કારણે થતા અકસ્માતમાં દર વર્ષે અમેરિકામાં પચીસ હજારથી વધુ મરણ થાય છે. તદુઉપરાંત દારૂ પીવાથી થતી લીવરની બીમારીને કારણે તેર હજાર માણસો મૃત્યુને શરણ થાય છે. અમેરિકામાં થતા ખૂનોમાંથી અડધા ભાગના ખૂનો દારૂના નશામાં કરવામાં આવે છે. ત્યાં આપઘાત કરનારાઓમાંથી ૨૫ ટકા દારૂડિયા હોય છે. દારૂ પીવાથી હૃદયરોગ થાય છે, તેમ અમેરિકન નિષ્ણાત ડોકટરોનુ કહેવુ છે.

## સૌથી ટોચે ફ્રાન્સ :

દારૂ પીવામા અને બનાવવામા જગતમા ફ્રાન્સનો ક્રમાંક (નંબર) પહેલો છે. અમેરિકાને ટપી જાય તેવા દારૂડિયા ફ્રાન્સમા છે. ફ્રાન્સની વસ્તી વિશ્વની વસતિના લગભગ પોણા બે ટકા જેટલી છે. છતા વિશ્વમા કુલ દારૂ બને છે તેના ત્રીજા ભાગનો ફ્રાન્સમા જ પીવાય છે. આટલી મોટી સંખ્યામા પીવાતો હોવાથી ત્યા દારૂ પીવાને કારણે દર વર્ષે લગભગ ૨૨,૫૦૦ મૃત્યુ થાય છે.

## રશિયામા દારૂની બદી :

રશિયામા પણ દારૂની બદી ખૂબ ફાલી છે. ત્યા ખૂન, લૂટ, ચોરીઓ થાય છે. તેમાથી ૬૦ ટકા વોડકા પીને છાકટા થયેલા રશિયન સ્ત્રીઓ પર બળાત્કાર પણ કરે છે. ક્રુશ્ચોફે વોડકા-મધની કિંમત દોઢી કરી નાખેલી છતા તેનો વપરાશ ઘટવાને બદલે દોઢગણો થયો હતો. ૧૯૫૫ મા રશિયાના વડાપ્રધાન બુલ્ગાનિન અને ત્યાંના સામ્યવાદી પક્ષના વડા ક્રુશ્ચોફ ભારતની મુલાકાતે આવેલા ત્યારે મુંબઇમા શ્રી ક્રુશ્ચોફે તે વખતના મુંબઇ રાજ્યના મુખ્યપ્રધાન શ્રી મોરારજી દેસાઇને કહ્યુ હતુ કે રશિયામા પણ દારૂબંધી થાય તો સરસ, પણ અત્યારના સંજોગોમા એ શક્ય નથી.

ઈંગ્લેન્ડમા દારૂની લતથી કેવા બૂરા પરિણામો નીપજે છે તે બતાવનારી એક નવલકથા "ડેન્સબરી હાઉસ" ઠીક ઠીક લોકપ્રિય થયેલી. ગુજરાતીમા સ્વ. ભોગીન્દ્રરાવ દિવેટિયાએ એ નવલકથાનુ રૂપાંતર કરેલુ.

આમ દુનિયાના બધા દેશો દારૂના શાપથી પીડાય છે. ત્યારે ગાંધીજીએ દેશનુ નવનિર્માણ કરી સ્વરાજ્ય લાવવાના પ્રયત્નમા દારૂબંધીને અગ્રસ્થાન આપ્યુ હતુ. તેઓ દારૂબંધી માટે કેટલીક ઉત્કંઠ તાલાવેલી ધરાવતા હતા. તે તેમના હવે પછીના ઉદ્ગારો જોવાથી સમજાશે.

## દારૂબંધી – કોઇ પણ ભોગે :

"હિંદુસ્તાન આખુ નિર્ધન થઇ જાય તે હુ સાંખી શકુ, પણ હજારો દારૂડિયા અહીં હોય તે મારાથી જોયુ જાય તેમ નથી. દારૂથી મળતા મહેસૂલ ઉપર ભલે પૂળો મૂકાય અને આપણા બાળકો ભલે નિરક્ષર રહે પણ મારે દારૂના પીઠા રાખીને બાળકો ભણાવવા નથી."

"દારૂ-અફીણની આવક એ કરનુ પ્રજાનો અતિશય અધઃપાત નિપજાવનારુ એક રૂપ છે. કોઇ પણ કર નિર્દોષ ત્યારે જ કહેવાય જ્યારે તેના નાણા આવશ્યક સેવાઓને રૂપે કર ભરનારને દસગણા પાછા મળે."

"મદ્યપાનથી મનુષ્ય શરીરે, મને અને બુધ્ધિએ હીન થાય છે અને ખુવારી કરે છે."

"દારૂના પ્રશ્ન સાથે ખેલ કરવા જેવુ નથી. આ ભયંકર અનિષ્ટને પહોંચી વળવા ઢીલી પોચી નીતિ કામ નહીં આવે. એકલી સંપૂર્ણ દારૂબંધી જ લોકોને આ શાપમાંથી ઉગારી શકે."

"આખા હિંદ પર એક જ કલાકને માટે મને સરમુખત્યાર નીમવામા આવે તો સૌથી પહેલુ કામ હુ દારૂ-તાડીના પીઠાને વળતર આપ્યા વિના બંધ કરી દેવાનુ કરુ."

"ગાંધીજી"

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ઉપરના ઉદ્ગારોમા ભારતની દારૂબંધીની નીતિ અને જરૂરિયાતનો નીચોડ સમાયેલા છે. આ નીતિને સાર્થક કરી આપણે તેમનુ તર્પણ કરી શકીએ.

## કોંગ્રેસની નીતિ :

હિંદમાંથી વિદેશી રાજ્ય હઠાવી સ્વરાજ સ્થાપવા ગાંધીજીની દોરવણી હેઠળ કોંગ્રેસે એક અનોખી કાર્યપધ્ધતિ અપનાવી અને ખીલવી હતી. એ કાર્યપધ્ધતિ છૂપા કાવતરા, હિંસક બળવો કે હિંસક યુધ્ધની ન હતી. પરંતુ આત્મશુધ્ધિ

મારફત પ્રજાની નૈતિક શકિત તેમજ અન્યાયનો સામનો કરવાની તાકાત કેળવવાની કાર્યપધ્ધતિ હતી.

## દારૂબંધીની હિલચાલનો ઇતિહાસ :

### છેક કોંગ્રેસના સ્થાપના કાળથી :

આધુનિક ભારતમાં દારૂબંધીનો ઇતિહાસ કોંગ્રેસની સ્થાપના જેટલો જૂનો છે. કોંગ્રેસની ઇ.સ.૧૮૮૫ માં સ્થાપના થઇ તે પહેલાં શ્રી કેશવચંદ્ર સેને દારૂબંધીની પ્રવૃત્તિમાં પોતાનું ધ્યાન પરોવ્યું હતું. ઇંગ્લેન્ડના મદ્યનિષેધ સુધારકોની સાથે રહીને એ પ્રવૃત્તિને તેમણે આગળ ધપાવી હતી. એમણે એવી ફરિયાદ કરેલી કે "બ્રિટિશ સરકાર પોતાના શેકસ્પિયર અને મિલ્ટનની સાથે બ્રાન્ડીની બાટલીઓ પણ લેતી આવી છે."

કોંગ્રેસની સ્થાપના પછી મદ્યપાન નિષેધ શકય બને એવી નીતિની કોંગ્રેસે બ્રિટન પાસે માગણી કરી હતી. બ્રિટનની આમની સભામાં મિ. કેન અને મિ.. સ્મિથ નામના સભ્યોએ કોંગ્રેસનો આ પ્રશ્ન રજૂ કર્યો હતો. કોંગ્રેસે તેની સ્થાપના (૧૮૮૫) પછીનાં ચાર વર્ષમાં (૧૮૮૯) એક ઠરાવ કરી તેના અમલ માટે માગણી કરી. ૧૮૯૦ માં પરદેશી દારૂની આયાત પર જકાત નાખવામાં આવી અને દેશી દારૂ પર પણ કર નાખવામાં આવ્યો. વળી બંગાળની સરકારે ખાનગી દારૂ ગાળવાની પધ્ધતિ બંધ કરી હતી અને ૧૮૮૯-૯૦ માં મદ્રાસની સરકારે દારૂની સાત હજાર દુકાનો બંધ કરાવી હતી.

કોંગ્રેસના પ્રયત્નને આ રીતે થોડી ઘણી સફળતા મળતાં તેણે ઇ.સ.૧૯૦૦ માં ઔષધ તરીકે ન વપરાતાં હોય તેવાં કેફી પીણાં પરનો વેરો વધારવા સરકારને વિનંતી કરેલી. સને ૧૮૯૩ માં આબકારી કમિશને એ હકીકત સ્વીકારી હતી કે મજૂરી કરતા વર્ગોમાં પીધેલપણું વધતું જાય છે.

૧૯૨૦ માં કોંગ્રેસની મળેલી એપ્રિલ માસની મહાસમિતિની બેઠકમાં દારૂ નિષેધની ભલામણ કરી. આથી કેટલેક સ્થળે અમુક

સંસ્થાઓએ દારૂની દુકાનો આગળ પિકેટીંગ કરવાનું એટલે કે દારૂ પીવા આવનારને તે ન પીવાનું સમજાવવાનું શરૂ કર્યું. કોંગ્રેસ કારોબારીએ આ કામ કરનારને ધન્યવાદ આપી સરકારી અધિકારીઓને દખલ નહીં કરવા અપીલ કરી. આ ઉપરાંત મહાસમિતિએ માદક ચીજોના વેપારીઓને પણ પોતાનો વેપાર બંધ કરવા અપીલ કરી હતી. એ જ વર્ષે અમદાવાદમાં ડિસેમ્બરમાં રચનાત્મક કાર્યો વિષે મળેલા અધિવેશનમાં સૌને સંપૂર્ણ દારૂ નિષેધના કાર્યમાં મદદ કરવાની અપીલ કરવામાં આવી હતી.

માગણી નવી નથી :
---

સ્વર્ગસ્થ પંડિત મોતીલાલ નેહરૂના પ્રમુખસ્થાને ઇ.સ. ૧૯૨૮માં કલકત્તા ખાતે ભરાયેલા કોંગ્રેસ અધિવેશનમાં "સંપૂર્ણ દારૂબંધી" ના પ્રસ્તાવ પર જે ચર્ચા થયેલી તેની શરૂઆત આ પ્રમાણે છે :

"દારૂ અને બીજાં કેફી પીણાં પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા-મૂકાવવા માટે વિધાનસભાઓમાં અને અન્ય સર્વ સ્થળોએ પૂરેપૂરા પ્રયત્ન કરવામાં આવશે. જરૂર પડે યોગ્ય અને શક્ય જણાશે તો, દારૂ અને બીજાં કેફી પીણાંની દુકાનો પર પિકેટિંગ કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે." ૧૯૩૦ માં સત્યાગ્રહની લડત શરૂ કરતાં પહેલાં ગાંધીજીએ વાઇસરોય સમક્ષ કરેલી અગિયાર માગણીઓ પૈકીની સૌથી પહેલી માગણી દારૂબંધીની હતી.

ઇ.સ. ૧૯૩૧ માં કરાંચી ખાતે એક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો કે સંપૂર્ણ દારૂબંધીના આદર્શને નજરમાં રાખી, દારૂ અને બીજાં કેફી પીણાંના વિરોધની ચળવળ કોંગ્રેસે પૂરેપૂરા જોશભેર ચાલુ રાખવી. ૧૯૩૧ માં ગાંધીજીને ગોળમેજી પરિષદમાં સહકાર આપવા વાઇસરોય અર્વીને વિનંતિ કરેલી ત્યારે પણ શરતોમાં ગાંધીજીએ દારૂની દુકાનો આગળ પિકેટિંગની શરત કરેલી.

સન ૧૯૩૭ માં જ્યારે સૌ પ્રથમ કોંગ્રેસી પ્રધાનમંડળો અસ્તિત્વમાં આવ્યાં ત્યારે ગાંધીજીએ દારૂબંધી કરવાની તેમને વિનંતિ કરી અને કોંગ્રેસ કારોબારીએ એ અંગેનો પ્રસ્તાવ પણ મંજૂર કર્યો.

આ પરથી સાબિત થાય છે કે દારૂબંધીની માગણી એ કોઇ નવી વાત નથી. દારૂનો નિષેધ-વિરોધ અને દારૂ તથા બીજા કેફી પદાર્થો વેચતી દુકાનો પરના સત્યાગ્રહો તો ભારતમા જુગ જૂના જાણીતા છે.

## બંધારણમા માર્ગદર્શક સિધ્ધાંત :

દેશના મોટાભાગના લોકોની દારૂ પ્રત્યેની તિરસ્કાર ભાવનાને નજરમા રાખીને, આપણુ બંધારણ ઘડનારી બંધારણ સમિતિએ પણ દરેક પ્રાંતમા દારૂબંધીનો અમલ કરવો જોઇએ એમ એક માર્ગદર્શક સિધ્ધાંતમા જણાવ્યુ છે અને આ સિધ્ધાંત કોઇના પણ વિરોધ વિના કાનૂની રીતે સર્વમાન્ય ગણાયો છે.

મુંબઇ સરકારે ઇ.સ.૧૯૫૦ મા સંપૂર્ણ દારૂબંધીનો અમલ સર્વાનુમતે આરંભેલો. વિધાનસભાએ કોઇપણ જાતના વિરોધ વિના એ ફેસલો મંજૂર રાખ્યો હતો. ૧૯૬૦ મા ગુજરાત રાજ્ય જુદુ પડતા આ નીતિ ચાલુ રહી છે અને તે માટે સાચા હૃદયના પ્રયત્નો ચાલુ છે અને કોઇપણ પ્રજાજન કોર્ટે જઇ સરકાર પાસે તે સિધ્ધાંતનો અમલ કરાવી શકે છે.

## બાર મુદ્દાનો કાર્યક્રમ :

વિનોબાજી અને સર્વોદય કાર્યકરો દારૂબંધીના દેશવ્યાપી કાર્યક્રમની માગણી કર્યા કરતા હતા. આથી તે ધ્યેય હાંસલ કરવા ભારત સરકારે તા.૨-૧૦-૧૯૭૫ ના રોજ ગાંધી જયંતીના શુભદિનથી અમલમા આવે એ રીતે દારૂબંધીનો બાર મુદ્દાનો કાર્યક્રમ જાહેર કર્યો છે.

વિનોબાજીએ એવી માગણી કરેલી કે વર્ધા જિલ્લામા મહારાષ્ટ્ર સરકારે સંપૂર્ણ દારૂબંધી કરવી. રાજ્યમા હળવી દારૂબંધી હોવા છતા વિનોબાજીની માગણી અને લાગણી ધ્યાનમા રાખી સરકારે વર્ધા જિલ્લામા સંપૂર્ણ દારૂબંધી દાખલ કરેલી.

સને ૧૯૭૫ ના નવેમ્બરની ચૌદમીએ જવાહરલાલની જન્મ - જયંતિને દિવસે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન શ્રી શંકરરાવ ચવ્હાણે સંપૂર્ણપણે દારૂ છોડવાની પોતાના પક્ષના કાર્યકરોને સલાહ આપતા ચેતવણી આપેલી કે મદ્યપાન કરનારને કોઇપણ ચૂંટણીની ટિકિટ આપવામાં આવશે નહીં.

કેટલાક લોકોમાં એવો ભ્રમ વ્યાપેલો છે કે દારૂ દવા તરીકે જરૂરી છે. આ ભ્રમનું નિરસન કરતી વિગતો હવે જોઇએ.

<u>દારૂ દવા નથી :</u>

જૂના જમાનામાં મોટાભાગનાં દવાખાનામાં જૂના રિવાજ મુજબ ઓપરેશન થયા બાદ અથવા ગંભીર બીમારીમાં દારૂ અથવા અન્ય નશાયુક્ત પીણાં દર્દીને આપવામાં આવતાં. આજે જણાયું છે કે એ મોટી ભૂલ હતી. દર્દીને નશાયુક્ત પીણાં કે પદાર્થ આપવાથી તેનું સ્વાસ્થ્ય સુધરવાને બદલે વધુ બગડતું અને ઘણીવાર દર્દીને મોત જલદી થતું. ખાસ કારણસર જે દવાખાનામાં ખૂબજ ઓછી માત્રામાં દારૂનો દવા તરીકે ઉપયોગ થતો તેવા દવાખાનામાંથી પણ આજે મદ્યને દવા તરીકે જાકારો મળયો છે.

જોન હોપિકન્સ યુનિવર્સિટીના ડો. હોવર્ડ કેલી (Howard - Kelly) ના મત મુજબ દુનિયામાં એવો કોઇ રોગ નથી જેનો ઇલાજ દારૂ હોય. આ હકીકત વિજ્ઞાનની દુનિયામાં જાણીતી છે અને સર્વમાન્ય રીતે દાકતરી વ્યવસાયમાં માન્ય થયેલી છે. પરંતુ આ બાબત સામાન્ય માનવીને ભાગ્યે જ સ્પષ્ટ રીતે કહેવામાં આવે છે. દાકતરી વિદ્યા કે વ્યવસાયમાં દારૂને સ્થાન નથી.

હાર્ટફોર્ડ (કનેક્ટિકટ, અમેરિકા) માં આવેલ વોલ્ટન લોજ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેટ ડો. ટી.ડી.ક્રોથર્સે અમેરિકન ઇન્સ્ટીટ્યુટ ઓફ લો એન્ડ ક્રિમિનોલોજીમાં એક લેખ લખ્યો છે તેમાં કહ્યું છે :

"છેલ્લા દસ વર્ષમાં ક્રાંતિકારી કહી શકાય તેવા અભિપ્રાય દારૂ અંગે વ્યક્ત થયા છે. વૈજ્ઞાનિકોએ પ્રયોગશાળાઓમાં અને દવાખાનાના અનુભવોથી સાબિત કર્યું છે કે શરીર પર દારૂની અસર

ઘેનની દવાથી થતી અસર જેવી અને લકવા જેવી છે. દારૂમા ટોનિક અને સ્ફૂર્તિ લાવે તેવા તત્વો છે તેવી સદીઓ પુરાણી માન્યતા સાહિત્ય અને પાઠ્યપુસ્તકોમા જોવામા આવે છે. આ માન્યતાને આધુનિક શોધ અને પ્રયોગોએ ખોટી ઠરાવી છે." ઇ.સ.૧૯૧૪ મા ઈગ્લેન્ડમા બહાર પડાયેલ ગાડપણના કારણોમા દારૂ પ્રથમ કારણ છે.

ડો. ઇ. લેન્ડન ( Dr. E. Landon ) કહે છે :

દારૂ દવા નથી. કેટલાક સ્પિરિટ્યુક્ત પીણાએ, ખાસ કરીને બ્રાન્ડીએ, ઘરમા જ નહીં પરંતુ દવાખાનામા શરદી, થાક અને એનીમિયા વગેરે બીમારી માટે માન્યતા પ્રાપ્ત કરી છે. દારૂ અને સ્પિરિટના પીણા દવા તરીકે દદીને આપવાથી લાભદાયક નીવડે છે એવા ભૂલભરેલા ખ્યાલોથી પ્રેરાઇને ઉત્સાહવર્ધક (સ્ટિમ્યુલન્ટ), નિશાછત્ર (નાઇટ-કેપ) અને "મને અપનાવો" વગેરે નામ હેઠળ દારૂ અને સ્પિરિટનુ સેવન કરવામા આવે છે.

મદ્યાર્ક ઝેરી છે :

તાજેતરનો તબીબી અભિપ્રાય મદ્યપાન અને નશો લાવનાર મદ્યાર્કવાળા પીણાની વિરૂધ્ધમા છે; અને તેમને ઝેરી જાહેર કરવામા આવેલ છે.

પ્રોફેસર શારફેનબર્ગે જણાવ્યુ છે કે મદ્યાર્ક અને અન્ય મદ્યાર્ક ઔષધો વ્યકિતગત સ્વાતંત્ર્યના સૌથી વધુ ખતરનાક વેરી છે. રોયલ સોસાયટીના ડો. એચ.એચ.ડેઇલ તેમજ તબીબી સંશોધન સંસ્થાના ડિરેકટરે જણાવ્યુ છે કે, "મદ્યાર્ક કુશળ કામગીરી માટેનુ સહાયક નથી પરંતુ કામનુ અવરોધક છે." "મદ્યાર્ક કોઇ રોગ માટે ખાસ વિશિષ્ટ અથવા તો ઇલાજ નથી." મદ્યાર્કને પક્ષપાત તથા ગાડપણના કારણ તરીકે ગણાવ્યુ છે. વિશ્વના આગેવાન ફિઝિશિયનોએ મદ્યાર્કના કોઇપણ રોગ માટેના ઉપયોગ વખોડી કાઢયો છે.

કેટલાક દલીલ કરે છે કે હળવા પ્રમાણમા મદ્યપાન હાનિકારક નથી. પરંતુ પાશ્ચાત્ય જગતનો એ અનુભવ છે કે હળવુ મદ્યપાન કરનારાઓ પણ અત્યંત સહેલાઇથી અને ઝડપથી દારૂના જોરદાર

વ્યસની બની જાય છે. આર્થિક અવનતિ, સ્વાસ્થ્યની હાનિ, કૌટુંબિક સંબંધોમાં ખલેલ, કસમયના મોત, ચોંકાવનારી સંખ્યામાં અકસ્માતો તથા માનસિક તેમજ શારીરિક અસંતુલન એ પરિશ્રમના અને સર્વે મદ્યપાન કરનારને લલાટે જડાયેલાં છે.

એકલા અમેરિકામાં જ દારૂના દૈત્યે માર્ગ ઉપર ૫૩ હજાર મોત અને ૮ લાખ લોકોને ઈજા કરેલ છે. બીજા વિશ્વયુદ્ધમાં માર્યા ગયેલા તેમજ ઈજા પામેલા અમેરિકનોની સંખ્યા ૫,૫૫,૧૩૬ કરતાં તો તે કયાંય ઓછી હતી. પ્રાણઘાતક અકસ્માતોમાં ૬૦ ટકા માટેનું કારણ મદ્યાર્ક જ હોય છે.

મદ્યપાનથી શરીર પર થતી અસર :

અંધાપો અને બહેરાપણું :

સતત મદ્યપાન કરનારના મગજમાં દારૂનો પ્રવેશ હમેશાં થતો રહે છે. તેથી ધીમે ધીમે મગજમાં સોજો ચઢે છે અને તેમાં પાણી ભરાય છે. આ સોજાને અંગ્રેજીમાં એડિયા ( Edima ) કહે છે. તેમાંનું પાણી ઓસરી જતાં ફૂલેલ મગજ ધીરે ધીરે સુકાય છે. આ સાથે મગજને સુસ્તી આવે છે. આ પ્રક્રિયા આગળ વધતાં વિચાર કરી નિર્ણય લેવા માટેનો ઉપયોગી પદાર્થ ગ્રેમેટર સડવા માંડે છે. ગ્રેમેટર સુકાતાં મગજ કઠણ થાય છે અને માથું દુ:ખવા માંડે છે. આ રોગને અંગ્રેજીમાં સાઈકોસિસ કહે છે. મગજના અનેક ભાગમાંથી રક્તવાહિનીઓ ફૂટીને રક્તસ્ત્રાવ થાય છે, વિટામિન "બી" ઓછું થતાં મજ્જા સડે છે અને ન્યુરાઈટીઝ નામનો રોગ લાગુ પડે છે. આ અસહ્ય રોગથી અંધાપો અને બહેરાપણું આવે છે.

ન્યુમોનિયા જેવા રોગો :

લોહીમાં દારૂ દાખલ થાય એટલે લોહી વેગથી ફરવા માંડે છે અને ચામડી તરફ ધસે છે. ચામડીના છિદ્રો પ્રસરે છે અને શરીરના અવયવોની ઉષ્ણતા લોહીની સાથે જાય છે; તેથી ચામડી ગરમ લાગે છે. આમ આ ઉષ્ણતા દારૂએ ઉત્પન્ન કરેલી નથી હોતી પરંતુ શરીરની અંદરના અવયવોની હોય છે. શરીરની અંદરના

ભાગમાં ચરબી, કાર્બન વગેરે પદાર્થોએ પોતે બાળીને કરેલી ઉષ્ણતા બહાર ખેંચાઇ આવે છે. તે જ વખતે બહારની હવાના સંપર્કને લીધે ઠંડુ થયેલું લોહી અંદરના નાજુક અવયવો તરફ પહોંચે છે અને તેને ઠંડી લાગે છે: આથી ન્યુમોનિયા જેવા રોગ ત્વરિત ઉત્પન્ન થાય છે.

<u>ફેફસાંની બીમારી તથા કેન્સર :</u>

દારૂથી લોહીના ફરવાના વેગની અસર લોહીના ભ્રમણ પર થતાં શુધ્ધ રકતવાહિનીઓ (આર્ટરીઝ) વિસ્તૃત થઇને ઢીલી થાય છે. તેથી તેનાં સ્પંદનોનો ગુણ મંદ કડતાં કુદરતી રીતે લોહી આગળ ધપતું નથી: આમ લોહીનો જમાવ થતાં શુધ્ધ રકતવાહિનીઓમાં ગાંઠ (થ્રોમ્બ) આવતાં છાતીમાં ધડધડ થઇ હૃદય ધીમું પડે છે. હૃદય ક્રિયા મંદ ચાલે એટલે ફેફસાં સૂજી જાય છે. હવા ભરવા માટેની ફેફસાંની જાળીમાં લોહીમાંનુ પાણી ભરાય છે, અને મૃત્યુ નજીક આવે છે. મદ્યપાન નહીં કરનાર કરતાં મદ્યપાન કરનારને કેન્સરનો રોગ સાત ગણો થાય છે.

<u>અન્ન પચતું નથી :</u>

પેટનાં આંતરડાંની અંદરની બાજુએ આંતરત્વચા હોય છે. અન્નની અંદરનો પાચક રસ શોષવાની તેનામાં શકિત હોય છે. દારૂથી આ શકિતનો લોપ થાય છે: આથી પેટમાં અમ્લતા (એસિડિટી) વધે છે. તેથી આંતરડાંમાં નાના ફોલ્લાં ઉઠે છે. એસિડિટીને લીધે લીવર અને આંતરડાના નાશની શરૂઆત થાય છે અને વારંવાર પેટમાં દુઃખાવો (શૂળ) પેદા થાય છે: અન્ન પચતું નથી કારણ કે અન્ન શોષણની ક્રિયા મંદ પડી છે. આ કારણે ભૂખ લાગતી નથી.

<u>સંતતિમાં વિકૃતિ તથા ગર્ભપાત :</u>

સતત મદ્યપાનથી સ્વાદુપિંડ સડે છે: મૂત્રાશય, અસ્થિરસ, પ્લીહા, જનેન્દ્રિય અને અંતરગ્રંથિ પર થનાર પરિણામ બહારથી દેખાતું નથી પણ ધીરે ધીરે ઉપર જણાવ્યાં જેવા જુદા જુદા રોગ

ઉત્પન્ન થાય છે. સંતતિ પર મદ્યપાનનું ઘાતક પરિણામ આવે છે. અપંગ કાયાવાળી, માનસિક વિકૃતિવાળી અને રોગથી ઘેરાયેલ અલ્પાયુષી સંતતિ પેદા થાય છે. ગર્ભપાત અનેકવાર થાય છે.

<u>અંતે મોત :</u>

સતત મદ્યપાનથી માણસ દારૂડિયાની અવસ્થા (આલ્કોહોલિઝમ) પામે છે. ક્રોનિક આલ્કોહોલિઝમની સ્થિતિમાં મદ્યપાન કરનારથી દારૂ પીવા પર સંયમ રહેતો નથી. અતિ મદ્યસેવનથી તે બેશુધ્ધ થઈ મૃત્યુની નજીક પહોંચે છે, ત્યારે તેને એક્યૂટ આલ્કોહોલિઝમ કહે છે. આ સ્થિતિમાં અન્નનલિકાની નીચે આવેલ પાચનનલિકા સૂજી જાય છે. અને મંદ પડી જાય છે. આ સ્થિતિને "ડિસ્પેપ્સિયા" કહે છે. મદ્યપાનથી આ રોગ થતાં વિવેકશક્તિ, તારતમ્યની શક્તિ અને ભાવના નષ્ટ થાય છે.

આમ સામાન્યપણે નશો ચડે એટલી હદ સુધીના દારૂના સેવનથી શરીર અને ઇન્દ્રિયોની કુદરતી ક્રિયાઓ મંદ પડી જાય છે. તેથી કાનની સાંભળવાની અને આંખની જોવાની, ચામડીની સ્પર્શને ઓળખવાની અને શરીરના હલનચલનમાં સ્નાયુઓને પડતી તાણના ભાનની શક્તિમાં ઘટાડો થયાની સાબિતી પ્રયોગો કરીને મેળવેલા પુરાવાથી મળે છે. જ્ઞાનતંતુઓ અને સ્નાયુઓ વચ્ચેના સુમેળને લીધે શરીરની ક્રિયાઓ સરળપણે ચાલે છે. તેવા સ્થૂળ અને સૂક્ષ્મ સુમેળ દારૂની અસરથી બગડે છે. તેની સાબિતી નિશાન તાકનારની સફળતામાં ૩૦ થી ૫૦ ટકા જેટલા નોંધાયેલા ઘટાડાથી મળી છે.

માણસના મગજના છેક ઉપરના ભાગમાં ભૂખરા રંગના પદાર્થનું એક પડ છે. તેમાં સૂક્ષ્મ વિચાર કરવાની શક્તિનું કેન્દ્ર છે. તેના પર દારૂની અસરથી નીચે જેવાં પરિણામો આવે છે.

(૧) વિચારમાં ઉપરચોટિયાપણું આવે છે.
(૨) તુલના શક્તિ નબળી પડી જાય છે, અને વિયોજક શક્તિમાં વધારો થઈ નિગ્રહશક્તિ મંદ પડી જાય છે.
(વિયોજક = છૂટું પાડનાર (૨) બાદ કરવાની રકમ)
જીભની બોલવાની શક્તિ મંદ પડી જાય છે.

(૩) માણસનો અવાજ ધાડો થઇ જાય છે અને તેના બોલવામાં લોચા વળે છે.

આ બધા છતાં યુધ્ધમાં વિજયી બનવા સૈનિકોને દારૂ આપવાની જરૂર છે એવી એક રૂઢ માન્યતા પ્રવર્તે છે અને તે દાખલો લઇ લૂટફાટ, તોફાન, પરાક્રમ કરનારા દારૂ પીએ છે. આ બાબત કેટલી નિરાધાર છે તે જોઇએ.

**સૈનિકોને દારૂની જરૂર છે જ નહીં :**

અનુભવથી જાણી શકાયુ છે કે સૈનિકોને દારૂ પીવડાવવો દરેક રીતે નુકશાનકારક છે. ૧૯૧૪ અને ૧૯૪૦ માં જર્મન સેનાએ જ્યારે ફ્રાન્સને કચડી નાખી ત્યાંની નાગરિક જનતા પર અત્યાચાર કર્યા ત્યારે આ બાબતનો અનુભવ ફ્રેન્ચો અને અંગ્રેજોને થયો. આ અત્યાચારોની તપાસ કરવા માટે બ્રિટિશ સરકારે એક તપાસ સમિતિ બેસાડી હતી; એણે પોતાના રિપોર્ટમાં કહ્યુ હતુ: "પાશવિકતાના અનેક કામ સૈનિકોએ વ્યક્તિગત રીતે કર્યાં, જેવા કે નાગરિકો સાથે દુર્વ્યવહાર, બળાત્કાર, લૂટફાટ વગેરે બધા યુધ્ધોમાં આ પ્રકારના વ્યવહારો થોડા ઘણાં થાય છે. કારણ કે કોઇપણ મોટી સેનામાં ઘણા લોકો અપરાધી પ્રવૃત્તિ કરનારા પણ હોય છે. યુધ્ધની સ્થિતિમાં એમને પોતાના ગુના માટે સજા મળવાનો ભય હોતો જ નથી, તેથી તેઓ મુક્ત મને ગુના કરે છે. આ ઉપરાંત દારૂનો નશો એવા સૈનિકોને પણ અત્યાચારી બનાવી દે છે, કે જેઓ સ્વભાવથી ગુનેગાર વૃત્તિવાળા નથી હોતા. દારૂના નશામાં તેઓ એવા ભયંકર ગુના કરી બેસે છે કે જેનો પોતાની શાંત અવસ્થામાં વિચાર કરતાં એમને પોતાને ખૂબ આશ્ચર્ય થાય છે. એવુ માનવાને પૂરતાં કારણો મળી આવે છે કે જર્મન સેનામાં દારૂનો ખૂબ ઉપયોગ થતો હતો. તેથી તે વધુ અત્યાચાર કરતી હતી. ખાસ કરીને બેલ્જિયમ અને ફ્રાન્સમાં વિજયી જર્મન સૈનિકોને દરેક ગામ લૂટતી વખતે ખૂબ દારૂ મળી જતો હતો. અને ત્યાં જ સૌથી ભયંકર અત્યાચાર દારૂના નશામાં થયેલા માલૂમ પડયા છે.

## સેનાપતિઓના કડવા અનુભવો :

દારૂના ઉપયોગ વિષે અનેક સેનાપતિઓને કડવા અનુભવ થયેલા છે; જો કે બધા દેશોમા એમ માનવામા આવે છે કે જ્યારે યુધ્ધ મોરચે મોકલાય ત્યારે એમને સ્ફૂર્તિ આપવા અને તેમનો થાક ઉતારવા એમને દારૂ આપવો. માન્યતા એવી છે કે દારૂ પીવાથી સૈનિકો નિર્ભય બની જાય છે અને તેઓ વીરતાથી લડે છે. આ માન્યતા પાયા વિનાની છે. પરંતુ અનેક સેનાપતિઓના અનુભવ છે કે દારૂ સૈનિકોને રોગથી બચાવવાને બદલે તેમનામા રોગ વધારી મૂકે છે. આવો એક અનુભવ બ્રિટિશ સેનાને ૧૮૬૨ મા પોટેમેક નદીને કિનારે થયેલો. જે આ પ્રમાણે છે :

કેટલાય અઠવાડિયા સુધી લડયા પછી અને વરસાદમા ભીંજાયા પછી એવું માનીને સૈનિકોને દારૂ આપવામા આવ્યો કે એમની મરડા અને ઝાડાની જે જે ફરિયાદો છે એ દૂર જશે અને સાથે સાથે દારૂથી એમને બીજા લાભ પણ થશે. દારૂ મળતા સૈનિકો ખૂબ ખુશ થયા. પરતુ દારૂ આપ્યા પછી એમની મરડાની અને ઝાડાની ફરિયાદો વધી ગઇ હતી અને વધારામા નશાની સમસ્યા પેદા થઇ હતી. એટલે એક મહિનામા આવા કડવા અનુભવ પછી દારૂનો પ્રયોગ ડોકટરોના અભિપ્રાય પછી બંધ કરવો પડેલો.

## લડાઇમા બેહાલી :

દારૂથી લડાઇમા સૈનિકોની બેહાલી થયાનો એક દાખલો આ પ્રમાણે છે : ક્રીમિયાની લડાઇમા બ્રિટિશ અને ફ્રેન્ચ સૈનિકોને "રમ" નામનો દારૂ આપવામા આવતો હતો. એ લડાઇમા સેનાઓની ખૂબ દુર્દશા થઇ. "રમ" ના ઉપયોગ બાબત સેનાના અધિકારીઓએ અને ડોકટરોએ એટલી બધી ટીકા કરી કે ઘણા લાબા સમય સુધી રમનો ઉપયોગ બંધ થઇ ગયેલો.

સૈનિકોને જે હેતુથી દારૂ આપવામા આવે છે એના કરતા સાવ ઉલ્ટુ પરિણામ આવે છે. યુધ્ધમા સફળતા મેળવવા માટે એ જરૂરી હોય છે કે સૈનિકો શિસ્તબધ્ધ રહે, એમનુ મગજ યોગ્ય અને

સાચું કામ કરતું રહે, એમની આંખો અને આંગળીઓ સારી રીતે કામ કરતી રહે, એમના પગ ભાગવા અને દોડવામાં સમર્થ રહે અને તેઓ સાચું નિશાન તાકી શકે, પરંતુ આ પૈકીનું એક પણ કામ સૈનિક દારૂ પીધા પછી કરી શકતો નથી, જેટલી સરસ રીતે તે દારૂ પીધા વિના કરી શકે છે. દારૂ પીધા પછી આંખો, આંગળીઓ અને મગજ એ ત્રણેય સારી રીતે કામ કરી શકતાં નથી. નૌકાસૈન્યના તોપચીઓ અને જમીન પરના સૈન્યના બંદૂકધારીઓની નિશાનબાજી દારૂ પીધા પછી ૩૦ ટકા ખોટી પડે છે એવો એક અહેવાલ છે: લાંબા સમયની શોધ પછી એક એવો નિયમ તારવવામાં આવ્યો છે કે ઠંડા અને ગરમ બંને પ્રકારના વાતાવરણમાં દારૂ પીધા વિના સૈનિકો વધારે શ્રમ કરી શકે છે.

## ચારિત્ર્ય અને શિસ્ત બગડે છે :

બ્રિટિશ સેનાના ઇન્સ્પેકટર જનરલ શ્રી વિલિયમ ફર્ગ્યુસને અનુભવથી આ પ્રમાણે લખ્યું છે: "કોઇપણ એવું નહીં ઇચ્છે કે પોતાના સૈનિકોને કદી નહીં મટનારો અને વિનાશકારી રોગ વળગાડી દઇએ. પરંતુ એમને દૈનિક રેશનમાં "રમ" આપીને આપણે એથી પણ વધારે ખરાબ કામ કરી રહયાં છીએ. આપણે એમના મન અને શરીરને વ્યકિતની નૈતિક ભાવના અને શારીરિક શકિતઓને, લશ્કરની સામાન્ય શિસ્તને અને રાષ્ટ્રીય ચારિત્ર્યને ખતમ કરવા માટે દારૂ નામનું સૌથી ઉત્તમ ઔષધ અપનાવ્યું છે."

સૈનિકોનો જે જાતનો વિનાશ દારૂ કરે છે તે નાગરિકોનો પણ શા માટે ન કરે? સૈનિકોના અહેવાલો પરથી પણ એ બાબત નિશંક રીતે પૂરવાર થાય છે કે કોઇપણ દેશે તેના નાગરિકોના ઉજ્જ્વળ અને સુધી ભાવિ માટે દારૂબંધી દાખલ કરવી જોઇએ.

## દારૂ વિના સૈનિકો સારું કામ આપે છે :

દારૂ પીવાથી સૈનિકોની દુર્દશા અને નુકસાન થયાની બાબત જોયા પછી હવે દારૂ ન પીનારા સૈનિકોની કામગીરી વિષે જોઇશું.

જનરલ ફ્રાન્સિસ ગ્રેનફેલે ઇજીપ્તની લડાઇ બાબતમા કહ્યુ છે: "ઇજિપ્તની લડાઇમા સૈનિકોને બિલકુલ દારૂ આપવામા આવ્યો ન હતો. અમે ફકત નાઇલ નદીનુ પાણી પીતા હતા. આ યુધ્ધના અંતિમ દિવસોમા સેનાના પાછળના ભાગની રક્ષાનુ કામ મને સોંપવામા આવ્યુ હતુ. નાઇલ નદીને કિનારે લડનારી આ સેના જેટલી સમર્થ અને ઉત્તમ સેના મેં દુનિયાના કોઇપણ ભાગમા કદી જોઇ નથી."

જર્મનીની સોળમી લશ્કરી ટુકડીના કમાન્ડર કાઉન્ટ વાન હેસલરે લખ્યુ છે :

જે સૈનિક દારૂ નથી પીતો, એ સૌથી સારો સૈનિક છે. તે વધારે કાર્ય કરી શકે છે, અને તે થોડો દારૂ પીનારા સૈનિકથી પણ વધારે સારો યોધ્ધો છે. માનસિક અને શારીરિક દૃષ્ટિએ તે દારૂ પીનાર સૈનિક કરતા ઘણો વધારે સારો હોય છે. સૈનિકો માટે પાણી, કોફી અને ચા સર્વોત્તમ પીણા છે."

દક્ષિણ આફ્રિકામા અંગ્રેજો અને બોઅરો વચ્ચે થયેલા યુધ્ધમા બોઅરોએ દારૂનો ઉપયોગ બંધ રાખ્યો હતો. તેથી તેઓ દિવસની સખત ગરમી અને રાતની સખત ઠંડી સરળતાથી સહન કરી શકતા હતા. સેનાના બધા ડોકટરોનો પણ એ જ અભિપ્રાય હતો કે બોઅર સૈનિકોની વધારે સહનશીલતાનુ મુખ્ય કારણ એ લોકો દારૂ નથી પીતા તે છે. અંગ્રેજ સેનાધ્યક્ષ સર ફ્રેડરિક ટ્રેવર્સે પણ આ સત્ય સ્વીકાર્યુ હતુ.

આમ સેનાના ડોકટરો અને સેનાપતિઓના આવા વિવિધ અભિપ્રાયો જોયા પછી આપણે એ તારતમ્ય પર આવી શકીએ કે સૈનિકોને દારૂ જરૂરી નથી, એટલુ જ નહીં પરંતુ તેમની કામગીરીમા બાધક છે. દારૂ પીને ભાન ભૂલી વીજયી સૈનિકો નાગરિકો પર અમાનુષી અત્યાચારો કરવા પ્રેરાય છે તે બાબત પણ ગંભીર છે અને વળી દારૂ રોગ વધારે છે તે પણ સાબિત થયુ છે.

તો પછી માણસો દારૂ શા માટે પીતા હશે એવી પૃચ્છા થાય તે સ્વાભાવિક છે. હવે પછી માણસ દારૂ શા માટે પીવે છે? કયા સંજોગોના દબાણ હેઠળ તે પોતાના કુટુંબને નષ્ટ કરનાર દૈત્યને તાબે થાય છે તે જાણવું રસપ્રદ બનશે.

## માણસ દારૂ કેમ પીએ છે? :

મિત્રોના આગ્રહને વશ થઇ મિત્રોનુ અનુકરણ કરવા, ફેશનેબલ વર્ગોમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માણસ દારૂ પીવાની શરૂઆત કરે છે. ઉદ્યોગ-ધંધામાં પડેલા માણસોમાં દારૂ પીવાની ફેશન થઇ ગઇ છે. વિદેશોમાં ખુલ્લેઆમ પિવાય છે એટલે ભારતમાં પોતાને આધુનિક ગણાવવા અને વિદેશીઓનું અનુકરણ કરવા પણ મદ્યપાન કરાય છે. આજુબાજુની પરિસ્થિતિ અને સંજોગો પણ માણસને મદ્યપાનનું વ્યસન લગાડે છે.

નિકૃષ્ટ અવસ્થા, દરિદ્રતા, રોગી પ્રકૃતિ, સુખી લગ્નજીવનની ઊણપ, પ્રેમભાવનો અભાવ વગેરે કારણો માસણને દારૂ પીવા તરફ દોરી જાય છે. ખરાબ અથવા નિંદ્ય કામ કરવા કે વેર વાળવા તથા હિંસાત્મક કામ કરવા પણ માણસ દારૂનો નશો કરે છે. સત્ય પરિસ્થિતિનો સામનો કરવાની અશક્તિ અને તેને ટાળવાની વૃત્તિ ફરજ કે જવાબદારીમાંથી નાસી છૂટવાની મનોવૃત્તિ માણસને દારૂ પીતો કરી દે છે. જિંદગીના સંકટોનો સામનો કરવાની, દુઃખ સહન કરવાની તથા અપમાનનો જવાબ વાળવાની ધીરજ નહીં હોવાથી સહેલા ઉપાય તરીકે તે દારૂ પી સર્વ ભૂલી જવા માગે છે. પરંતુ આમ કરવાથી પરિસ્થિતિ બદલાતી નથી, પરંતુ વણસે છે. દારૂનું વ્યસન લાગ્યા પછી તેમાંથી મુક્ત થવું બહુ કઠણ છે.

શરીર પર થતી દારૂની અસર આટલી ઘાતક હોય છે તો મન પર થનારી અસર વધુ ભીષણ હોય છે. માણસની ઇચ્છાશક્તિના તાબામાં મગજનાં જ્ઞાન અને સંયમ કેન્દ્ર હોય છે. તે કેન્દ્રો પોતાના આદેશ પ્રમાણે શરીર પાસેથી કામો કરાવી શકે છે, પરંતુ દારૂને લીધે આ કેન્દ્રો બહેરાં (અકાર્યશીલ) થઇ જાય છે. આ કારણે માણસની ઇચ્છાશક્તિ મરી જાય છે. આમ થવાથી માણસનો

પોતા પરનો સંયમ જતા તેના નૈતિક અધઃપતનની શરૂઆત થાય છે. તે બેધડક ખોટુ બોલવા છતા પોતાના બોલવા પર વિશ્વાસ રાખે છે. ક્રૂર કામ કરવાની તેને જબરદસ્ત ઇચ્છા થાય છે અને જીવનમાથી રસ અને સાત્વિક આનંદ ઉડી જાય છે. આમ દારૂ શરીર, મનને નકામા તો કરે જ છે, પરંતુ તેમ થયા પછી તે આત્માનુ પતન નોતરવા પણ કારણભૂત બને છે. મનની વિક્ષિપ્ત હાલતને કારણે તે મા-બહેન કે દીકરીની લાજ લૂટવા સુધીના કાર્યો કરી બેસે છે. આમ દારૂડિયો સમસ્ત જગતનો દ્રોહ કરે છે અને મિલકત, ધર્મ, સંસ્કૃતિ તથા સમાજ એ બધાનો નાશ કરે છે.

<u>ભ્રામક ખ્યાલો :</u>

સામાન્ય માણસના મનમા દારૂ વિષે અનેક ગેરસમજ હોય છે. શ્રમજીવીઓ દારૂ પીવા માટે આવા બહાના બનાવે છે. અમ ગરીબોએ મહેનત મજૂરી કરવી પડે છે. અમને જે ખાવાનુ મળે છે તે કસ વિનાનુ હોય છે. આખા દિવસની કાળી મજૂરી કર્યા પછી એકાદ પ્યાલી પીવાથી ગરમાવો આવે છે અને રાહત રહે છે. દારૂ તાકાત આપનાર અને શ્રમપરિહારક છે એવો તેમનો પ્રામાણિક મત છે. પરંતુ તેની અસર ઉતરે કે તરત તેઓ નિરૂત્સાહ જણાય છે. ઉત્સાહ આવે તે માટે ફરીથી દારૂ પીવાની જરૂર લાગે છે.

સફાઇ કામદારોમા પણ મિલમજૂરની જેમ જ દારૂની બદી વિશેષ જોવા મળે છે. તેઓ માને છે કે દારૂ ન પીએ તો સફાઇના ગંદા કામો તેમનાથી થઇ શકે નહી. દારૂ પીવાથી ગંદકીવાળા કામો કરવા છતા તેમને રોગ થતો નથી.

દારૂ વિષે લોકોમા પણ એવી ગેરસમજ છે કે કડકડતી ઠંડીમા દારૂ શરીરમા ગરમી લાવી દે છે. શરદી, પેટનો દુઃખાવો, શરીરમા કળતર થાય કે કંઇ વાગે તો દારૂ અકસીર ઔષધ છે. જઠરાગ્નિને જાગૃત કરવા, કોઇ બહાદુરીનુ કામ કરવા દારૂ જોમ આપે છે, માટે તો સૈનિકોને લડાઇમા દારૂ અપાય છે. આ બધી ગેરસમજ છે. તે બાબત લોકોને ગળે ઉતારવાની જરૂર છે.

દારૂ થોડો લેવા માંડયા પછી તેની કાયમની લત લાગી જાય છે. શરૂઆતમાં કુતૂહલ ખાતર લેનાર ધીરે ધીરે વ્યસની બની સમય જતાં અઠંગ દારૂડિયો બની જાય છે.

હવે આપણે ગુજરાત જે મૂલ્યોને સ્વીકારીને તેની આગવી રીતથી નશાબંધીનું કાર્ય કરે છે તે વિષે જોઇશું. સદ્દભાગ્યે ગુજરાતને ગાંધીજી મળયા, અને તેમણે પોતાની સ્વરાજ્યની લડત ગુજરાતમાં રહી કરી તેથી આ પ્રદેશને તેમનો વિશેષ લાભ મળયો અને તેમની પ્રતિભાથી ઊભા થયેલા કાર્યકરોએ દારૂબંધીને સફળ બનાવવા જે દૃષ્ટિથી કામ ચાલુ રાખે છે તે જોઇએ. અહીં ગુજરાત નશાબંધી મંડળ અને તેનું કાર્યકરોનું જૂથ પણ છે જે રાજ્યને આ પ્રયત્નોમાં મદદ અને માર્ગદર્શન કરતું રહે છે:

નશાબંધી :

સામાજિક-આર્થિક કલ્યાણનો સમન્વિત કાર્યક્રમ :

વળતર વિનાનો કલ્યાણ પ્રવૃત્તિને અવરોધક વ્યય :

ગુજરાતે જે કેટલાક ગૌરવપૂર્ણ ઉત્તરાયિત્વોનું પ્રદાન કર્યું તેમાં નશાબંધી અગ્રસ્થાને છે. નશાબંધીના કાર્યક્રમને આપણે સામાજિક અને આર્થિક કલ્યાણનો સમન્વિત કાર્યક્રમ ગણ્યો છે. આ પ્રકારની સમન્વિતા પાછળનો સીધો સાદો વર્ક એ છે કે સમાજ સુધારણાના પાયા વિનાનો આર્થિક કાર્યક્રમ કે આર્થિક અભિગમ વિનાનો સમાજ સુધારણાનો કાર્યક્રમ ચિરસ્થાયી બની શકે નહીં. ઉત્પાદક હેતુઓ માટે આવકનો વ્યય અનિવાર્ય લેખાય, પરંતુ વળતર વિનાનો વ્યય તો સંપત્તિ વેડફી નાખે. નશા પાછળ થતો વ્યય વળતર વિનાનો વ્યય છે, જે સામાજિક અને આર્થિક કલ્યાણની પ્રવૃત્તિઓને ફળદાયી બનાવવાની આડે અવરોધ ઊભા કરે છે.

નશા દ્વારા વેડફાતી સંપત્તિ વ્યક્તિને તો હાનિકારક છે જ અને સાથે સાથે સમાજને પણ નુકશાનકર્તા છે. વળી તે અર્થતંત્રના સાચા વિકાસની અવરોધક પણ છે. આ દૃષ્ટિએ નશાબંધીના કાર્યક્રમનો ગુજરાતમાં સમાજ-જીવનના આવશ્યક અંગ તરીકે સ્વીકાર

કરવામાં આવ્યો છે. આમ જનસમૂહના વિશાળ હિતની દ્રષ્ટિએ સંપૂર્ણ નશાબંધીને ગુજરાત આવશ્યક જ નહીં, પરંતુ અનિવાર્ય ગણે – લેખે છે.

સામાજિક પરિવર્તન :

નશાબંધીના કાર્યક્રમે ગુજરાતમાં સામાજિક પરિવર્તન હાંસલ કરવાની બાબતમાં પણ ગણનાપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે. સામાન્ય રીતે જનસમૂહ માટે તેમજ પછાત વર્ગના લોકો અને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ તેમજ ભૂતપૂર્વ વિમુક્ત કોમોનું જીવનધોરણ સુધારવામાં નશાબંધી આશીર્વાદ રૂપ સાબિત થઈ છે. કેટલાક દારૂડિયાઓ, રસ્તા પર ગંદા નાળામાં આળોટતા અને મોટેથી બબડતા–ઝઘડતા જોવા મળતા એ દ્રશ્ય હવે ભાગ્યે જોવા મળે છે.

આર્થિક–સામાજિક–શૈક્ષણિક–સંસ્કૃતિક ફાયદા :

"ઇન્ડિયન (રિસર્ચ) સોસાયટી ફોર વેલ્ફેર બેકવર્ડ કલાસીસની મોજણી :

દારૂબંધીથી પછાત અને સહાયપાત્ર વર્ગોની સામાજિક–આર્થિક અને નૈતિક પરિસ્થિતિમાં થયેલા પરિવર્તન અંગે "ઇન્ડિયન રિસર્ચ સોસાયટી ફોર વેલ્ફેર ઓફ બેકવર્ડ કલાસીસ" મારફત રાજ્ય સરકારે કરાવેલી મોજણીના ૧૯૬૫–૭૬ ના અહેવાલો પરથી તારણો નીકળે છે કે દારૂની નાગચૂડમાંથી મુક્ત થયેલા શ્રમજીવીઓના ઘરોમાં તાંબા–પિત્તળનાં વાસણો, પ્રાયમસ કે કુકર જેવા સાધનો, ખુરશી–ટેબલ કે પંખા જેવું રાચરચીલું અને ક્યાંક તો રેડિયો–ટ્રાન્ઝીસ્ટર્સ જેવી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે. તેમના ભોજનમાં દૂધ–ઘીવાળા સારા ખોરાકની વાનગીઓ હોય છે. કપડાંમાં પણ ફેર દેખાય છે અને તેઓ બાળકોના શિક્ષણ પર ખર્ચ કરી શકે છે. નોકરીમાં ગેરહાજરીનું પ્રમાણ ઓછું થયું છે. હજારો કુટુંબોમાં નશાબંધી દ્વારા જે સુખી ગૃહ–જીવન સાંપડયું છે તેનું મૂલ્ય ભલે નાણાંમાં અંકાઇ શકે નહીં પરંતુ કુટુંબોમાં જે સામાજિક પરિવર્તન થયું છે તે તો એક ક્રાંતિ જ છે.

**ઢેબર કમિશનમાં ઉલ્લેખ :**

અનુસૂચિત જાતિઓ તથા જનજાતિઓ માટેના ઢેબર કમિશનના અહેવાલોમાં પણ આ ક્રાંતિનો વિશિષ્ટ ઉલ્લેખ છે. "ગુજરાતમાં નશાબંધીને કારણે આ જાતિઓના લોકો સુવ્યવસ્થિત જીવન વ્યતીત કરતા થયા છે. તેમની ખરીદ શકિતમાં વધારો થયો છે."

**કામદારોની કાર્યક્ષમતામાં વૃધ્ધિ :**

ન્યાયમૂર્તિ શ્રી ટેકચંદના અધ્યક્ષપદે નિમાયેલ અભ્યાસ-જૂથે તેના અહેવાલમાં નિર્દેશ કર્યો છે કે સુતરાઉ કાપડની મિલોમાં દારૂબંધી પહેલાં જે કામદારો બસો ત્રાક સંભાળતા હતા, તે નશામુકત પછી ચારસોથી આઠસો ત્રાકો સંભાળી શકે છે. નશાબંધી નથી તેવા વિસ્તારોમાં કામદાર આજે પણ બસોથી વધુ ત્રાકો સંભાળી શકતો નથી.

**આર્થિક પાસુ :**

નશાબંધી પરના અભ્યાસ-જૂથે એવું તારણ કાઢયુ છે કે નશાબંધી નથી તેવા વિસ્તારોમાં નશા પાછળ જે ખર્ચ થાય છે તેની માત્ર $\frac{2}{3}$ રકમ જેટલુ જ ખર્ચ સૂકા વિસ્તારોમાં થતુ હોય છે. ગુજરાતમાં તો પરિસ્થિતિ તેથી પણ વધુ સારી છે. આમ સૂકા વિસ્તારમાં દારૂ પાછળ થતા ખર્ચની બચત વધુ સારા હેતુ માટે થાય છે. એક મોજણીમાં જણાયુ છે તે પ્રમાણે નશાબંધી પાછળ કામદાર વર્ગોના દારૂ પાછળ થતાં ખર્ચનુ પ્રમાણ ૧૦ ટકા હોવાનો સંભવ હતો તે ઘટીને હવે અર્ધા ટકા કરતાં ઓછુ થયુ છે. દારૂ પાછળ પીનારના ચાર રૂપિયા ખર્ચાય ત્યારે સરકારને એક રૂપિયો મળે છે.

**આવાસો :**

નશાબંધીથી નવજીવન પામેલા સુરત અને વલસાડ જિલ્લાના હળપતિઓએ દારૂ પાછળ વેડફાતાં નાણાં બચાવીને પોતાનાં મકાન કર્યાં છે. જનજાતિ વર્ગના આ લોકોએ એક લાખ જેટલાં મકાનો બનાવીને સુંદર ગૃહજીવન શરૂ કર્યુ છે.

નશાબંધી પહેલા ભાગ્યે જ પાચ ટકા કામદારોને પોતાના મકાનો હતા. આજે અમદાવાદ શહેરમા વીસ ટકાથી વધુ કામદારોને પોતાના આવાસો છે. આ ઉપરાંત પાચ હજાર જેટલા હરિજન કુટુંબોએ દોઢસો જેટલી તેમજ ત્રણેક હજાર જેટલા જનજાતિના કુટુંબોએ એકસો જેટલી સહકારી ગૃહનિર્માણ મંડળીઓ દ્વારા પોતાના આવાસો ઉભા કર્યા છે.

અમદાવાદની શ્રમજીવી સહકારી બેંક લિમિટેડનો એક અભ્યાસ જણાવે છે કે ૧૯૪૮ મા આ બેંકની સભ્ય સંખ્યા ૭,૬૯૬ હતી તે ૧૯૮૦ મા લગભગ ૫૦ હજાર થયેલી. તે જ રીતે રોકાણ બે લાખ હતુ તે ૫૦ લાખ થયેલુ.

સમાજને લાભ :

૧૯૭૭ મા રાજ્ય સરકારે સાતમા નાણા પંચ સમક્ષ રજૂ કરેલા આવેદનમા જણાવ્યુ છે કે ગુજરાતમા નશાબંધીની નીતિના અમલને કારણે વાર્ષિક રૂ.૨૯ કરોડની આવક જતી કરાય છે. આ ગણતરીએ જોઇએ તો દારૂ પાછળ લોકોની સામાન્યતા અંદાજે રૂ. એકસો સોળ કરોડની રકમ વેડફાઇ હોત તે બચી શકી છે. વસતિનો વધારો, જીવનધોરણમા સુધારો વગેરે પરિબળોના સંદર્ભમા આજની પરિસ્થિતિના નિર્દેષો એવો અંદાજ આપે છે કે આજે ગુજરાત અંદાજે રૂ.૫૫ થી ૬૦ કરોડ જેટલી આવક નશાબંધીને કારણે જતી કરે છે અને તે દૃષ્ટિએ જોતા લોકોની નશા પાછળ આશરે રૂ. સવા બસોથી અઢીસો કરોડની રકમ બચી શકે છે. આખરે આ રકમનો ઉપયોગ સમાજના લાભને ખાતર ઉત્પાદક હેતુઓ તરફ વળયો છે, તે નાનિ સૂની વાત નથી.

આર્થિક લાભનો પ્રતિઘોષ :

નશાબંધીને પરિણામે સમાજને પ્રાપ્ત (હાસલ) થયેલા આર્થિક લાભનો જે પ્રતિઘોષ પડે છે તે પણ નોંધપાત્ર છે. સને ૧૯૬૦-૬૧ મા વેચાણવેરો, મનોરંજન કર અને કેન્દ્રિય આબકારી જકાતમાથી રાજ્યના હિસ્સામાથી ગુજરાતને પ્રાપ્ત થયેલી મહેસૂલી આવક અનુક્રમે રૂા.૧૦.૭ કરોડ, રૂા.૬૪ લાખ અને રૂા.૭.૬૭ કરોડની

હતી. ૧૯૭૫-૭૬ માં આ આવકમાં વૃધ્ધિ થતાં તે અનુક્રમે રૂ.૧૨૫.૬૦ કરોડ, રૂ.૧૦.૨૦ કરોડ અને રૂ.૪૧.૯૯ કરોડ થઇ. આ આવકમાં ઉત્તરોત્તર વૃધ્ધિ થતી રહી છે. ૧૯૭૬-૭૭માં તે વધીને કુલ રૂ.૨૬૨.૨૪ કરોડ થઇ. જ્યારે ૧૯૭૭-૭૮ માં તે વધીને રૂ.૨૬૫.૦૨ કરોડ અને ૧૯૭૮-૭૯ માં રૂ.૨૯૨.૯૪ કરોડ તથા ૧૯૭૯-૮૦ માં રૂ.૩૫૪.૬૭ કરોડ થઇ છે. પાછળનાં વર્ષોની વિગતો નીચેના કોઠા પરથી મળી શકશે. આ શક્ય એટલા માટે બન્યું છે કે નશાબંધીને પરિણામે સુખનાં દ્વાર ખુલ્યાં છે અને હજારો કુટુંબોને શાતા સાંપડી છે.

**વેચાણવેરો, મનોરંજન કર અને કેન્દ્રીય આબકારી જકાતમાંથી રાજ્યના હિસ્સામાંથી ગુજરાતને પ્રાપ્ત થયેલી રકમ: (કરોડ રૂપિયામાં)**

| વર્ષ | વેચાણવેરો (કરોડ રૂ.) | મનોરંજન કર (કરોડ રૂ.) | કેન્દ્રીય આબકારી જકાત (કરોડ રૂ.) | કુલ રકમ (કરોડ રૂ.) |
|---|---|---|---|---|
| ૧૯૬૦-૬૧ | ૧૦.૦૭ | ૦.૬૪ | ૭.૬૭ | ૧૮.૩૮ |
| ૧૯૭૫-૭૬ | ૧૨૫.૬૦ | ૧૦.૨૭ | ૪૧.૯૯ | ૧૭૭.૮૬ |
| ૧૯૭૬-૭૭ | ૧૯૯.૮૬ | ૧૨.૦૩ | ૫૦.૩૫ | ૨૬૨.૨૪ |
| ૧૯૭૭-૭૮ | ૨૧૩.૫૨ | ૧૪.૪૧ | ૩૭.૦૯ | ૨૬૫.૦૨ |
| ૧૯૭૮-૭૯ | ૨૩૨.૯૮ | ૧૫.૬૮ | ૪૪.૨૮ | ૨૯૨.૯૪ |
| ૧૯૭૯-૮૦ | ૨૫૪.૦૪ | ૧૬.૯૩ | ૮૩.૭૦ | ૩૫૪.૬૭ |

**ઉત્તરદાયિત્વ :**

નશાબંધીના કાર્યક્રમમાં ગુજરાત આજે મોખરે છે. દેશના બીજા કેટલાયે રાજ્યોએ નશાબંધી માટે પ્રયત્નો કર્યા, પરંતુ તેમાં સફળ ન થવાથી સંપૂર્ણ નશાબંધીના પ્રયત્નો પડતા મૂક્યા. જ્યારે ગુજરાત રાજ્ય હજુ સંપૂર્ણ નશાબંધીના કાર્યક્રમને વળગી રહ્યું છે. આ ઉત્તરદાયિત્વ જાળવવાનું કામ નાનું સૂનું નથી. બલ્કે સખત પરિશ્રમ માગી લે તેવું છે. એટલે નશા વિરોધી પરિબળો જેટલા પ્રબળ થતાં જશે તેટલે અંશે નશાની જડ નિર્મૂળ થશે. આ કાર્ય

સરકાર, સમાજસેવકો, ધર્મ ધુરંધરો તથા પ્રજાના બધા જ વર્ગના આગેવાનોના સુમેળથી સારી રીતે પાર પડી શકે.

<u>દારૂબંધી સફળ થઇ કે નિષ્ફળ</u>

જૂના મુંબઇ રાજ્યમાં અને આજના ગુજરાતમાં દારૂબંધી સફળ થઇ કે નિષ્ફળ એની ચર્ચાનો અંત નથી. દારૂબંધીના વિરોધીઓ પાસે સૌથી મોટી દલીલ ગેરકાયદે દારૂ ગળાય છે અને તેને લીધે ગુનેગારી વધે છે એ છે. પરંતુ ગેરકાયદે દારૂ ગાળવાની પ્રવૃત્તિ દારૂબંધીવાળા રાજ્યોમાં ચાલે છે તેવી જ રીતે દારૂબંધી વિનાના રાજ્યમાં પણ ચાલે છે. હલકો દારૂ પીને માણસોએ જાન ગુમાવ્યાના દાખલા બંને પ્રકારના રાજ્યમાં બન્યા કરે છે. છૂટવાળા રાજ્યમાં સારો દારૂ મોંઘો હોય છે માટે હલકો દારૂ ગળાય છે. આથી સારો દારૂ સસ્તા ભાવે પૂરો પાડવો એવી માગણી પણ કેટલાક અંગ્રેજી છાપા કરે છે.

ચોકસાઇથી વાત કરવાની ટેવ વિનાના લોકો એક પણ કહે છે કે દારૂની છૂટ હોય તે કરતાં તેની બંધી હોય ત્યારે વધારે દારૂ પીવાય છે. મુંબઇ, અમદાવાદ જેવાં મોટાં શહેરોમાં ગેરકાયદે દારૂ ઘણે સ્થળે ગળાતો હોય અને બહારથી છાનોછપનો આવે એ પણ સંભવ છે. પરંતુ ગલીએ ગલીએ પીઠાં હોય અને છડેચોક દારૂ પીવાતો હોય તેની સાથે છૂપી રીતે પીવાતા દારૂની સરખામણી થઇ શકે જ નહીં.

બીજી વાત એ છે કે છૂપી રીતે પીનારા મોટાભાગના તો જૂની આદતવાળા હોય. દારૂબંધી નવા માણસોને દારૂ પીતા અટકાવવા માટે ખાસ ઉપયોગી છે. ખાસ કરીને યુવાન પેઢીને બચાવવા માટે એ જરૂરી છે.

અમદાવાદના મજૂર કુટુંબોને દારૂબંધીના કાયદાથી ઘણો ફાયદો થયો છે એવું અમદાવાદના મજૂર મહાજને વારંવાર કહ્યું છે. ખાસ કરીને મજૂર સ્ત્રીઓએ આ વાત ભારપૂર્વક કહી છે. એમનાં કુટુંબોને બે ટંક ખાવાના પણ સાંસા પડતા તેને બદલે હવે

આ કુટુંબો કપડાલત્તા અને સરખી ઘરવખરી વસાવી શકયા છે. આ બાબતમા શ્રી મોરારજી દેસાઇએ દારૂબંધી કાઢવા ઇચ્છનારાઓને આપેલો પડકાર સાચો છે. એમણે કહ્યુ હતુ કે દારૂબંધી કાઢવી કે રાખવી તે માટે ગરીબ સ્ત્રીઓનો મત લો. - આના અનુસંધાનમા ૧૯૭૬ મા આવેલા સમાચાર જાણવા જેવા છે.

રાજયમા સ્ત્રીઓએ સંપૂર્ણ દારૂબંધી દાખલ કરવાની માગણી કરી છે. આ બધાનુ કારણ એ છે કે દારૂની લતમા પુરૂષ ફસાય ત્યારે તેનુ બધુ કૌટુંબિક અને સામાજિક નુકશાન સ્ત્રીને વેઠવુ પડે છે. આથી દારૂબંધીના કાયદાને સૌથી વધુ આશીર્વાદ ગરીબ સ્ત્રીઓએ આપ્યા હશે.

ગુજરાતમા હરિજન, આદિવાસી અને પછાત વર્ગોને દારૂથી વધુ સહન કરવુ પડે છે. હવે પછી અંગ્રેજોના સમયમા આદિવાસી વિસ્તારો માટે નિમાયેલ સમિતિઓ અને તે પછી ભારત સ્વતંત્ર થયા પછી આદિવાસી અંગે નિમાયેલા ઢેબર કમિશનની ભલામણો અને અહેવાલ જોઇશુ.

### આદિવાસીઓ અને દારૂબંધી :

### સ્ટાર્ટ અને સિમિંગ્ટન કમિટિ :

આદિવાસી સમાજમા સ્વરાજ્ય પહેલા દારૂની પ્રતિષ્ઠા હતી. આમ છતા છેક ૧૯૩૦ મા અંગ્રેજ વહીવટમા મુંબઇ સરકારે નીમેલી સ્ટાર્ટ કમિટિ અને ૧૯૩૫ મા નિમાયેલી સિમિંગ્ટન કમિટિ આગળ આદિવાસી આગેવાનોએ દારૂબંધી માટે માગણી કરી હતી અને તેથી તેઓની આર્થિક આબાદીની આશા વ્યકત કરી હતી. સ્ટાર્ટ કમિટિએ તો સૂચન પણ કરેલુ કે દારૂબંધીથી સરકારની આવકમા જે ઘટાડો થાય તે બીજા કરવેરા નાખી મેળવી શકાય; જયારે સિમિંગ્ટન કમિટિએ એ પણ જણાવ્યુ હતુ કે દારૂ પીવા પાછળની તેમની ધાર્મિક માન્યતાઓ ઢીલી પડી છે તથા અનેક જગાએ લોકોએ દારૂબંધી માટે માગણી મૂકી છે.

વળી સિમિંગ્ટન કમિટિએ તો મહુડાના ઝાડની ડોળ, ફૂલ સરકારી રાહે ફરજિયાત ખરીદી લઈ દારૂબંધીને વધુ કડક અને અસરકારક બનાવવાની ભલામણ કરી છે. અને દારૂની આવક રાજ્ય ગુમાવે તે સામે લોકોની આર્થિક અને સામાજિક-સાંસ્કૃતિક આબાદીના અનેક ગણા ફાયદાનો ખ્યાલ રાખવાનું સૂચવ્યું છે. દારૂબંધીથી લોકોમાં ઝઘડા ઓછા થાય છે તેનો પણ ઇશારો કર્યો છે.

૧૯૬૦માં નિમાયેલ ઢેબર કમિશને સિમિંગ્ટન કમિટિની ભલામણોને બિરદાવતાં આગળ જણાવ્યું છે કે ભીલો અને બીજા આદિવાસીઓ જન્મ, લગ્ન, મરણ, પંચની સભા, મહેમાનોની હાજરી, તહેવારો વગેરે પ્રસંગોને નિમિત્ત બનાવી ઘૂમ દારૂ પીએ છે. સ્ત્રીઓ અને બાળકોને પણ દારૂ પીવાનું ઉત્તેજન અપાય છે. તેમાં એ પણ જણાવ્યું છે કે બ્રિટિશ સરકારની આબકારી (દારૂની આવક કરવાની) નીતિએ આદિવાસી લોકોને પાયમાલ કર્યાં છે. આદિવાસીઓ તેમના ધાર્મિક અને સામાજિક રિવાજોમાં દારૂના વપરાશ બાબતમાં ઢીલા પડતા જાય છે, તે પણ અહીં કહેવાયું છે.

આપણે બ્રિટિશ સરકારની આબકારી નીતિને વખોડીએ છીએ, પરંતુ સ્વરાજ્ય પછી આપણા દેશની સરકારો દારૂબંધી દાખલ કરી શકતી નથી તે કેટલી બધી કરૂણતા કહેવાય? હવે ઉપરની સમિતિનાં સૂચનોની વિગતો જોઈએ.

## દારૂબંધી અને આદિવાસીઓ :

### સ્ટાર્ટ કમિટિનું સૂચન :

મુંબઈ રાજ્ય સરકારે ૫-૧૧-૧૯૨૮માં હુકમથી હરિજનો તથા આદિવાસીઓની આર્થિક-સામાજિક તથા શિક્ષણ વિષયક સ્થિતિની તપાસ કરી તેમની ઉન્નતિ માટેનાં પગલાં સૂચવવાની માગણી કરતો અહેવાલ આપવા એક સમિતિની નિમણૂક જાહેર કરી હતી. જેના પ્રમુખ મિ. સ્ટાર્ટ, (આઇ.સી.એસ.) હતા. આ સમિતિએ તેનો અહેવાલ ૩૧-૩-૩૦ એ આપ્યો હતો જે આ પ્રમાણે છે.

દારૂ અંગે :

દારૂનો વધુ પડતો વપરાશ પછાત વર્ગોની સ્થિતિ વધુ નબળી બનાવે છે. ઘર આંગણે જ દારૂ મળતો હોવાથી દારૂનો વપરાશ ઘણો થાય છે. જો દારૂની દુકાનો બંધ કરવામાં આવે તો એમાં ઘણો ફેર પડી જાય. દારૂની દુકાનો બંધ કરવાની માગણીઓ તેમના આગેવાનો તરફથી થાય છે. તેથી ક્રમશ: દારૂબંધી દાખલ કરવાની અમે ભલામણ કરીએ છીએ અને આને લીધે રાજ્યની આવકમાં જે ઘટાડો થાય તે બીજા કરવેરા નાખી મેળવી લેવાનું સૂચન કરીએ છીએ.

સિમિંગ્ટન કમિટિનું સૂચન :

સને ૧૯૩૫ ના ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એકટની ૯૨ મી કલમ મુજબ આદિવાસી વિસ્તારોની કાળજી રાખવાની જવાબદારી પ્રાંતોના ગવર્નરોને માથે નાખવામાં આવી હતી. આ જવાબદારીના પાલન અર્થે મુંબઇ સરકારે ૧૩ માર્ચ અને ૨૫ મે, ૧૯૩૭ ના રોજ બે હુકમો બહાર પાડી મિ. સિમિંગ્ટન નામના એક સનદી અધિકારીની તપાસ અધિકારી તરીકે નિમણૂક કરી હતી. અને તેમને રાજ્યના આદિવાસી વિસ્તારોની સ્થિતિ સુધારવા શાં પગલાં ભરવાં જોઇએ તેની ભલામણો સૂચવવા જણાવ્યું હતું. મિ. સિમિંગ્ટને તપાસ અધિકારી તરીકેની પોતાની કામગીરી ૧૨ નવેમ્બર ૧૯૩૭ ના રોજ શરૂ કરી હતી અને ૩૧ માર્ચ, ૧૯૩૭ ના રોજ પોતાનો અહેવાલ મુંબઇ સરકારને આપી દીધો હતો.

દારૂબંધી અંગે સિમિંગ્ટન કમિટિનો અહેવાલ :

સિમિંગ્ટન સમિતિની તપાસ દરમિયાન અનેક જગાએ લોકોએ દારૂબંધી દાખલ કરવાની માગણી મૂકી હતી. તેનો અર્થ એ થાય કે દારૂના વ્યસનને કારણે તેમને થતાં નુકશાનથી તેઓ જાગૃત થયા છે. દારૂ પીવા પાળની તેમની ધાર્મિક માન્યતાઓ પણ ઢીલી પડી છે:

ગેરકાયદેસર ગળાતો દારૂ ઓછો કરવા માટે કાયદેસર મળતો દારૂ સસ્તો કરવાની નીતિને કારણે દારૂનો વપરાશ ત્રણ-ચાર ગણો વધ્યો છે. જ્યારે કાયદેસર ગળાતો દારૂ કેટલો બંધ થયો છે તે કહેવું ખરેખર મુશ્કેલ છે.

આદિવાસીઓમાં દારૂના વપરાશનું પ્રમાણ ઘણું મોટું તથા સાર્વત્રિક હોઇ દારૂબંધી દાખલ કરવી અત્યંત આવશ્યક છે. તેમની આર્થિક ઉન્નતિ માટે એ આવશ્યક પણ છે. પરંતુ આ વિસ્તારોમાં દારૂબંધીનો સફળ અમલ કરવો ઘણો અઘરો છે, કારણ કે મોટાભાગના લોકો દારૂ પીએ છે એટલું જ નહીં પણ આ વિસ્તારમાં મહુડાનાં ઝાડ મોટી સંખ્યામાં હોઇ ગેરકાયદેસર દારૂ ગાળવાની પ્રવૃત્તિ રોકવી ઘણી અઘરી છે.

મોટાભાગનો દારૂ આ વિસ્તારો (પૂર્વ-પશ્ચિમ ખાનદેશ જિલ્લો, નાસિક જિલ્લો, થાણા, પંચમહાલ જિલ્લો વગેરે) માં મહુડામાંથી બનાવવામાં આવે છે. તેમ થતું અટકાવવા માટે મહુડાનો બધો જ પાક કબજે લેવાની સરકારી નીતિ ઘડવામાં આવે અને દારૂનાં પીઠાં બંધ કરવામાં આવે તો આ વિસ્તારોમાં દારૂબંધી દાખલ કરવાનું કામ સરળ બનાવી શકાશે. દારૂબંધી અંગેનો જે કાયદો બનાવવામાં આવે તેનો અત્યંત કડક અમલ થવો જોઇએ. દારૂબંધી અંગે જનમત તૈયાર કરવાનું કામ પણ જોર-શોરથી ચાલુ રાખવું જોઇએ. દારૂબંધીને કારણે સરકારી આવક ગુમાવવી પડશે, પણ એને લીધે લોકોની જે સુખાકારી વધશે તેને કારણે થતો ફાયદો અનેક ગણો હશે. જ્યાં દારૂ પીવાય છે ત્યાં ગુના પણ વધારે બને છે. આવી જ રીતે ઢેબર કમિશને પણ આદિવાસીઓમાં દારૂબંધી માટે જે ભલામણો કરી છે તેની વિગતો જોઇએ.

દારૂબંધી અંગે ઢેબર કમિશનનો અહેવાલ :

ભારતના બંધારણની ૩૩૯ કલમ અનુસાર રાષ્ટ્રપતિએ બંધારણ શરૂ થયા પછી દસ વર્ષે અનુસૂચિત વિસ્તારોના વહીવટ અંગે તથા અનુસૂચિત જનજાતિઓ (આદિવાસીઓ) ની સ્થિતિ અંગે તપાસ કરી અહેવાલ આપવા એક કમિશનની નિમણૂક કરવાની હોય છે.

તે અનુસાર ૨૮-૪-૧૯૬૦ ના રોજ તેમણે શ્રી ઉછરંગરાય ન. ઢેબરના પ્રમુખપણા નીચે એક કમિશનની નિમણૂક કરી હતી. તે તેના અહેવાલમાં પીણાં અંગે જણાવે છે કે :

કેટલાક આદિવાસીઓ ભોજન સાથે ચોખા-બાજરો જેવા ધાન્યમાંથી બનાવેલો દારૂ પીએ છે. સામાન્ય રીતે સ્ત્રી-પુરૂષ બંને એ પીએ છે: નૃત્યના પ્રસંગોએ ગામની સભાઓ વખતે અને ધાર્મિક પ્રસંગોએ આ દારૂ પીવાય છે. તેથી તેનું સામાજિક અને ધાર્મિક મહત્વ છે. આદિવાસી વિસ્તારોમાં હવે તો બહારના લોકો દાખલ થયા છે એટલે તેમની મારફતે ગાળેલો દારૂ વપરાશમાં આવ્યો છે. જેને લીધે છાકટા બનવાનું પ્રમાણ વધ્યું છે.

મુંબઈ ઇલાકાના આદિવાસીઓ વિષે ૧૯૩૮ માં મિ.સિમિંગ્ટન નામના અમલદારે રિપોર્ટ કર્યો હતો તેમાં દારૂના વપરાશના વિષે લખેલું છે કે "ભીલો અને બીજા આદિવાસીઓ ખૂબ દારૂ પીએ છે: તેથી તેમને પારાવાર નુકસાન થાય છે. જન્મ,લગ્ન, મરણ, પંચાયતની સભા, મહેમાનોની હાજરી, તહેવારો વગેરે પ્રસંગોને નિમિત્ત બનાવી ધૂમ દારૂ પીવાય છે. સ્ત્રીઓ અને બાળકોને પણ દારૂ પીવાનું ઉત્તેજન અપાય છે. આ બાબતમાં વસ્તુ સ્થિતિ નિરાશાજનક છે એમ હું માનતો નથી. દારૂની લતથી ભારે નુકસાન થાય છે એનો ખ્યાલ એ લોકોને આવતો જાય છે અને એમાંથી ઉગરવાની ઇચ્છા એમનામાં જાગી છે. અત્યાર સુધી એમ મનાયું છે કે મધનિષેધને માન્ય રાખવા આદિવાસીઓને સમજાવી શકાય તેમ નથી, કારણ કે પહેલું તો માને છે કે ધાર્મિક વિધિઓમાં દારૂ વિના ચાલે જ નહિ અને દારૂથી દેવને રીઝવી શકાય છે. બીજું ગેરકાયદે દારૂ ગાળવાની એને ઘણી સગવડો છે. પહેલી દલીલનું વજન ઘટતું જાય છે. પરંતુ બીજી તો અત્યારે લાગુ પડે છે જ.

બ્રિટિશ સરકારની આબકારી નીતિમાં દારૂના વેચાણ માટે ઇજારા પધ્ધતિ દાખલ કરવામાં આવી હતી અને તેને રાજ્યની આવકનું સાધન માનવામાં આવ્યું હતું. આ નીતિએ આદિવાસી લોકોને પાયમાલ કર્યા છે.

**દારૂના પ્રશ્નમાં ઢેબર કમિશનને ભલામણ કરતાં જણાવ્યું છે કે :**

આદિવાસીઓમાં અનેક પ્રસંગોએ અને એમને એમ પણ દારૂ પીવાતો હોય છે. વેચાતો ન મળતો હોય તો ઘરોમાં પણ ગાળવામાં આવે છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં જ્યાં દારૂબંધી દાખલ થઈ ત્યાં આદિવાસીઓને સરવાળે ઘણો લાભ થયો છે. એવો મત પ્રદર્શિત કરી કમિશને આ પ્રશ્ન પર નીચે પ્રમાણેની કેટલીક ઉપયોગી ભલામણો કરી છે:

(૧) ચોરીછૂપીથી આવતો દારૂ રોકવા કડક હાથે કામ લેવું અને દારૂની દાણચોરીના વેપાર સામે કાયદાભંગના ગુનાસર કામ ચલાવવું.

(૨) ગેરકાયદે ગળાતા દારૂનાં વેચાણ અને ઉપયોગ સત્વરે બંધ કરવાં અને આ માટેના ગુનેગારોને સખત સજા કરવી. ગુજરી કે અઠવાડિક બજારોમાં આ પ્રકારના દારૂના વેચાણ માટેના પરવાના આપવાનું તત્કાળ બંધ કરવું.

ચોખામાંથી ગળાતો દારૂ બંધ કરાવવા આદિવાસીઓને શિક્ષણ અને પ્રચાર દ્વારા સમજાવવા અને આ ટેવ છોડાવવા બીજી દખલગીરી હાલ પૂરતી ન કરવી. મધ્યપ્રદેશ અને બીજાં એક બે રાજ્યોને તેમની દારૂ અંગેની નીતિ ઉપરના મુદ્દાઓને અનુલક્ષીને ફરી વિચારી જવાની કમિશને ભલામણ કરી છે.

**દારૂબંધી વિષે વિવાદ :**

દારૂબંધી વ્યાજબી છે કે ગેરવાજબી એ વિશે અનંત કાળ સુધી ચર્ચા ચાલ્યાં કરવાની, કારણ કે બંને પક્ષને ઘણી બધી દલીલો હાથવગી છે. એક બાબતમાં તો સૌ સંમત છે કે દારૂ વધારે પ્રમાણમાં પીવામાં આવે તો એ નુકસાન કરે જ છે. કેટલાક લોકો એવી દલીલ કરે છે કે અમુક આબોહવામાં, અમુક સંજોગોમાં થોડાક પ્રમાણમાં દારૂ પીવાય તે જરૂરી હોય છે અને તેમાં કંઈ નુકશાન નથી. આની સામે એવી દલીલ કરવામાં આવે છે કે એકવાર પીવાનું શરૂ કર્યા પછી મર્યાદામાં રહેવું કઠણ છે. માટે દારૂથી સદંતર અળગા રહેવું એ જ શ્રેષ્ઠ સ્થિતિ છે.

બીજી દલીલ પ્રચાર અને કાનૂનને લગતી છે. એક પક્ષ કહે છે: સમાજસુધારો કાયદાથી થાય જ નહીં માટે દારૂ ન પીવાનો પ્રચાર કરો, પણ કાયદાથી દારૂબંધી ન કરો. સામો પક્ષ સંખ્યાબંધ સામાજિક કાયદાઓનો હવાલો આપીને કહે છે કે રાજ્યે આ કાયદા ન કર્યા હોત તો સુધારો ન થઇ શક્ત. એમની માગણી પ્રચાર અને કાયદેસર પ્રતિબંધ બંનેની છે.

કેટલાક લોકો વાહિયાત દલીલ કરે છે કે દારૂબંધીનો કાયદો કરવાને લીધે જ ઘણા માણસો દારૂ પીવાને પ્રેરાય છે. જે કામની બંધી થાય તે કામ પહેલાં કરવું જોઇએ એવો મનુષ્યનો સ્વભાવ છે એમ તેમનું કહેવું છે. પણ આની સામે રાજ્યના અસંખ્ય કાયદાઓ માણસો પાળે છે અને માત્ર કાયદામાં પ્રતિબંધ છે એટલા જ ખાતર કોઇ ખૂન, મારામારી, ચોરી, લૂટફાટ વગેરે કરવા પ્રેરાતું નથી.

એટલે દારૂની કાયદેસરની બંધી ઉપરાંત પ્રચાર પણ જરૂરી છે. આ માટે સામાજિક કાર્યકરો અને નશાબંધી મંડળ ગુજરાતમાં કામ કરે છે. સાધુ સંતો આ બાબતમાં કામ કરતા આવ્યા છે, પરતુ તેઓ વધુ સક્રિય થાય તે માટે સરકાર, સામાજિક મંડળો અને ગુજરાત નશાબંધી મંડળ તેમને વિનંતિ કરી શકે. સદ્વિચાર પરિવાર જેવી સંસ્થાઓ તેમની સાર્વજનિક કથાઓમાં આ બાબત વધુ ભાર આપે તે જરૂરી છે.

<u>સમયની માંગ :</u>

<u>નશાબંધી પખવાડિયું :</u>

ગાંધીજીના નિર્વાણદિન ૩૦મી જાન્યુ.થી ૧૨ ફેબ્રુઆરી સુધી નશાબંધી મંડળ રાજ્યના સહયોગથી "નશાબંધી પખવાડિયું" ઉજવે છે. ગાંધીજીના આદર્શોને ચરિતાર્થ કરવાનું આપણે માટે આ પર્વ છે. બાપુએ પોતાના જીવનમાં સત્યની સાથે સાથે અસ્પૃશ્યતા નિવારણ અને દારૂબંધીને અગ્રીમતા આપી હતી.

રાજ્ય દારૂબંધીની નીતિને વરેલું છે એ વિષે ગેરસમજ ન થાય એટલા માટે વારંવાર સ્પષ્ટતા થયેલી છે.

થાક લાંછનરૂપ :

ગુજરાતનું નાનું મોટું, કોઇપણ ગામડું નશાબંધીના સંદેશથી વંચિત ન રહી જાય એવું આયોજન ગોઠવવું પડશે. આ બાબતમાં દુર્લક્ષ કે ઉપેક્ષા એ આપણું પાપ બનશે. જાગૃતિ એ લોકશાહીની પ્રક્રિયા છે. આદર્શની યાત્રામાં થાક લાંછનરૂપ ગણાય.

ગામે ગામ એક જ નાદ; દારૂબંધી ઝિંદાબાદ" ના નારા ગલી-ગલીમાં ગૂંજતા થાય ત્યારે જ આવતી પેઢીને આપણે કશુંક આપ્યું છે એવો સંતોષ લઇ શકીએ.

પ્રેમ અને સમાનતાના રામબાણ :

° દારૂની લતમાં ફસાયેલા ખુદ બહાર નીકળવા ઝંખતા હોય છે, પરંતુ જરૂર છે એમનો હાથ ઝાલી એ કાદવમાંથી બહાર કાઢનારની. આપણો હાથ એટલો ટૂંકો ન પડે કે બહાર નીકળનારને આધાર ન મળ્યાનો વસવસો જિંદગીભર સહેવો પડે. આવા વ્યસનીઓ વચ્ચે પ્રેમ અને સમાનતાના રામબાણ લઇ દોડી જવાની જરૂર છે. આજ નહીં તો આવનારો કોઇ કાલ તમારા પુરૂષાર્થને વધાવતી હશે અને તે સમયે એક આખો પરિવાર તમને આશિષ આપતો હશે.

દારૂબંધીનો કાર્યક્રમ દરેક સમજુ નાગરિકનો પણ છે, કારણ કે સમાજને શાંતિ અને સમૃદ્ધિ જોઇએ છે. સમાજને વિનિપાતમાંથી ઉગારવા માટે દારૂને આપણો પ્રથમ શત્રુ માનવો એમાં આપણું શાણપણ છે.

ઉપસંહાર :

આમ મદ્ય (દારૂ) અને જુગારનો ઇતિહાસ માનવજાત જેટલો પુરાણો છે. તે બંનેએ મનુષ્યત્વના પતનનું કામ કર્યું છે. પરંતુ દુર્ભાગ્યે માનવજાત તેમને દફનાવી દેવાની બાબતમાં એકમત થઇ નથી. એક

બાજુ બધા જ દેશો અને સમાજોમા નશાબંધી અને જુગારના નિષેધનુ આદોલન ચાલે છે તો બીજી તરફ નશો વધારનાર માદક પદાર્થોની શોધો પણ થતી રહે છે. ઉલટુ નશાના જે પ્રકારો જુદા જુદા સમાજોમા મર્યાદિત હતા તે હવે બધે જ સામાન્ય બનતા જાય છે. જ્યારે અમેરિકામા નશાબંધીનુ આદોલન ચાલ્યુ ત્યારે પ્રતિષ્ઠિત સમાજના કેટલાક લોકોએ નશાબંધી કાયદાઓનો જાહેરમા ભંગ કરવામા બહાદુરી અને પ્રતિષ્ઠા જોયા !

બીજા ફોજદારી કાયદાની જેમજ દારૂબંધીનો કાયદો પણ સફળતાપૂર્વક અમલમા આવી શકે છે. અન્ય ગુના વધતા જાય અને ઓછા ન થાય તો કોઇ એમ નહીં કહે કે ફોજદારી કાયદા નકામા છે, અને રદ કરી નાખો. બલ્કે સમજુ લોકો એમ કહેશે કે ગુનાઓ રોકવા માટે અને ગુનેગારોને સજા થાય એ માટે વધુ યોગ્ય અને વાજબી રીતો અખત્યાર કરવી જોઇએ. દારૂબંધીના અમલ માટે પણ બધા જ સમજુ લોકોએ આમ જ વિચારવુ જોઇએ.

નુકસાન કરનાર ભૂંડી શક્તિ :

પોતાના પ્રજાજનોના પરિપૂર્ણ તથા સમૃધ્ધ જીવનના હિતમા અને વ્યક્તિને મળેલી બધી કુદરતી શક્તિઓ સાચવીને વાપરી શકે તેટલા ખાતર તેના હિતમા ખૂન અથવા આપઘાત કરવાની કોશિશની સામે કાયદા કરવાનો રાજ્યનો ધર્મ છે, તેવો જ દારૂ-તાડીની બદીની સામે પણ કાયદા કરવાનો ધર્મ છે અને માત્ર કાયદાના જોરે ખૂનીને તમે નીતિને રસ્તે ચઢાવી શકતા નથી એ દલીલથી ભરમાઇને જેમ આપણે ખૂનની સામેના કાયદા રદ કરતા નથી, પણ વસતિની અત્યંત વિશાળ બહુમતીના હિતમા તેમનો પૂરો અમલ કરીએ છીએ. તેવી જ રીતે સામાન્ય પ્રજાજનને અને તેની પર આધાર રાખનારાને અનહદ નુકસાન કરવાની જેની ભૂંડી શક્તિ છે એવી કેફી ચીજોના ચાલક વેપારની સામે કાયદાથી રક્ષણ મેળવી આપવાના એક સાધનરૂપે આપણે દારૂબંધીને ઓળખવી જોઇએ.

## સામાજિક વર્તન-વહેવાર બગાડે છે :

દારૂની મહત્વની માઠી અસર શરીરશાસ્ત્રના ક્ષેત્ર કરતાં પણ ઘણી વધુ માણસના સામાજિક વર્તન પર થતી જોવા મળે છે. દારૂ પીવાનો રિવાજ નથી એવા સમાજના માણસો પાસેથી જેવા વર્તનની સામાન્ય અપેક્ષા રહે છે. તેનાથી ઊલટું વાહનવ્યવહારમાં અકસ્માતો, સ્ત્રી અને પુરૂષ વચ્ચેના સંબંધમાં અનીતિ, અશ્લીલપણું, બૂમબરાડાવાળા ઝઘડા, શાંતિમાં ખલેલ પાડનારા બખેડા, મિલકતનો નાશ, કુટુંબ તેમજ ધંધાની જવાબદારીઓ અદા કરવામાં બેદરકારી, પૈસાનો અને લેવડદેવડને લગતી શાખનો દુરૂપયોગ અને દાણચોરી જેવા નાના મોટા વધારે પડતા પીવાની આદત સાથે સંકળાયેલા છે.

## નશાબંધી બુધ્ધિના સ્તરનો નહીં પરંતુ શ્રધ્ધાનો વિષય છે.

ઘણીવાર કોઇ વ્યકિત નીતિમાં માનતી હોય પણ જાહેરમાં એ નીતિના સમર્થનમાં બોલી શકતી નથી. નીતિ વિષે ગમે તેવી ભરતી-ઓટ આવે પણ આપણે એ નીતિ વિષેનો પ્રવાહ સતત ચાલુ રહેવો જોઇએ.

નશાબંધી એ બુધ્ધિના સ્તરનો વિષય નથી, પરંતુ એ સંસ્કાર અને શ્રધ્ધાનો વિષય છે. આપણા કાર્યક્રમો આપણે જાહેર જગ્યાઓ પર નહીં કરતાં ગરીબ અને પછાત લત્તાઓ કે ગલીઓમાં કરવા જોઇએ. નિરક્ષર પ્રજાને આપણો સંદેશ વ્યકિતગત રીતે અને જાહેરમાં સમજાવવો જોઇએ. નશાબંધી એ મહત્વનું અને માનવતાનું કાર્ય છે.

નશાબંધી માટે એક સમયે બધા આગેવાનો એકમત હતા, પરંતુ આજે તેમાં ઘણી તિરાડો પડી છે, કારણ કે પૈસાનો લોભ વધ્યો છે. પણ સરકારે સમજવું જોઇએ કે પીનારના ખિસ્સામાંથી રૂા.૪/- જાય છે ત્યારે સરકારને રૂા.૧/- મળે છે. ગરીબ પ્રજાનું આ મોટું શોષણ છે અને મોટું અનિષ્ટ છે. સમાજને પાયમાલ કરી મેળવાતી આવી રકમોમાંથી સમાજનો વિકાસ થઇ શકતો નથી. પૈસાની લાલચથી આપણે આપણા સંસ્કારોનો નાશ કરીએ છીએ. કોઇપણ અનિષ્ટ આવક દ્વારા સમાજોપયોગી કાર્યો સિધ્ધ થઇ શકતાં નથી. ગુજરાતમાં દારૂબંધીને કારણે પ્રજાને લાભ છે.

નશાબંધીની સફળતા માટે કાર્યકરોના દિલની તાલાવેલી જરૂરી છે. જિલ્લા કક્ષાએ સગઠન કરવુ જોઇએ અને એજ રીતે તાલુકા કક્ષાએ અને પછી ગામે ગામ નશાબંધીની કડી ગોઠવવી જોઇએ. આમ થશે તો ગુજરાતમા નશાબંધીની હવા ઉભી થશે અને તો જ આજે બેસૂરો અવાજ સભળાય છે તે સૂરીલો બનશે. આ માટે લોકમત કેળવવો જોઇએ.

આપણી ફરજ:

નશાબંધીમા ફસાયેલાનુ આપણે હૃદય પરિવર્તન કરવુ જોઇએ. આ દિશામા આપણે હજુ ઘણુ ચાલવાનુ બાકી છે. નશાબંધી સાથે ખાદી, ગ્રામોદ્યોગ, અંબરચરખા, અસ્પૃશ્યતા નિવારણ, ઘોડિયાઘર, બાલવાડીઓ, સસ્કાર કેન્દ્રો વગેરે સામાજિક ક્ષેત્રોમા આપણે કાર્યરત રહેવુ જોઇએ.

લગભગ ત્રીસ વરસ સુધી કોંગ્રેસે ગાંધીજીની આગેવાની હેઠળ દારૂબંધી માટે ઠરાવો, ભાષણો, પ્રચાર અને પિકેટીંગ કર્યા હતા. રાજ્ય વહીવટની સત્તા લેતા દારૂબંધીના કાયદાનુ પગલુ ૧૯૩૭મા લેવાયુ ત્યારે ગાંધીજીએ હર્ષ પ્રગટ કરતા લખ્યુ હતુ કે "ઇશ્વરની મરજી અને રહેમથી દારૂબંધીનો કાયદો હવે થયો છે. તે કામ કાયમનુ હોઇ કોંગ્રેસ પ્રજાના હિતમા બીજો ફાળો આપે અગર નહીં આપે પણ ૧૯૨૦ ની સાલમા તેણે દારૂબંધી કરવાનો કોલ પ્રજાને આપ્યો હતો અને ખોટની પરવા કર્યા વિના પહેલી તક મળી ત્યારે તે કોલ પૂરો કર્યો એ બીના ઇતિહાસમા સોનાના અક્ષરે નોંધાશે.

પંડિત મોતીલાલ નેહરૂ અને જવાહરલાલ નહેરૂના પૌત્રી અને પુત્રી શ્રીમતી ઇંદિરા ગાંધીએ વડાપ્રધાનપદેથી બંગલા દેશને આઝાદ કરવાથી માંડી બીજી અનેક બાબતોમા બહાદુરી બતાવી છે તો તેમના દાદા, પિતા અને મહાત્મા ગાંધીજીના દારૂબંધીના કોલમા તેમને કયા કારણોસર પાછુ પડવાનુ થતુ હશે? હાલ તેઓ ગાંધીજીને સ્થાપેલી કોંગ્રેસના પ્રમુખ અને દેશના વડાપ્રધાન એમ બને હોદ્દા ધારવે છે. આ સજોગો ઇશ્વર તેમને દારૂબંધી માટે શકિત અને મતિ આપો એ જ પ્રાર્થના.

## પરિશિષ્ટ - ૧

### દારૂબંધી માટે શુભેચ્છાઓ

વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરાજી પણ મદ્યપાનની બદીની વિરૂધ્ધમાં છે. અને તેઓ પણ ઈચ્છે કે આપણી જનતા મદ્યપાનનો ભોગ ન બને.

નશાબંધી વિષયક ઉત્સવો ત્યારે જ ફળદાયી થાય જ્યારે તેના વિષેની ચોક્કસ નીતિ વિષે સ્પષ્ટ સમજણ પ્રવર્તતી હોય. બંધારણ તો માત્ર સૈધ્ધાંતિક દોરવણી આપે છે.

શ્રી હિદાયતુલ્લાહ
ઉપ-રાષ્ટ્રપતિ (ભારત)

પછાત અને ગરીબ પ્રજાના વિકાસ, ઔદ્યોગિક કામદારો અને સમાજના અન્ય કચડાયેલાઓના ઉત્થાનમાં ગુજરાતમાં દારૂબંધીનું મહત્વનું પ્રદાન છે.

શ્રીમતી શારદા મુખરજી
ના.રાજ્યપાલ(ગુજરાત)

ગુજરાત સંપૂર્ણ નશાબંધી નીતિને વરેલુ હોવાથી આ કાર્યક્રમના અમલમાં મોખરે રહ્યુ છે.

શ્રી માધવસિંહ સોલંકી
મુખ્યમંત્રી (ગુજરાત)

નશાબંધીના અમલથી સમાજના શ્રમજીવી અને નબળા વર્ગોને લાભ થયો છે.

સનત મહેતા
નાણાં અને નશાબંધી મંત્રી

ગુજરાતમાં નશાબંધી પ્રવૃત્તિ પણ ફૂલીફાલી છે અને અનેક સામાજિક અને સેવાભાવિ સંસ્થાઓ આ ક્ષેત્રે કામગીરી કરી રહી છે તે આનંદની વાત છે.

શ્રી મહંત વિજયદાસજી

નશાબંધી પખવાડિયાની ઉજવણીનું આયોજન આર્થિક, સામાજિક અને નૈતિક ઉત્થાનના કાર્યક્રમને વધુ વેગ આપશે.

શ્રીમતી કોકિલાબહેન વ્યાસ
રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી

આપણે ત્યાં નશાબંધીની જરૂરિયાત માટે બે મત નથી. ગ્રામ સમાજમાં તો નશાબંધીએ ઉજળાં પરિણામો આપ્યાં છે તે સર્વ વિદિત છે.

ખીમજીભાઇ જેસંગ

ગુજરાતમાં નશાબંધીની સફળતા ચારિત્ર્યવાન અને ઉત્સાહી કાર્યકર વર્ગ અને નિષ્ઠાવાન અધિકારી વર્ગને આભારી છે.

શરાબથી દૂર રહેવાથી આર્થિક, સામાજિક તેમજ નૈતિક વિકાસના કાર્યક્રમને વેગ મળે છે.

સુશીલા નૈયર
પ્રમુખ
અખિલ ભારતીય નશાબંધી મંડળ, દિલ્હી)

## પરિશિષ્ટ - ૨

### આદિવાસીઓમાથી દારૂબંધીના પ્રયત્નો થાય છે:

આજે દેશમા નશાબંધીની નીતિ કસોટી ઉપર છે. આ કસોટી રાજ્યકર્તાઓની અને સાથે સાથે કાર્યકરોની પણ છે.

કાર્યકરો વધુ જાગ્રત બને સમગ્ર ભારતમા નશાબંધીનો સંદેશો જલદ બનાવે તો મને કમને પણ રાજ્યકર્તાઓને પણ અનુસરવુ પડશે.

આજે નશાબંધીમા અનેક લોકો માનતા હોવા છતાય તેઓનુ મૌન હકીકતે નશાબંધીના કામને વધુ નુકશાન કરે છે. નશાબંધીમા માનનાર વધુ મુખરિત થાય અને નશાબંધી માટે વાતાવરણ ઘડવામા વધુ સક્રિય થાય એ સમયની માગ છે.

આમ થશે તો તામિલનાડુ જેવા રાજ્ય પીછેહઠની વાત નહિ કરે.

તામિલનાડુના મુખ્યમંત્રીશ્રીની નશાબંધીની નીતિમાથી પીછેહઠની વાતથી સમગ્ર દેશમા નશાબંધીમા માનનારાઓમા ભારે દુ:ખ થયુ છે.

### નશાબંધી સંસ્કાર ને શ્રદ્ધાનો વિષય છે :

ઘણીવાર વ્યક્તિ કોઇ નીતિમા માનતી હોય પણ જાહેરમા એ નીતિના સમર્થનમા બોલી નથી શકતી. એ નીતિ વિષે ગમે તેવી ભરતી ઓટ આવે પણ આપણો એ નીતિ વિશેનો પ્રવાહ સતત ચાલુ રાખવો જોઇએ.

નશાબંધી એ બુદ્ધિના સ્તરનો વિષય નથી. એ સંસ્કાર અને શ્રદ્ધાનો વિષય છે. એમા શ્રદ્ધા રાખનારાઓના બે જ વર્ગ હોય. કા તો એમા માને છે, એના "હા" હોય અથવા "ના" હોય. થોડુક માનુ છુ ને થોડુક નથી માનતો એવુ દ્વિધાયુક્ત કે બુદ્ધિયુક્ત માનસ આ નીતિમા ન ચાલે. નશાબંધીની નીતિમા આવુ ચાલી ના શકે. સંપૂર્ણ દારૂબંધીમા જે કોઇ માને છે તે સૌ આપણી

સાથે છે. નશાબંધી મંડળ સમાજની ચેતનાના પરિવર્તનની પ્રક્રિયા કરે છે.

## આદિવાસી દિત્યાબાપાની દારૂબંધી પ્રત્યેની ભકિત :

સમાજમાં સામાન્ય રીતે એવું બોલાય છે કે દારૂ પીનારો ગરીબ આદિવાસી વર્ગ હોય છે. એ બોલને ભુલાવે એવા આદિવાસીઓ પણ સમાજમાં છે. જેની મારફતે આખા ગામના ગામ દારૂથી મુકત થયાં છે.

## દિત્યાબાપાનો જન્મ અને ઉછેર :

બાપાના હુલામણા નામથી જાણીતા એવા પૂ. દિત્યાબાપાનો જન્મ વલસાડ જિલ્લાનો મોટામાં મોટો આદિવાસી તાલુકો ધરમપુરના વિરવા ગામે ઢોડિયા જાતિમાં ૧૮૬૭-૬૮ માં થયો હતો.

આજથી ૧૧૩ વર્ષ પહેલાના આદિવાસી કેવા હશે એ કલ્પી શકાય. ધરમપુર તાલુકામાં રાજાનું રાજ ચાલે, એ વખતની પ્રજા એટલે રાજા કહે તે પ્રમાણે કરવાનું, રાજાના વિરૂધ્ધ ગયા તો રાજા શિક્ષા કરે તે પ્રજાએ ભોગવવાની. બાપાનો જન્મ ઢોડિયા જાતિના એક સામાન્ય ખેડૂતને ત્યાં થયેલો.

## અક્ષરજ્ઞાન તથા સંસ્કાર :

શાળા બરાબર ચાલે નહિ છતાં બાપા સાચા માણસના સમાગમમાં આવતાં લખતાં વાંચતાં શીખ્યા. યુવાનવયના થયા, સમાજના કુરિવાજો ગમે નહીં, લોકો માંદા પડે તો ભૂવા પાસે જાય, માંદા માણસ પાસે ભૂવો માસ માગે, દારૂ માગે. ભૂવો દારૂ માસમાં જ લહેર કરે અને માંદા પાસે પૈસા કઢાવે. બીજી બાજુ ઠેકેદાર પીવાવાળા ભૂવાને પ્રોત્સાહન આપે. આ દૃશ્ય જોઇ દિત્યાબાપા દુ:ખી દુ:ખી થયા, પણ સમાજમાં એક પણ વ્યકિતનો સહકાર ન મળે.

**માંસ-મદિરાપાનથી અલિપ્ત :**

"જેવા સાથે તેવા" નાતે, બાપા મક્કમ થયા. પોતે માંસ મચ્છી અને મદિરાપાનથી અલિપ્ત રહ્યા. ભગવાનમાં વિશ્વાસ રાખ્યો. ઘરમાં મા-બાપને કહી રામચંદ્રનો ફોટો પધરાવ્યો. બાપાએ એકલાએ ઘરમાં ભકિત કરવા માંડી, ખેતીના સમયે ખેતી અને બાકીના સમયે રામચંદ્રની ભકિતમાં લીન રહેવા લાગ્યા. બાપાને ભગવાન પર વિશ્વાસ વધવા લાગ્યો.

**ભગવાનના નામથી માંદા બાળકો સારા થયા :**

ભૂવાના માંસ મદિરા ગામમાંથી કાઢવા, નાના બાળકો માંદા પડે તેને બાપાએ ભગવાનના નામ પર માંસ મદિરા સિવાય ભગવાનનો ફોટો મૂકી ધૂપ કરી, પીંછી નાખવા માંડી, બાળકો સારા થવા લાગ્યા. બાપાએ સત્ય પકડી, રામભરોસે કામ ચાલુ રાખ્યુ.

**ભગવાનનો ચમત્કાર :**

એક દિવસે ભૂવાએ ગામમાં હવન રાખ્યો. ભૂવાનો હવન એટલે ગામ ભેગુ થઇ, ભૂવો ધૂણે ત્યારે દારૂ માંસનુ નૈવેદ્ય ચઢાવી આખુ ગામ દારૂ માંસની મહેફિલ ઉડાવે. દિત્યાબાપા પણ મહેફિલમાં આવ્યા. દારૂ ગામમાંથી જાય એ માટે સખત વિરોધ ઉઠાવ્યો. લોકોએ ન માન્યુ. બાપાએ કહ્યુ "ઉત્તર દિશાએથી વાઘ બકરીને ખાવા દોડે છે. એ તમે નથી સાંભળતા પણ એ વાઘ અહીં પણ આવશે. એ મારા ભગવાનનો આદેશ છે." અને થોડી જ ક્ષણમાં લોક શાંત થયા કે તરત જ બકરી અને વાઘનો અવાજ સંભળાયો. ખરેખર લોકો ખાવાપીવાનુ મૂકી ઘરે ભાગી ગયા.

**નશાબંધીથી જ ભારતની ગરીબ જનતાનો ઉધ્ધાર થશે.**

**દારૂ પીવાનો રાજાનો આદેશ :**

આ ચમત્કારથી લોકોને પૂ. દિત્યાબાપા પર વિશ્વાસ બેઠો અને દારૂ, માંસ કેટલાક માણસોએ છોડયા. ગામના લોકો

દિત્યાબાપાના કહેવાથી દારૂ છોડે છે એ વાત રાજા સુધી પહોંચી. રાજાના પીઠામાં ગ્રાહક ઘટયા એટલે તરત રાજાએ દારૂ ખાતાના અધિકારીને સંદેશો મોકલ્યો. અધિકારી રાજાના આદેશથી આવ્યો. ગામના આગેવાનોને બોલાવી દારૂ ન પીતા હોય તેવા ગામના લોકોને રાજાના અધિકારીએ ફરજિયાત દારૂ પીવડાવવા માંડયો. લાઇનમાં ઉભા રાખી દારૂ ન પીવા કહે તેને પેલો અધિકારી સોટીથી ચમકાવે. જયારે દિત્યાબાપાનો વારો આવ્યો ત્યારે બાપાએ મક્કમતાથી દારૂ પીવાની ના પાડી એટલે અધિકારી વાઘની જેમ દિત્યાબાપા પર તૂટી પડયો. મૂઢ માર પડવા લાગ્યો છતાં બાપાએ ના પાડી. ઉપરાઉપરી માર પડવા લાગ્યો એટલે બાપાને યુકિત મળી આવી.

## યુકિત કરી દારૂ ઢોળી દીધો :

તે વખતે બાપા કોટ પહેરતા હતા. આથી બાપાએ દારૂ પીવાની હા પાડી. હાથમાં દારૂ પીવા માટે પાદડુ લીધુ. બે હાથે પાન હાથમાં પકડ્યું. દારૂ પાવાવાળાએ પાદડામાં દારૂ આપ્યો. બાપાએ દારૂ પીવાનો ડોળ બતાવી પાદડુ મોએ વળગાડી બન્ને હાથની કોણીએ દારૂ ઢોળી નાખ્યો. એ દારૂ અધિકારી જોઇ ન શકયા અને હરખભેર રાજાનો સંદેશો દારૂ પીનારાઓને આપી દીધો.

## ભકિતનો બીજો ચમત્કાર :

બીજી બાજુ બાપાજીએ ભગવાનનો આદેશ હોય એ રીતે રામનો ફોટો મૂકી ભકતાઇ ચાલુ રાખી. દારૂ માંસ છોડાવતા જાય અને ભગવાન પર વિશ્વાસ રખાવતા જાય. બાપા પાસે જાય તે બધા સારા થવા લાગ્યા.

દારૂ માંસવાળાએ ફરી ગામમાં દારૂ માંસનો હવન રાખ્યો. દારૂ પીનારા પેલા ભકતે કેટલાક બદમાશને હાથ પર રાખી હવનમાં જે બકરાનો ભોગ લેવાનો હતો તે બકરો લાવવાનું કામ દિત્યા-બાપાને સોંપ્યુ. પૂ. બાપા બે ચાર સારા માણસને લઇ બીજે ગામ

બકરો લેવા ગયા. સારા માણસોએ કિંમત કહી તે આપી. બકરો બાપાએ ખાંધ ઉપર મૂકયો અને હવનની જગ્યાએ લાવ્યા. જેવો બકરો બાપાએ ખાંધ ઉપરથી જમીન પર મૂકયો કે તરત મરણ પામ્યો.

<u>અનેક ગામોએ દારૂ માંસ છોડયા :</u>

ગામના લોકો, બકરો મંગાવનાર ભકત વગેરેને ચમત્કાર લાગ્યો. તે દિવસથી બાપા પર ગામ લોકોનો ભારે વિશ્વાસ બેઠો અને બાપા રામભકત કહેવાયા. ગામે-ગામથી આદિવાસી લોકો બાપા પાસે આવવા લાગ્યા. બાપાના દર્શન કરવા લાગ્યા. બાપાની તમામ વાતો સત્ય પડવા લાગી. મોટા માણસોની ભીડ જામવા લાગી, દારૂ માંસ છોડી રામચંદ્રનો આદેશ લઇ લોકો સુખી થવા લાગ્યા. અનેક ગામોએ દારૂ માંસ છોડી દીધા.

ધીમે ધીમે ફરી રાજાની પાસે વાત પહોંચી. એક દિવસ રાજાએ પોતે આવીને પૂછયું કે, "આજે હું શિકાર કરવા જવાનો છું. શિકાર મળશે?" બાપાએ સમાધિ લગાવ્યા બાદ કહયું કે શિકાર તમારા હાથમાં આવશે અને એ દિવસે શિકાર હાથમાં આવ્યો. આ રીતે રાજા જેટલી વખત બાપા પાસે ગયા તેટલી વખત રામભકત બાપા સાચા પડયા. એટલે તે વખતના ધરમપુરના રાજાએ રૂ.૫૧/- વર્ષાસન બાંધી આપ્યું.

રામભકત બાપાની સુવાસ આખા જિલ્લામાં પ્રસરવા માંડી. બાપાના ગામેગામ શિષ્યો બન્યા. શિષ્યોએ રામભકત બાપાને રામજી મંદિર બાંધી આપ્યું. બાપના જીવતાં શિષ્યોએ મંદિરના આંગણામાં બાપાની આરસપહાણની મૂર્તિ મૂકી આપી. શિષ્યોએ પોતપોતાના ગામમાં રામજી મંદિરો બાંધ્યા. આખા જિલ્લા વલસાડ જિલ્લામાં બાપાના ૫૦૦ જેટલા શિષ્યો છે. ૨૧૨ જેટલાં નાના મોટા રામજી મંદિરો છે. બાપા ૧૧૦ વર્ષ જીવ્યા ત્યાં સુધી નશાબંધીનું કામ કર્યું. ૧૯૭૮ માં બાપાનો દેહ વિલય થયો, પરંતુ હજારો આબાલવૃધ્ધ ભેગા થયા અને એમની જીવન સુવાસ કાયમ રહે તે માટે, "રામભકત દિત્યાબાપા ટ્રસ્ટ" બનાવી કારતક સુદ

પુનમના દિને જન્મજયંતિ ભારે ધૂમધામથી ઉજવે છે. અને નશાબંધી પ્રદર્શન ગોઠવે છે. જયાં આગળ નશાબંધીના નિષ્ઠાવાન માણસો ભકતજનો ભેગા થાય છે અને બાપાના કામને જીવંત રાખી વેગ આપે છે. રાજાએ બાંધી આપેલ રૂા.૫૧/- વર્ષાસનના એના કામના વેગ માટે આજે પણ મળે છે.

આ રીતે એકલા હાથે નશાબંધી માટે ઝઝૂમેલા પૂ. બાપા હજારોની સંખ્યામાં નશાબંધીનું ધર્મની દૃષ્ટિએ કામ કરે છે.

## પરિશિષ્ટ - ૩

### પુરૂષોની દારૂની લત છોડાવતી ગઢવાલી વીરાંગનાઓ :

ગઢવાલ પ્રદેશમાં એક દાયકાથી નશાબંધીનો કાયદો છે. સફળતાપૂર્વક અમલ કરવાનો યશ ત્યાંના સ્ત્રી-પુરૂષો અને બાળકોને ફાળે જાય છે. એ લોકોએ આ બાબતમાં સમાજ સુધારકો જેવું કામ કર્યું છે. દેશભરમાં નશાબંધીનો અખતરો આમ તો ઓછાવત્તા પ્રમાણમાં એક નિષ્ફળતાની વાત છે. પણ ગઢવાલના કેટલાક ઉત્સાહી ગામડામાં ખાસ કરીને ત્યાંની સ્ત્રીઓએ બતાવી આપ્યું છે કે નશાબંધી એટલે માત્ર કાગળ ઉપરનો કાયદો રહેતો નથી એ ગામડાઓમાં નશાખોરીના દૂષણો સામે મોટા પાયે વિરોધ દેખાવો યોજાતા રહે છે. નશાબંધી થઈ ન હતી, ત્યારે એવા દેખાવકારો ઉપર દારૂના પીઠાવાળાએ રોકેલા ગુંડાઓ ત્રાસ ભારે ગુજારતા. નશાબંધીનો કાયદો અમલી બન્યા પછી ઘણા ગામડામાં મહિલામંડળો રચાયા. એમનું મુખ્ય કામ એ કાયદાઓનું ખરેખર પાલન થાય એ જોવાનું હતું. શરાબી લોકોની સ્ત્રીઓ અને બાળકો ખુદ એમની સામેના સત્યાગ્રહોમાં જોડાવા લાગ્યા. અને ઘરમાં પણ વિરોધનો વંટોળ કાયમ ફૂંકાવા લાગ્યો. કેટલાક ઉત્સાહી સત્યાગ્રહીઓએ ગેરકાયદે ચાલતી ભઠ્ઠીઓ ઉપર ઓચિંતા હુમલો કરી ગાળેલા દારૂના અસંખ્ય ડબ્બાઓનો નાશ કર્યો. સ્ત્રીઓ બહારથી આવતી બસગાડીઓ અને ખટારાઓ અધવચ્ચે અટકાવી ચોરી છૂપીથી લવાતા શરાબ માટે વાહનોની જડતી લેવા લાગી.

એવો શરાબ હાથ લાગે ત્યારે ગુનેગારોને પકડી સ્થાનિક પોલિસ થાણા ઉપર લઈ જવામાં આવતા એટલું જ નહિ દારૂના ઠેકેદારો તથા એમના મળતિયા વિરૂધ્ધના ખાટલામાં સાક્ષી તરીકે જિલ્લાની અદાલતોમાં હાજર રહેવાની એ ગામડિયણ પહાડી અભણ સ્ત્રીઓએ તૈયારી બતાવી.

**શરૂઆત :**

આ ઝૂંબેશની શરૂઆત બે દાયકા પહેલા ૧૯૬૧ થી થઈ ગણાય. ત્યારે ગઢવાલ વિસ્તારમાં ઝડપથી ફેલાતી નશાખોરી જોઈ ટિહરી ગામના સર્વોદય અને કોંગ્રેસી કાર્યકરોને ચિંતા થવા લાગી. છેલ્લા થોડા દાયકાથી જંગલો કપાતા પહાડી લોકોના સૈકા જૂના ધંધા-રોજગાર નબળા પડતા ગઢવાલનું જીવન વધુને વધુ મુશ્કેલ અને યાતનાપૂર્ણ બનતું જતું હતું. એમાંથી કંઈક દિલાસો મેળવવા ગઢવાલીઓ દારૂ તરફ વળ્યા. ઘણાં ધંધા-રોજગારની ખોજમાં પહાડી વતન છોડી મેદાની પ્રદેશના શહેરોમાં જઈ વસવા લાગ્યા. જે કામયાબ ન થયા અને પાછળ રહી ગયા એમનામાં મોટા પાયે નશાખોરી ફેલાવા લાગી. પરિણામે ઘરમાં ને ખેતરમાં વધુ મહેનત કરવાની જવાબદારી સ્ત્રીઓને માથે વધવા લાગી. પીધેલી હાલતમાં પુરૂષોને હાથે મારપીટના પ્રસંગો પણ રોજીંદા બની ગયા. એ તો ઠીક પણ સ્ત્રીઓની કાળી મજૂરીની પરસેવાના કમાણી પુરૂષોના શરાબ પાછળ વેડફાવા લાગી. છોકરાઓનો પેટમાં ખાડો વણપૂરાયેલો રહેવા લાગ્યો. શરાબીઓના જૂથો વચ્ચે પણ એક યા બીજા કારણે મારામારી થવા લાગી. એક તો પહાડી રસ્તા અને કેડીઓ જોખમી હોય છે જ. એના ઉપર પીધેલી હાલતમાં જતા આવતા પુરૂષોને અકસ્માત થવાના પ્રસંગો પણ વધતા ગયા.

**ગઢવાલ કુમાઉંમાં સંપૂર્ણ બંધીની માંગ :**

આમ ગઢવાલી ગામડાંમાં ઘસાતા જતા સામાજિક આર્થિક પોત માટે નશાખોરી એક ભારે મોટું અને ભારે વિનાશક જોખમ બની ગઈ. શરૂઆતમાં સમાજ સેવકોએ દારૂના દૂષણને ડામવાનો

સંદેશ ઘેર ઘેર પહોચાડવા પ્રભાત ફેરીઓ યોજવાના કાર્યક્રમો ઉપાડયા. નશાખોરી વિરુધ્ધ પ્રવચનો વાર્તાલાપ ગીતો વગેરે રજૂ થતા ગામડાની આ ઝૂંબેશ ટિહરી સુધી પહોંચી અને ગામની મહિલાઓએ ઉમળકાભેર એમા ઝંપલાવ્યુ. મોટેભાગે પોતે ભલા પોતાનુ ઘર ભલુ. એ માનીને ચાલનાર સ્ત્રીઓને ઘર બહાર આવવાની પ્રેરણા એક માત્ર આ ઝૂંબેશ જ આપી. એમણે દારૂના પીઠા સમક્ષ દેખાવો અને પિકેટીંગો વગેરેમા ભાગ લેવા માંડયા. પરિણામે સત્તાવાળાઓએ દુકાનો બજારથી દૂર ટિહરી બ્રિજની સામે પાર લઇ જવાનુ કબુલ કર્યુ.

નશાખોરી સામે લોકઝૂંબેશની આ સર્વપ્રથમ વિજય હતો. એને પગલે પગલે ગામની પાસેના બીજાં એક ગામડાની સ્ત્રીઓએ સંઘર્ષ ઉપાડયો, કારણ પૂલની સામે પાર ગયેલી દુકાનોએ ગામડાના શરાબીઓ માટે આશીર્વાદ બની બેઠી. આખરે દુકાનો સમૂળગી બંધ કરાવવાની ઝૂંબેશ શરુ થઇ અને એ રીતે ગઢવાલ તેમજ બાજુના કુમાઉ વિસ્તારોમા સંપૂર્ણ નશાબંધીની માગણી જોર પકડવા લાગી.

<u>ટિહરી ગામ :</u>

એ ઝૂંબેશ આગળ ધપાવવા ટિહરીના સામાજિક કાર્યકરો આસપાસના ગામડાઓમાં લાઉડ સ્પીકરો લઇ ધુમવા લાગ્યા. શરૂ શરૂમા તો આ વ્યાપક દૂષણ ડામવાની પોતાની શકિત વિષે મહિલાઓને શંકા હતી. એમા સંસ્કાર સામે બાથ ભીડવાની હોવાથી એમનામા ખચકાટ હતો. પણ ટિહરી ગામની વીરાંગનાઓ મળેલી સફળતાની વાત સાંભળીને ગામડાની એ સ્ત્રીઓમા પણ ઉત્સાહ પ્રગટયો. શરાબ સામે એમને સખ્ત વાંધો તો હતો જ. એ લાગણી ધીમે ધીમે ઉગ્ર બનતી ગઇ. એ ઝેરને કારણે એ ગામડામા કંઇ કેટલાય કુટુંબોનુ ધનોતપનોત નિકળી ગયુ હતુ.

ધીમે ધીમે ટિહરી આસપાસ પુરૂષોની નશાખોરીથી ત્રાસેલી મહિલાઓનો ઘેરો વધતો ગયો, ગામની વસતી એમને પક્ષે મેદાનમા ઉતરી અને આ જોઇ શરાબનો ઠેકેદાર અતે ગભરાયો. એણે સશસ્ત્ર પોલીસની મદદ મંગાવી. પણ પોલીસ આવવાથી દેખાવકારોને કંઇ

અસર થઇ નહિ. એમની ઝૂંબેશ તો શરૂઆતથી જ શાંતિપૂર્ણ હતી અને ઠેકેદારના ભાડૂતી કાંધીયાઓએ લોકોને ઘણી ચડામણી કરી જોઇ તો પણ એમની કારી ન ફાવી દેખાવકારો શાંત જ રહ્યા.

સત્તાવાળાઓએ એ ઝૂંબેશના ઘણા કાર્યકરોની ધરપકડ કરી પણ એથી તો ઝૂંબેશનું જોર વધ્યું. લોકોને જેમના પ્રત્યે ઊંડું માન હતું એ સામાજિક કાર્યકરોની ગિરફતારીને લીધે ઝૂંબેશ માટે સહાનુભૂતિ હોવા છતાં એનાથી હજી સુધી વેગળા રહેલા લોકોમાં પણ ગુસ્સાનું મોજું ફરી વળ્યું. એમણે પણ હવે ઝંપલાવ્યું. દેખાવો તથા પિકેટીંગમાં ભાગ લેવાની શરૂઆત કરી. ધરપકડોના વિરોધમાં ટિહરી બજારની બધી દુકાનો બંધ રહેવા લાગી. એક તરફ સત્તાવાળાઓની જોહુકમી પ્રત્યેનો રોષ વધતો ચાલ્યો તો બીજી તરફ બધી ઉશ્કેરણી પચાવી દેખાવકારો છેક સુધી શાંત રહ્યા. આ બધાની શરાબીઓ ઉપર પણ થવા લાગી એમણે ઝૂંબેશ ધપાવવા ફાળો સુધ્ધાં આપવાનું શરૂ કર્યું.

આખરે દેખાવકારોના ધીરજ, ખંત અને તાકાતનો વિજય થયો.

સરકારને એમની માંગણીઓ સ્વીકારવાની ફરજ પડી. ઉત્તરપ્રદેશના બીજા પહાડી સ્થળોએ અને ખાસ કરીને કાટદ્વાર ખાતે આવી ઝૂંબેશો ચાલી, પરંતુ ટિહરીની ઝૂંબેશ સૌથી મહત્વની છે. કારણ એ જાણે સમગ્ર સમાજની જનસાધારણની ઝૂંબેશ બની ગઇ હતી.

ટિહરી વિસ્તારમાં નશાખોરો સામેની ઉગ્ર લાગણીને કારણે નશાબંધી સરિયામ નિષ્ફળતામાંથી ઉગરી ગઇ. નશાબંધી કાયદાનો નોંધપાત્ર અમલ થાય તે પ્રત્યે ઘણા ગામડામાં ખુદ ત્યાંના લોકોએ જ ચાંપતી નજર રાખી સત્તાવાળાઓને મદદ કરી.

જો કે જૂના કાર્યકરોની ફરિયાદ છે કે નશાબંધીનો થવો જોઇએ તેટલો લાભ થયો નથી. કારણ અમલદારો અને પોલીસ કર્મચારીઓમાં ભારે ભ્રષ્ટાચાર વ્યાપેલો છે. વર્ષોથી દારૂના વેપારીઓએ લોકોને બાંધેલો હપ્તો ચૂકવે છે. નશાબંધી લાગુ

થયા પછી ગેરકાયદે વેચાણ અને દાણચોરીની એ લોકો ટેકો આપી પોતાનો ભાગ મેળવી લેવા હોવાનું કહેવાય છે. કાયદેસરના દારૂના પીઠા કરાવવા માટે એકવાર મોટા પાયે ઝૂંબેશ ચલાવવી શકાય છે, પણ છૂટાછવાયા સ્થળોએ ચોરી છૂપીથી થતા દારૂના વેચાણ સામે એમ ભરવું સહેલું નથી. તેમ કરતાં ટિહરી વિસ્તારના મોટાભાગના ગામડાઓમાં મહિલાઓએ આગળ પડતો ભાગ લઇ રચેલી નશાબંધી સમિતિઓ હજી પણ શરાબ પીનાર અને શરાબ વેચનારાઓને નાહિંમત બનાવવાનું કામ કરે છે જ.

## એ કલિને કાઢશે કોણ ? X :

હમણાં અવારનવાર છાપામાં છૂપો દારૂ ગાળવાની અને તેને પરિણામે માનવભોગની વાતો આવ્યા કરતી હોય છે. દારૂબંધી અંગે સરકારે જાતજાતનાં પોસ્ટર તૈયાર કરાવ્યાં. વાહનવ્યવહારની બસોમાં કે જાહેર સ્થળોએ તેની જાહેરાત કરાવી. એથી ગુજરાતને ગામડે ગામડેથી દારૂના દૈત્યને જાકારો મળી ગયો છે એમ અજાણ્યાને - વાચકને લાગે. પણ હકીકત શું છે તે સૌ જાણે છે. માનવના અંતરને જ્યાં સુધી <u>દારૂ છોડવાની તાલાવેલી ન લાગે ત્યાં સુધી એ આપણામાં નળરાજાના કળિયુગની જેમ છુપાઇને રહેવાનો જ.</u>

## આ કામ સંતો સારી રીતે કરી શકે:

મુનિશ્રી સંતબાલજી સુરત જિલ્લાનો વિહાર કરી રહ્યા હતા. આ જ દિવસોમાં ગુજરાત નશાબંધી મંડળની સ્થાપના થયેલી. જુગતરામભાઇ એના પ્રમુખ હતા. આદિવાસી પ્રજાને વ્યસન મુક્ત કરવા ખાસ કરીને દારૂમાંથી એમના મનમાં ભારે ચિંતા હતી. સંતબાલજીને એમણે વાત કરી કે, આ જિલ્લામાં દારૂનું મોટું અનિષ્ટ છે. તેથી હલકા પ્રકારનો અખાદ્ય ગોળનો વેપાર વધી ગયો હતો. હલકો ગોળ લાવી લોકો જાતે જ દારૂ બનાવી લેતા.

---

X લોકજીવન - એપ્રિલ - ૧૯૮૩

એમણે કહ્યુ : "આ પ્રજા શું કરી રહી છે, એ તો સમજી શકતી નથી, એટલે નશો છોડતી નથી. પરંતુ આપણો સમજુ વેપારી વર્ગ હલકો ગોળ લાવી આ પ્રજા પતનનું કામ સહેલું બનાવી મૂકે છે. આપને માનનાર અહીંના વેપારી વર્ગ ઉપર જો આપની અપીલની અસર થાય, અને હલકો ગોળ વેચવાનો બંધ થાય તો વ્યસન મુક્તિના કામમાં અમને મોટી સહાય મળે."

વ્યસન મુક્તિનું કામ તો સંતબાલજીનું અત્યંત પ્રિય. જયાં જયાં શુદ્ધિનું કામ હોય તેને તેઓ પોતાનું જ કામ ગણતા.

એ દિવસે મઠી ગામમાં રાત્રે એમણે ગામના મહાજનને હૃદયથી અપીલ કરી સમજાવ્યું :

"વેપારવણજ - વિનિમય - એ પણ એક સામાજિક ધર્મ છે. એને જે નીતિથી આચરે છે તે પોતાનો ધર્મ તો પાળે જ છે, પણ સમગ્ર સમાજને પવિત્ર રાખવામાં પણ ફાળો આપે છે. તેથી સમાજે એવા લોકોને મહાજન બનાવ્યા છે. આવા મહાજનો ગંદો, અખાદ્ય અને કેવળ દારૂ ગાળવામાં જ વપરાય એવો ગોળ કેમ વેચી શકે?

અને દારૂ ?

આપણે ત્યાં એકલો "દારૂ" બોલાતો નથી, પણ "દવાદારૂ" એમ બોલાય છે. મતલબ કે દારૂ એ દવા છે. એનો કેવળ દવા તરીકે જ ઉપયોગ થઇ શકે.

સંતબાલજી આજે એક જુદા જ પ્રકારની ભિક્ષા માગી રહ્યા હતા.

એમની અસર પહોંચી, સભામાંથી એક વેપારી ભાઇ ઉઠયા અને આવો ગોળ ન વેચવાની પ્રતિજ્ઞા જાહેર કરી.

જનમેદનીએ એમને (સંતબાલજીને) તાળીઓથી વધાવ્યા અને મુનિશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે ઇશ્વર એમની પ્રતિજ્ઞામાં બળ આપે અને ફરી પાછી અપીલ કરી : તમે મહાજનો છો, તમે સાચે રસ્તે જનારને દોરશો તો દોરવાશે અને પછી એક...બે....

વ્રણ... એક વેપારીઓ ઊભા થઇ થઇને પોતાની પ્રતિજ્ઞાઓ જાહેર કરવા લાગ્યા.

આની અસર એક પારસી બંધુ પર પણ થઇ. તે કંઇ વહેપાર નહોતા કરતા, પરંતુ ગોળ વહેવાનું કામ કરતા હતા. એમણે પણ જાહેરાત કરી કે, "અમારી ગાડીઓમાં આવો ગોળ અમે વહી નહીં જઇએ."

ત્યાં એક બીજા ભાઇ ઊભા થયા. એમણે કહ્યુ: હું ગોળમાંથી દારૂ બનાવી તે વેચવાનો વેપાર કરું છું. પરંતુ આજથી પ્રતિજ્ઞા કરૂં છું કે આવા દારૂનો વેપાર નહીં કરૂં."

એ રાત્રિનું દૃશ્ય અને સભાનું વાતાવરણ કંઇક અદ્‌ભૂત હતું. સંતબાલજીની ઝોળીમાં જનતાએ ઘણું આપ્યું. તેઓ અને જુગતરામભાઇ આથી બહુ રાજી થયા.

આપણા રચનાત્મક કેન્દ્રો જેવા આશ્રમો અને ત્યાં ચાલતું નઇ તાલીમ, ખાદી ગ્રામોદ્યોગો, હરિજન સેવા, સહકારી પ્રવૃત્તિ, આદિવાસી સેવા વગેરે જેવાં સુંદર કામો ચાલતાં હોવા છતાં દારૂની બદી જાણે આ બધાં કામોને ધોઇ નાખતી ન હોય તેમ લાગે છે. સંતબાલજીએ સુરત જિલ્લામાં પ્રવાસ ખેડીને પોતાના દરેક મુકામે હૃદયસ્પર્શી અપીલ કર્યા જ કરેલી અને જનતા, વેપારી વર્ગ, મહાજનો વગેરેએ એમની અપીલનો અનુકૂળ જવાબ આપેલો. તેનો સંતોષ વ્યકત કરતાં સંતબાલજીએ નોંધેલુ કે :

"સદભાગ્યે દારૂબંધીમાં સહકાર માગતાંવેંત મઢી ગામના વેપારી વર્ગે અખાદ્ય અને સડેલ ગોળ મંગાવવાનું, વેચવાનું અને વહેવાનું બંધ કરીને જે વાતની રૂડી પહેલ કરી છે, તે ઘણી મોટી આશા આપી જાય છે. મઢી, વ્યારા, નવાપુર, ચીંચપાડા, ખાનગાંવ, ખાંડબારા, રાયગઢ અને ખાપૂર – આમ લગભગ એકાદ માસના પ્રવાસમાં દરેક સ્થળે સુરત તથા પશ્ચિમ ખાનદેશમાં વેપારી વર્ગે જે સહકાર આપ્યો તે ધન્યવાદ માગી લે છે."

("વિશ્વવાત્સલ્ય" ૧૬-૨-'૫૮)

ગુજરાત સંતોની ભૂમિ છે. આજે પણ સંતોની કથામાં હજારોની સંખ્યામાં ભાવિકો જાય છે; પણ આવા દૃશ્યો ઓછા જોવા મળે છે. સંતબાલજીએ જે રીતે અપીલ કરી અને જવાબ મળ્યો તે રીતે સૌ સંતો હૃદયથી એક સાથે અપીલ કરે તો કલિની તાકાત નથી કે એ ટકી શકે. સંતો-મહંતો સિવાય આ કળિ રૂપી દારૂને કાઢશે કોણ ?

000000000000

---

સંદર્ભ સૂચિ


દારૂબંધી - હરીશ ર.યાદવ પરિચય પુસ્તિકા-૪૩૦ પરિચય ક્રમ સ.વાડીલાલ ડગલી

૧. દારૂબંધી કોઇ પણ ભોગે - કુમારપ્પા ભારતન નવજીવન કાર્યાલય અમદાવાદ-૧૪.

૨. સોશ્યલ પેથોલોજી - (સામાજિક રોગોનું શાસ્ત્ર) એડવિન. એમ. લેમર્ટ પાન.૩૩૮-૩૪૦

૩. દારૂબંધી - હરીશ ર,યાદવ પરિચય પુસ્તિકા -૪૩૦ પરિચય ટ્રસ્ટ - મુંબઇ
પ્રાપ્ત: નવજીવન કાર્યાલય અમદાવાદ.

૪. કલ્યાણ યાત્રા માસિક ગુજરાત નશાબંધી મંડળ, અમદાવાદ.


000000000

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ.

"નશાબંધી અને આદિવાસીઓ"

:પરિસંવાદ:

તા. ૨૩ અને ૨૪ જુલાઈ-૧૯૮૩.

## // આદિવાસીઓ અને મદ્યનિષેધ //

શ્રી ઘેલુભાઈ નાયક
અરૂણોદય, આહવા-૩૯૪૭૧૦, ડાંગ
તા. ૨૭/૬/૮૩ જા.નં. ૧૧૬૮/૮૩

ત્યારે પાંચેક વર્ષની ઉમર હતી. અમલસાડ બજારમાં અમારું ઘર હતું. સામે થોડાક છાપરાં હતાં. તેમાં કેટલાક હળપતિઓ રહેતા હતા. લગભગ રોજ એકાદ છાપરામાં રોકકળ અને મારપીટ અને અપશબ્દો સંભળાતા હતા. હું મારી બાને પૂછતો, "નાની, આ શું છે ? આ બધાં કેમ રહે, કકળે અને મારામારી કરે છે ?" તો બા જવાબ આપતી, "ભાઈ, ઘરમાં દારૂડિયો આવ્યો છે. તે બધાને મારપીટ કરે છે, ગાળાગાળી કરે છે. એનાં છોકરાંઓ બી ગયા છે. સ્ત્રી માર ખાઈ ખાઈને ભોંયે પડી છે. એમનાં ઘરમાં ખાવાનું કશું નહિ હોય." આવું મધરાત કે પાછલી રાત સુધી ચાલતું ત્યારે મને થતું, "નાની, આ લોકો દારૂ નહીં પીએ તો કેવું સારું ?" નાની જવાબ આપતી, "ભાઈ એને ખરાબ ટેવ પડી ગઈ છે, એ દારૂનો ગુલામ બન્યો છે, તું જો તો ખરો, પેલા પારસીનાં દારૂનાં પીઠામાં કેટલા બધા લોકો ભેગા થયા છે. બધા જ ગરીબ છે. મજૂરી કરે, પૈસા કમાય, પણ તે બધા જ દારૂમાં ખર્ચાયા કરે છે."

"નાની, આ દારૂનું પીઠું નહીં હોય તો ?" હું પૂછતો.

"તો તો બહુ સારું થાય, ભાઈ એ બધા સુખથી જીવી શકે." પૂ. બાનો આ જવાબ સાંભળીને મને થતું, "આ પીઠાં જ બંધ થવાં જોઈએ."

હવે તો અમલસાડનો એ ભાગ નવપલ્લવિત બની ગયો છે. પણ ત્યારે હાઇસ્કૂલની સામે, રસ્તાની બાજુ પર એક ખાડો હતો. ઠીક ઠીક ઉંડો ખાડો, મોટાં છોકરાંતો ડૂબી જાય, એટલું પાણી એ ખાડામાં ચોમાસામાં રહેતું હતું. એક દિવસ એ ખાડાની પાસે એક લાશ પડેલી જોઇ. લોકો ભેગા થતા હતા. એ હળપતિવાસનો એક રહેવાસી મંગો પાણીમાં ડૂબીને મરી ગયો હતો. ત્યારે મારી ઉંમર અગિયારેક વર્ષની હશે.

મેં નાનીને પૂછયું, "નાની, આ મંગો આટલાં પાણીમાં કેમ કરતા ડૂબી ગયો ?"

નાનીએ જવાબ આપ્યો, "ભાઇ, એ દારૂનાં પીઠામાં ગયો, એણે દારૂ પીધો, એને ચાલવાનું ભાન નહોતું. એ આ ખાડામાં પડયો. ડૂબી ગયો. જોને હવે, આ છોકરાં-છૈયા અને એની વહુ કેવી કળકળાટ કરે છે ? એ મંગાનું ઘર નંદવાઇ ગયું." અને થયું, " ગરીબોએ દારૂ પીવો જોઇએ નહિ, પણ એમની ટેવને ટાળવા માટે દારૂનું પીઠું તો બંધ થવું જ જોઇએ.

પંદરેક વર્ષની મારી ઉંમર હશે. કેટલાંક જણાને અમલસાડ સ્ટેશનના રસ્તા પર દોડતા જોયાં. મેં એક છોકરાને પૂછયું, "કેમ રે !, શું છે ? આ બધા કેમ દોડે છે ?" તેણે દોડતાં દોડતાં કહયું, "તું પણ ચાલ" અને હું યે દોડયો. મેં શું જોયું ? અમલસાડની જેલ કોટડીના કંપાઉન્ડમાં એક માણસ ઉભો હતો, તેની આંખ લાલઘૂમ હતી, કોઇ કોઇ વાર ગાળ દેતો હતો. તો કોઇ વાર હસી પડતો હતો. અમારામાંથી એક જુવાને પોલીસને પૂછયું, "આને કેમ પકડયો છે ?"

જવાબ મળયો, "એણે દારૂ પીને, એની પત્નીનું નાક છરીથી કાપી નાંખ્યું છે. બાઇ બીચારી ગરીબ છે. છ સાત છોકરાં છે."

અમારા જેવાઓને ત્યારે દયા આવી, "કરૂણા ઉભરાઇ" એમ તો આજે કહું છું, પણ તે ત્રીસેક વર્ષના મોઘાને દારૂના ઘેનમાં હજીએ બોલતો સાંભળી રહયો છું, " જલાલપોર જાયેગા, સુરત જાયેગા, સાબરમતી જાયેગા, નહીં તો જાન સે જાયેગા, લેકિન સા.... કા નાક તો કાટાને ?" ત્યારે મને થયું, "દારૂએ

મોઘાની બુદ્ધિ બગાડી, દારૂએ એને જેલમાં મોકલ્યો, એની પત્નીની વાત શી કરાય ? પણ પેલા બાળકોના ટળવળાટને હજીયે ભૂલી શકતો નથી. ત્યારે પણ થતું હતું, આજે પણ થાય છે કે, "દારૂએ ગરીબોને બેઆબરૂ કર્યાં છે. દારૂ દૂર થવો જોઈએ. દારૂનાં પીઠાં દૂર થવાં જોઈએ."

પછી તો સ્વરાજ્યનું આંદોલન આવ્યું. ૧૯૪૨ ની સાલ. મને પણ એ આંદોલનમાં જોડાવાની તક મળી. નવસારીની સબજેલમાં, સુરતની સબ જેલમાં અને સાબરમતીની સેન્ટ્રલ જેલમાં થોડો થોડો સમય રહેવાનું થયું. એ બધી જેલોમાં દારૂ પીધા પછી નાના મોટા ગુના કરીને આવનારા લોકો જોવાના મળ્યા. સાબરમતીની જેલમાં ઘણા ગુનેગાર કેદીઓ સાથે દોસ્તી થઈ. "મકાભાઇ, તમે જેલમાં કેમ આવ્યા ? કેટલી સજા થઇ છે તમને?" હું પૂછતો.

મકાભાઈ જવાબ આપે, "ભાઈ, હું ગાંડો બની ગયેલો. મે દારૂ પીધેલો, મને ભાન રહ્યું નહોતું. એ દશામાં મે મારા ભાઈનું કુહાડીથી ખૂન કર્યું. વીસ વરસની સજા થઇ છે."

મે પૂછ્યું, "કેટલાં વરસની જેલ ભોગવી ? "

જવાબ મળ્યો, " આઠ વર્ષ, હજી બાર વર્ષ બાકી છે."

"તમારે ઘેરે તો ખૂબ આપદા પડતી હશે" મે પૂછ્યું.

"આપદા તો પડતી જ હશેને ? પણ શું થાય ?

એવો જવાબ મળ્યો. જેલમાં પૂ. શ્રી રવિશંકર મહારાજ, પૂ. જુગતરામભાઈ દવે તથા પૂ. બબલભાઈ મહેતા પાસે પણ એમના પોતાનાં સેવાકાર્યમાં દારૂબંધી ગરીબો માટે કેટલી બધી આશિષ સમી છે તે પણ સાંભળવાનું મળ્યું. એમણે પણ દારૂની વ્યાપક અસર ગરીબો માટે કેવી ઘાતક છે તે વાતો કરી.

જેલમાંથી નીકળ્યા બાદ ઉનાઈ વાંસદનાં જંગલોમાં ચાલતાં દારૂનાં પીઠાં જોયાં. એમાં પણ કપડા વેચીને, અનાજ વેચીને, દારૂ પીને કાદવ કિચડ અને સાંસારિક દુઃખોમાં સડતાં આદિવાસી કુટુંબોને જોતો ગયો તેમ તેમ કેટલીકવાર અરેરાટી છૂટી, તો,

..

કેટલીકવાર દારૂબંધીનાં કામને જીવનકાર્ય બનાવવાની ઇચ્છા સ્ફુરવા લાગી.

ખરેખર, પેલું ગીત "દારૂએ ઊંધુ માર્યું દારૂડિયા, દારૂ તું છોડી છેને રે !" સાક્ષાત થતું જોવાનું મળ્યું. ઉનાઇમાં એક પારસી બાવા, દારૂનું પીઠું ચલાવે, તાડીનો ધમધોકાર વેપાર કરે. એમને મળવાનું થયું. મેં કેટલીક વાતો પ્રેમથી કહી, તો ઉત્તર મળ્યો; " આ સા..બુ..સ..કાંને સુધારવાનાં જ નથી, અને તમે સુધારો તોયે તે સુધરવાનાં નથી. એના કરતાં પીએ એટલું પીવા દો, એમાં જ સરકારને અમને અને તમને પણ મઝા છે, આરામ છે."

મેં પૂછયું, "કેમ ?"

તો કહે, "જુઓને, આ દારૂ છોડશે તો એ સુધરી જવાનાં, એમની ગીરવે લીધેલી લાડી, વાડી, બળદવાડી, એ લોકો માગશે, બીજી નવી નવી સગવડો માંગશે, શાળા માગશે, વહીવટ માંગશે, અને પછી તમને અને મને લૂંટીને ખાલી હાથે એમના પ્રદેશમાંથી કાઢી મૂકશે. એનાં કરતાં ખૂબ પીવા દો, પડી રહેવા દો, ઉદયાજ કરે કે દારૂનાં ઘેનમાં ઘોર્યાં કરે તો આપણે માટે કોઇ સવાલ ઉભા જ ન થાયને ?" આ બાવાની આ વાતે મને ઠીક ઠીક ચમકાવ્યો.

પછી તો આશ્રમજીવન શરૂ થયું. બિલીમોરાના સેવ્ય સેવક આશ્રમમાં રહીને આજુબાજુના વિસ્તારોમાં દારૂને કારણે થયેલી ગરીબોની બરબાદી જોઇ. સાચેજ દારૂએ આવા ગરીબ આદિવાસીઓનાં જીવન છિન્નભિન્ન કરી દીધાં છે.

કસ્તુરબા સેવાશ્રમ મરોલીમાં જવાનું થયું. ત્યાં તો પૂ. કાકા (કલ્યાણજી કાકા) અને પૂ. માયજી (મીઠુબહેન પીટીટ) મળ્યાં. પૂ. માયજીને તો પૂ. બાપુએ દારૂનાં પીઠાં પર પિકેટીંગ કરવાનું કામ સોંપેલું. એમની સાથે કલાકોના કલાકો બેસીને દારૂબંધી-પીઠાં-પિકેટીંગની વાતો સાંભળી, ત્યારે થયું, "હાવ, બાપુ, આપે કહયું હતું કે, "મને લાંબુ-ઉછળ સમય મળે, અને હું હિન્દુસ્તાનનો હાકેમ તેટલા સમય માટે થાઉં તો પહેલો કાયદો દારૂબંધીનો કરું." એ આપનો સત્ય-વિભૂષિત કેવો ધનુષ-ટંકાર હતો. કચ્છના આદિવાસીઓ અને હરિજનોમાં દારૂની બદીએ

..૫/-

વેરેલો વિનાશ જોઇને હૈયું રડી ઉઠયું. ભાગ્યેજ થોડાંક ઘરો એ બદીથી બચેલાં જોયા. ભજન-મંડળી, સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા લોકશિક્ષણનું કામ શરૂ કર્યું. ત્યારબાદ સને ૧૯૪૮ સુધીમાં તો ગુજરાતના બધા જિલ્લાઓમાં ફરતાનું થયું. જયાં જયાં જવાનું થયું ત્યાં ત્યાં દારૂબંધીના કાર્યક્રમોએ મને તથા લોકોને બળ આપ્યું, પ્રેરણા આપી.

આખરે ડાંગમાં ગયા, ત્યાં અમે જોયું. કેટલીક શાળા ? ફકત પાંચ ! કેટલાં છોકરાં ભણે ? આશરે માંડ માંડ ૨૦૦ ! અને દારૂનાં પીઠાં કેટલાં ? સોળ ! કેવાં ધમધોકાર ચાલે ! સવારથી તે મોડી રાત સુધી પીઠાં પર દારૂ લેનારાઓની લાંબી લાંબી હારમાળા, કોઇ કપડાં વેચીને દારૂ લે, તો કોઇ અનાજ વેચીને દારૂ ખરીદે, પીએ, ગાંડા થાય. મારફોડ કરે! ખૂન પણ થાય ! વ્યભિચારની તો વાતજ કેમ કરીએ ? ત્યારે અડતાલીસ હજાર ડાંગીઓની કુલ વસતિમાં અડતાલીસ લાખ રૂપિયાનો દારૂ પીવાતો હતો. માથાદીઠ સો રૂપિયાનો દારૂ પીવાય ! પછી પ્રજા બેઠી જ થાય નહિને ?

એ વખતે એક અધિકારીની મુલાકાતે, મેં આગળ ઉલ્લેખ કર્યો તે પારસી બાવાની યાદ આવી ! બસ, તેમનાજ શબ્દો, આ અધિકારીને મોંએ સાંભળવાના મળયા, "એમને પીને પડી રહેવા દો, ઉઠતા દેવાના જ નહિ, ઉઠશે તો શિક્ષણ માગશે, દારૂની બંધી માગશે, અમને જે કાંઇ ફુલપાંખડી મળે છે, તે મળતી બંધ થશે, એના કરતાં એમને સુવાજ દોને ? ૧૯૪૩-૪૪ માં પેલા પારસી બાવાએ કહયું, તેજ ૧૯૪૮-૪૯ માં પેલા અધિકારીએ કહયું.

એમ ફરતાં ફરતાં એક ગામની સભા થઇ તે તો આજે પણ યાદ આવે છે. ગામનું નામ કાલીબેલ. ત્યારે કાલીબેલમાં આપણો આશ્રમ શરૂ થયો નહોતો. અમે સ્વરાજની વાત કરી, ગાંધીજીની વાતો કહી. ગીતો ગવડાવ્યાં, સભાનું કામ શરૂ થવું. એક ડોસીમાં એકદમ ઉભા થયાં, બોલ્યાં, "ઉગા રહેજો-ગાંધીનો રાજ ડાંગમાંની આહા. સ્વરાજ ભી કઠ આહા ? અન હેર, માની પાઠ", શાંત રહેજો ડાંગમાં ગાંધીનું રાજ નથી. સ્વરાજ પણ કયાં છે? જો મારી પીઠ" એમ કહી ભરી સભામાં તે માજીએ પોતાનો બરડો ઉઘાડો કર્યો.

લાકડીના સોળથી બરડો ભરાઇ ગયેલો અને પછી માજી બોલ્યાં ; " સ્વરાજમાં આમની ઇસી દશા ? તુમના મુખરમ ગાંધી હવાં, કે મોરારજી હવા, તે પાસી માલા લી ચાલ, માંજ તે હારી ગોઠી કરલા. સાંગુલા, આંહાંવ, દારૂની દુકાન બંધ કરીને સવરાજ દાખવ. ખરાં સવરાજ તો તીંજ, જઠ દારૂની દુકાન બંધ ! દારૂબંધી પકકા કડક કાયદા ! અન આમનાં સારખાલા રાતશાળ કાઢી છિ. પોસાં-સાહલા શાળ કાઢી દે. હોળાંક કર, તાબડતોબ કર, દારૂ તો જાવલા જ પાહિજ. સ્વરાજમાં અમારીઆ દશા ? તમારો મુખી ગાંધી હોય કે મોરારજી હોય, તેની પાસે મને લઇ જા. હું જ તેની સાથે વાત કરીશ. કહેવાનો છું, દારૂની દુકાન બંધ કરીને સ્વરાજ બતાવ. ખરાં સ્વરાજમાં તો દારૂની બધી દુકાનો બંધ થવી જોઇએ. દારૂબંધીનો કાયદો કડક કર , અને અમારા જેવાં માટે રાતશાળા કાઢો, છોકરાંઓ માટે નિશાળ કાઢ, આટલું કર, તાબડતોબ કર, દારૂ તો જવોજ જોઇએ."

હું નિ:શંક બનીને કહું છું કે " આ ડોસીમાની વાતતો તરતજ અમલમાં મુકાવી જોઇએ. આ ડોસીમા સમગ્ર આદિવાસી ભાઇ-બહેનોનાં પ્રતિનિધિ ગણાય. દારૂબંધીની કડકાઇ કરવામાં લોકશિક્ષણ તો ખૂબ જરૂરીછે. પણ કાયદો તો કડક બનવો જોઇએ".

કોઇ કહેશે, " આ બધો છુપો દારૂ પીવાય અને ગળાય છે તેનું શું ? "

તેને માટે એટલો જ જવાબ, " જાગ્રત થઇએ, લોકશિક્ષણને દારૂબંધીના ક્ષેત્રે વિશાળ અને મજબૂત બનાવીએ, અને આમ ઘરેઘર ફરીને, જયાં દારૂની બદી છે ત્યાંથી તે દૂર કરીએ, બીજું શું ? ટીકા" તો ખૂબ થઇ, હવે "ટેકા"ની જરૂર છે.

ડાંગના છત્રીસ વર્ષના લોકસેવા કાર્યનું સિંહાવલોકન કરું તો દારૂએ જયાં જયાં વિનાશ કર્યો છે, ત્યાંના કેટલા બધાં દાખલાઓ મોજુદ છે ?અને જયાં જયાં દારૂબંધી સફળ થઇ છે તેવા સેંકડો કુટુંબો કેવાં સુખથી રહે છે તે જોઇએ, તો, દારૂ છૂટો કરનારા મહાનુભાવોને પણ સમજાય કે દારૂબંધીને સફળ કરવા માટે, ઢીલી નીતિ નહિ ચાલે.

અહીં એક નાના બાળકની વાત યાદ આવે છે.

અમે કેટલાક આદિવાસીઓ સાથે બેઠા હતા. તે બાળક પણ બધી વાતો સાંભળતો હતો. મેં તે બાળકને પૂછયું, " સોનુ, જો ને ? આ તારા ઘરના ખપાડામાં કાણું પડયું છે. શું કરીએ ? થોડીક ચીપોથી કાણું પૂરી દઈએ, કે, આખો ખપાડો જ કાઢી નાંખીએ ? "

બાળક જરા ચીડાયો, બોલ્યો, " ભાઈ, તું ગાંડો થયો છે? એ તો થોડીક ચીપથી કાણું જ પૂરવાનું હોય. આખો ખપાડો કાઢી નાંખવાનો તે હોય ? કમાલ છે તારી અક્કલને."

હું હસી પડયો. બધા હસી પડયા.

"એની વાત સાચી લાગે છે ?" એક જુવાને કહયું. "ભાઈ, આવી, આખા ખપાડાને કાઢી નાંખાવનાર માણસ તો ગાંડોજ કહેવાય, સોનુની વાત સાચી છે" કાળગુબહેન બોલ્યાં.

રહયા સહયા ધનજુભાઈ બોલી ઉઠયા, " ભાઈ, આવી વાત આપણાથી નહીં થાય. આમ કહીએ તો ગાંડાજ કહેવાઈએને ?"

મેં કહયું, " ના, ના. એમ નહીં પંચ નીમીએ, તે નક્કી કરીને કહે તેમ કરવું."

સૌ બુમ પાડી ઉઠયા, " આમાં પંચની શી જરૂર ?" ઉઘાડી વાત છે. ખપાડાનું કાણું ચાર ચીપ મારીને પૂરી દેવું જોઈએ. ખપાડો તે કોઈ કાઢી નાખતુ હશે ? "

મેં આઈઝેક ન્યુટનની વાત કરી, કહયું " મોટી બારીમાંથી મોટી બિલાડી પણ નીકળી શકે, અને નાની બિલાડી પણ નીકળી શકે. માટે બન્ને બિલાડી માટે એકજ બારી કબાટમાં હોવી જોઈએ." એ સામાન્ય સુથારની વાત સર આઈઝેક ન્યુટન જેવા મહાન વિજ્ઞાન-શાસ્ત્રીને સમજતાં વાર લાગી હતી, પણ પછી સમજાયું.

આપણે પણ વાટ જોવી પડશે કે શું ? સીધી સાદી વાત સમજવા માટે પંચની શી જરૂર ? "

આદિવાસી પ્રજા માટે મધનિષેધ વરદાનજ છે, એમ કહીએ.

+++++++
+++++++

[illegible]

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૧૪

પરિસંવાદ ૨૩,૨૪ જુલાઇ
૧૯૮૩

## નશાબંધી અને આદિવાસીઓ

-મૃદુલાબેન દેસાઇ
નશાબંધી મંડળ
ગુજરાત રાજય

ગાંધી સરદારના ગુજરાતમાં દારૂબંધીને હળવી કરવાની વાતો કરવી તે માત્ર શોચનીય જ નહીં, પરંતુ બિહામણી હકીકત છે. દેશ જેનાથી પાયમાલ થયો હતો તેવા દારૂના દૈત્યને દૂર કરવા દારૂબંધી નીતિને અગ્રતા આપવામાં આવી, ગુજરાતમાં આવી સુંદર નીતિના પરિણામ રૂપે લાખ્ખો કુટુંબોએ હાશનો દમ ખેંચ્યો છે. દેશના કરોડોની ''ગરીબી હટાવો'' ના નારા લગાવનારાઓ દારૂબંધીની નીતિને હળવી કરી ગરીબોને વધુ ગરીબ બનાવશે. ખાસ કરીને હરિજનો અને આદિવાસીઓ આર્થિક, સામાજિક, ધાર્મિક,અને નૈતિક રીતે અન્ય જાતિઓથી પછાત હોય છે. ગાંધીજીની પછાત જાતિઓ પ્રત્યેની કુંણી લાગણીથી અને તેમને આગળ ન આવવા દેનાર !દૈત્ય દારૂને નાથવાથી તેમનો પછાત સ્થિતિમાં ખૂબ સુધારો થયો છે.

દારૂ એ ભૂતકાળમાં ભારત દેશની જે પાયમાલી કરેલ છે તેને યાદ કરી વર્તમાન કાળમાં દારૂબંધીની નીતીથી જે ફાયદાઓ થયેલ છે, તેને લક્ષમાં લઈ ભવિષ્યના આદર્શ ભારતના નિર્માણ માટે દારૂબંધીને સખત બનાવવી તે પાયાની અને તાકીદેની જરૂરીયાત છે.

આદિવાસી હરિજન જાતીના કલ્યાણની વાતો કરનારાઓએ સમજી લેવાનો સમય હવે પાકી ગયો છે. કે દલિત જાતિઓનું કલ્યાણ દારૂબંધી હળવી કરવાથી થઈ ન શકે.

ગુજરાતમાં સૌથી પછાત એવા પંચમહાલ જીલ્લાના સૌથી છેવાડાનાં જે ગામો અને વિસ્તારમાં શિક્ષિત આદિવાસીઓનું સંગઠન કરી દારૂબંધી જેવી મૌલિક માનવ કલ્યાણની નીતી જે ગાંધીજીની અમુલ્ય ભેટ છે.તેને રાષ્ટ્રે સાચવીને આગળ વધારવી જોઇએ.

જયારે આપણને ગરીબોના કલ્યાણ માટેની લાગણી થાય ત્યારે કોઇક ગૂઢ શકિત આપણને દોરી રહી છે, ત્યારે આપણામાં ઉમદા ભાવનો ઉદય થાય છે. આપણે આપણી જાતથી અળગા થતા જોઇએ છે. અને તટસ્થ ભાવે આપણી જાતનું નિરીક્ષણ કરતા થઇએ છીએ.

જેમણે શરાબને છેલ્લી સલામ કરતાં દારૂડીયાઓને રસ્તે રખડતાં-ભટકતાં, બકવાદ કરતાં અને મગજમાંથી તમામ કાબુ ગુમાવી બેઠેલા જોયા હશે. તેમણે દારૂડીયાના બાલ બચ્ચાંને દુઃખી થતાં નજરોનજર જોયું હશે. આજે જ્યારે દારૂબંધીનું અનુકુળ વાતાવરણ ઉભું થયું છે ત્યારે જો તેમને ધારવામાં ઉભું કરવામાં જાય તો તેમનાં બાલબચ્ચાં અને તેમની સ્ત્રીઓ આજે હજારો, લાખોની સંખ્યામાં સમાજ ઉપર બોજારૂપ બની રહ્યાં છે. જેમાં જીવી શકશે.

આ અંધકાર પણ હદ બહાર ફેલાય અને તેથી પણ વધારે ભયંકર છે જ્યાં એ છે, અને જેને કરડે છે, તેનો હડકવા વધુ ભયંકર બની બધેજ વિનાશ ફેલાવે છે. ઘર, ગામ અને દેશને બરબાદ કરનાર જો કોઈ ભયંકર તત્વ હોય તો તે દારૂ જ છે.

આ દિવસથી પ્રજાનું અહિત કરનારી કેટલીક આગેવાન વ્યક્તિઓ તરફથી દારૂ, તાડી છૂટા કરવા માટેની પ્રવૃત્તિ જોરદાર બનાવવામાં આવી રહી છે. તે રાજ્યમાંથી આ દિવાસીમાં તેઓ વિસ્તારની કલ્યાણનું અહિત કરનારી પ્રવૃત્તિ છે.

વર્ષો જૂની આ વાત છે.

ડાયોજિનિસ નામે એક મહાન સંત થઈ ગયા હતા. એક દિવસ એક ઉમરાવ એમની પાસે આવ્યો અને તેણે શ્રી ડાયોજિનિસ સામે એક મોટી શીશી ધરીને કહ્યું કે આપને માટે આ ખાસ લઈ આવ્યો છું.

શ્રી ડાયોજિનિસે શીશી હાથમાં લઈને જોવા માંડી.

પેલો ઉમરાવ બોલ્યો બહુ ઉંચી જાતનો શરાબ છે. અમારા માટે ખાસ મંગાવ્યો છે, એમાંથી આપને માટે લઈ આવ્યો છું.

શ્રી ડાયોજિનિસે શીશી ઉપરનું બુચ કાઢી નાખ્યું, પેલા ઉમરાવને થયું કે તેઓ તેજ ટાઈમે શરાબ ચાખી જોશે અને એનાં વખાણ કરશે.

ત્યાં તો શ્રી ડાયોજિનિસે શીશી ઉંધી વાળી દીધી શરાબ જમીન ઉપર દડદડ પડવા લાગ્યો. આ જોઈને પેલો ઉમરાવ એમને અટકાવતાં બોલી ઉઠ્યો અરે... અરે આપ શું કરો છો. એકાએક આપને આવું ગાંડપણ કયાંથી સુઝયું. ડાયોજિનિસે કહ્યું કે એમાં શું થઈ ગયું ?

ઉમરાવે કહ્યું આપે આવો કીમતી શરાબને શા માટે ધુળમાં રેડી દીધો. આવો શરાબ મળવો મુશ્કેલ છે.

શ્રી ડાયોજિનિસ બોલ્યા, ભાઈ શરાબ પીને આપણાં કીમતીમાં કીમતી માનવ જીવનને ધૂળમાં રગદોળી દેવા કરતા એ શરાબને જ ધૂળભેગો કરી દેવામાં શું ખોટું છે.

ઉમરાવને એ સાંભળીને સાચું જ્ઞાન થયું તેણે શ્રી ડાયોજિનિસને નમન કરીને કહ્યું કે સંત પુરૂષ આપની વાત સાચી છે, હવેથી હું શરાબ નહી પીઉં. કિંમતી માનવજીવન આગળક કેટલાયે કીમતી શરાબ તુચ્છ જ છે.

મૃદુલાબેન એસ. દેસાઈ
સામાજીક કાર્યકર્તા.

---

ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ : ૩૮૦ ૦૧૪

નશાબંધી અને આદિવાસીઓ : પરિસંવાદ તા. ૨૩-૨૪ જુલાઈ ૧૯૮૩

- શ્રી રામભાઈ પે. પટેલ
પ્રમુખ
તાલુકા પંચાયત, વાંસદા

હાલ નશાબંધી અંગે ચાલતી વિવાદાસ્પદ વિચારધારાઓમાં નથી ઉતરતો છતાં નશાબંધીનો કાર્યક્રમ ભલે ધીમો હોય, પરંતુ આદિવાસીઓના ઉત્થાન માટે આ કાર્યક્રમ પાણપ્રશ્ન બરાબર હું સમજું છું.

સામાજિક, શૈક્ષણિક તથા આર્થિક રીતે તદ્દન પછાત એવા આદિવાસી સમાજના ઉત્કર્ષમાં નશાબંધીનું આગવું પ્રદાન છે. તે હકીકતોને સહજપણે સ્વીકારવી જ પડશે અને આ સમાજ આ નશાની બદીની નાગચુડમાંથી મુક્ત થશે તો જ તેનું ઉજ્વળ ભાવિ હશે એ નિઃશંક છે.

આ બાબતે સહજપણે ધ્યાન દોરવાની રજા લઉં છું.

(૧) નશાબંધી અપનાવવા આ સમાજને પ્રોત્સાહિત કરવા સરકાર તરફથી આગવો કાર્યક્રમ હાથ ધરવો જોઈએ. તેના ઉદાહરણ રૂપે જણાવું તો અમારા તાલુકામાં કણધા મુકામે યોજાયેલ નશાબંધી શિબિરમાં દારૂને તિલાંજલી આપનારાઓને સમાજ કલ્યાણ ખાતા તરફથી પૂરક રોજી માટે રૂ. ૭૫૦/-ની સહાય આપવામાં આવેલ છે. તેવી જ બીજી પ્રવૃત્તિઓ પણ હાથ ધરવી જોઈએ. જેથી તેઓ આ બદીમાંથી મુક્ત થઈ, ઉત્કર્ષ તરફ વળે.

(૨) કાયદા ઘડી આ વસ્તુને નિર્મૂળ કરવી એ શકય નથી. તેથી એ કાયદો દૂર કરતો એવું નથી. નિયંત્રણ જરૂરી છે. પરંતુ લોકોના માનસ પરિવર્તન માટે આ બાબતે ધાર્મિકતાને પણ માધ્યમ તરીકે લાવવું વધુ સરળ હશે એમ હું માનું છું.

...